પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૪ સોમવાર

૬ સફર હિજરી ૧૪૪૬ ● શ્રાવણ સુદ સાતમ સંવત ૨૦૮૦

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

ALVI HAJJ - UMRAH SERVICE
(M) 75740 94933, 88490 94933
ઈદેમિલાદ ઉમરાહ બુકિંગ ચાલુ હૈ.
ગ્યારવી શરીફ બગદાદ મેં ₹98,786/- (દિન-11)
ઈરાન-ઈરાક જીયારત સાથે ₹1,35,000/- (દિન-18)
ગ્યારવી સાથે ઉમરાહ સફર ₹1,75,786/- (દિન-27)
ઉમરાહ-ઈરાક-ઈરાન ₹1,95,786/- (દિન-31)
જીયારત ₹ 2,70,000 (દિન - 30)
શોપ નં. ૪૧૫, શીતલવર્ષા, જમાલપુર ચાર રસ્તા પાસે, અમદાવાદ.

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૫ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

# મધ્યપ્રદેશ : ASIએ વિજય સૂર્ય મંદિરને બીજ મંડળ મસ્જિદ તરીકે દર્શાવી; હિંદુ જૂથોનો વિરોધ ફરીથી સર્વેની માંગ

(એજન્સી) તા.૧૧

મધ્યપ્રદેશમાં મંદિર-મસ્જિદ વિવાદ વિદિશામાં નવા વિવાદ સાથે એક નવો વળાંક આવ્યો છે. એબીપી ન્યુઝના અહેવાલ મુજબ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)એ ૧૯૫૧ની ગેઝેટ સૂચનાના આધારે વિજય સૂર્ય મંદિરને બીજ મંડળ મસ્જિદ તરીકે દર્શાવી છે. તેનાથી હિન્દુ સંગઠનોમાં રોષ ફેલાયો છે. વિધાનસભ્ય મુકેશ ટંડનની આગેવાની હેઠળ વિજય મંદિર મુક્તિસેવા સમિતિના સભ્યોએ ASIના વર્ગીકરણ સામે સખત વાંધો દર્શાવતા જિલ્લા કલેક્ટરને અરજી આપી છે. ડીએમ અને એસપીને આપવામાં આવેલી અરજીમાં કેન્દ્ર સરકારને આ સ્થળનું પુનઃ સર્વેક્ષણ કરવા પણ કહેવામાં આવ્યું છે. ટંડને દાવો કર્યો હતો કે, અલગ જગ્યાઓ ફાળવવામાં આવ્યા બાદ હિંદુ-મુસ્લિમ સંઘર્ષ ઉકેલાઈ ગયો હતો અને તેમણે સૂચવ્યું હતું કે, મુસ્લિમ સમુદાય પણ આ મુદ્દે હિંદુઓની સ્થિતિને સમર્થન આપે છે. તેના જવાબમાં જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે,



તેમનો સંદેશાવ્યવહાર ASIના દસ્તાવેજો પર આધારિત હતો અને કહ્યું હતું કે, નાગ પંચમીની પરંપરાગત પ્રથાઓ અને જાહેર લાગણીઓનું સન્માન કરવામાં આવે છે. દાયકાઓથી હિન્દુ ભક્તો નાગ પંચમી દરમિયાન આ સ્થળની બહાર ધાર્મિક વિધિઓ કરે છે. પરિસરમાં પ્રવેશ અને પૂજા કરવાની મંજૂરી આપવા માટે કેટલીક સંસ્થાઓની વિનંતીઓથી જિલ્લા મેજિસ્ટ્રેટે વિનંતીઓ ASIને મોકલી હતી. ASIના પ્રતિભાવમાં ૧૯૫૧ના ગેઝેટ નોટિફિકેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ વિવાદ વધ્યો છે, કારણ કે, ASI દ્વારા બીજ મંડળ મસ્જિદ તરીકે આ સ્થળનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્થાનિક મુસ્લિમ નેતાઓ બીજ મંડળ ઈદગાહના ઐતિહાસિક મહત્ત્વ પર ભાર મૂકે છે. વિદિશામાં મુસ્લિમ સોસાયટીના કાર્યકારી પ્રમુખ ચૌધરી પરવેઝ અહેમદે જણાવ્યું કે, મુસ્લિમ સમુદાય લાંબા સમયથી બીજ મંડળ ઈદગાહ મસ્જિદમાં નમાઝ અદા કરી રહ્યો છે. અમે ૧૯૬૫ના કરાર પર અડગ છીએ, કારણ કે, આ મસ્જિદ સરકાર દ્વારા બનાવવામાં આવી હતી અને જમીન અમને સોંપવામાં આવેલી મિલકતમાંથી ખરીદવામાં આવી હતી. સ્થાનિક રહેવાસી આબિદ સિદ્દિકે કહ્યું હતું કે, જો અમે આ માળખું પરત કરીશું તો કરાર મુજબ તે ફક્ત મુસ્લિમોને જ પાછું આપવામાં આવશે.

CELEBRATING EXCELLENCE 34 years GT

## મ્યાનમારમાં ડ્રોન હુમલામાં ૨૦૦ રોહિંગ્યા, મોટાભાગના મુસ્લિમોના મૃત્યુ

(એજન્સી) બેંગકોક, તા.૧૧

જાણે આખી દુનિયામાં હિંસા અને યુદ્ધનો સમય ચાલી રહ્યો છે. રશિયા-યુક્રેન, ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુદ્ધની સાથે બાંગ્લાદેશમાં પણ હિંસા ફેલાઈ છે. હવે મ્યાનમારમાં પણ રોહિંગ્યા મુસ્લિમો પર હુમલા કરવામાં આવી રહ્યા છે, જેમાં અનેક લોકોના જીવ ગયા. શનિવારે રોહિંગ્યા મુસ્લિમોનું એક જૂથ દેશ છોડીને બાંગ્લાદેશ તરફ ભાગી રહ્યું હતું, ત્યારે તેમની બોટ પર ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો. આ ઘટનામાં લગભગ ૨૦૦ લોકોના જીવ ગયા હોવાની માહિતી મળી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, મ્યાનમારના રોહિંગ્યા મુસ્લિમો યુદ્ધથી બચવા માટે બાંગ્લાદેશ ભાગી રહ્યા હતા. નદી કિનારે લોકોના મૃતદેહો હજુ પણ પડ્યા છે. મરનારાઓમાં પુરુષોની સાથે મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. આ હુમલા બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે, જેમાં જોવા મળી રહ્યું છે કે, કાદવવાળા ખેતરમાં મૃતદેહોના ઢગલા પડ્યા હતા. તેમની સૂટકેસ અને બેકપેક તેમની આસપાસ વેરવિખેર હતા. ત્રણ લોકોએ કહ્યું કે,



૨૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે, તેણે ઓછામાં ઓછા ૭૦ મૃતદેહો જોયા છે. હિંસક વિરોધને કારણે હાલ બાંગ્લાદેશમાં ઘણી અશાંતિ છે, જો કે, તેમ છતાં મ્યાનમારના ઘણા રોહિંગ્યા મુસ્લિમો સરહદ પાર કરીને બાંગ્લાદેશ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા છે. મ્યાનમારથી ભાગી રહેલા રોહિંગ્યા મુસ્લિમોના આવા જ એક જૂથ પર સરહદ નજીક ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ ડ્રોન હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત લગભગ ૨૦૦ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. ન્યુઝ એજન્સી રોઈટર્સના રિપોર્ટ અનુસાર ચાર પ્રત્યક્ષદર્શીઓ, કાર્યકર્તાઓ અને એક રાજદ્વારીએ આ ડ્રોન હુમલાઓ વિશે જણાવ્યું, જેમાં બાંગ્લાદેશ સરહદ પાર કરવાની રાહ જોઈ રહેલા પરિવારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઘણા પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, હુમલા બાદ લોકો તેમના મૃતકો અને ઘાયલ સ્વજનોને ઓળખવા માટે મૃતદેહોના ઢગલા વચ્ચે ભટકી રહ્યા હતા. અહેવાલ મુજબ તાજેતરના અઠવાડિયામાં લશ્કરી જુન્ટા સૈનિકો અને બળવાખોરો વચ્ચેના સંઘર્ષ દરમિયાન રખાઈન રાજ્યમાં નાગરિકો પર આ હુમલો સૌથી ઘાતક હુમલો છે. રોઈટર્સે ત્રણ પ્રત્યક્ષદર્શીઓના હવાલાથી જણાવ્યું હતું કે, આની પાછળ અરાકાન આર્મીનો હાથ હતો, જો કે, જૂથે આ આરોપોને નકારી કાઢ્યા છે. મ્યાનમારની સેના અને મિલિશિયાએ એકબીજા પર હુમલાનો આરોપ લગાવ્યો છે. રિપોર્ટ અનુસાર ૩૫ વર્ષીય મોહમ્મદ ઈલ્યાસ નામના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, હુમલામાં તેની ગર્ભવતી પત્ની અને બે વર્ષની પુત્રી ઘાયલ થયા હતા અને બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. ઈલ્યાસે બાંગ્લાદેશના એક શરણાર્થી શિબિરમાંથી રોઈટર્સને જણાવ્યું હતું કે, જ્યારે ડ્રોને ભીડ પર હુમલો કરવાનું શરૂ કર્યું ત્યારે તે બીચ પર તેમની સાથે ઊભો હતો.

ઈલ્યાસે કહ્યું, મને ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. તે પોતાની જાતને બચાવવા માટે જમીન પર સૂઈ ગયો હતો અને જ્યારે તે જાગી ગયો ત્યારે તેણે જોયું કે તેની પત્ની અને પુત્રી ગંભીર રીતે ઘાયલ છે અને તેના અન્ય ઘણા સંબંધીઓ મૃત હાલતમાં પડ્યા છે.

## હિન્ડનબર્ગ વિરુદ્ધ અદાણી વિવાદ : વિપક્ષે SEBI અધ્યક્ષની ભૂમિકા અંગે સરકાર પર નિશાન સાધતા આકરા પ્રહારો કર્યા

(એજન્સી) તા.૧૧

યુએસ શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના ચેરપર્સન માધબી પુરી બુચ વિરુદ્ધ આરોપ લગાવ્યો છે કે, આ સેબીના વડા અને તેમના પતિએ બર્મુડા અને મોરેશિયસમાં ઓફશોર ફંડમાં હિસ્સો ધરાવે છે અને આ ઓફશોર કંપનીઓ અદાણીની




માધાબી બુચ સાથેના અદાણીના સંબંધો દર્શાવે છે. સેબીના વર્તમાન અધ્યક્ષ અને તેમના પતિ, ધવલ બુચ, વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવાતા સમાન જટિલ માળખામાં ઓફશોર બર્મુડા અને મોરિશિયસ ફંડ્સમાં પોતાનો હિસ્સો છૂપાવ્યો હતો. હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, તેના નિવેદનો વ્હિસલબ્લોઅર દ્વારા મેળવેલા દસ્તાવેજોના

**અમેરિકા સ્થિત શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે અદાણીના સંબંધમાં નવા આક્ષેપો કર્યા છે, વિરોધ પક્ષોના નેતાઓએ SEBI અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે, હિન્ડનબર્ગે તેના અહેવાલમાં દાવો કર્યો હતો કે, આ નવા આરોપો વ્હિસલબ્લોઅર દ્વારા પૂરા પાડવામાં આવેલા દસ્તાવેજો અને અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી તપાસ પર આધારિત છે**

કંપનીઓ સાથે સંબંધો ધરાવે છે. પુરી-બુચ દંપતી દ્વારા આ આરોપોનું ખંડન કરવામાં આવ્યું છે પરંતુ આ સમાચારે દેશમાં વ્યાપાર અને રાજકીય વાતાવરણમાં હલચલ મચાવી દીધી છે. હિન્ડનબર્ગના આરોપોને લઈને વિપક્ષીના રાજકીય નેતાઓ સરકાર સામે આકરા પ્રહારો કરી રહ્યા છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના જનરલ સેક્રેટરી જયરામ રમેશે આ ખુલાસાઓ પર સવાલ ઊઠાવતા લેટિન શબ્દસમૂહનો ઉપયોગ કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું કે, 'પોતાની રક્ષા કોણ કરશે' તે એવો સંકેત આપે છે કે, માર્કેટ રેગ્યુલેટર સેબી માટે પણ દેખરેખની જરૂર છે.

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, હિન્ડનબર્ગના આરોપો એ વાતનો પુરાવો છે કે, આ સરકાર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના ફાયદા માટે ચલાવવામાં આવી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પૂછ્યું કે, શું આ એજન્સીઓ અદાણી વિરુદ્ધ ફરિયાદ નોંધશે?

**હિન્ડનબર્ગે પોતાના અહેવાલમાં શું કહ્યું છે? :** ૧૦ ઓગસ્ટના રોજ આ ખુલાસા કર્યા પછી હિન્ડનબર્ગે તે જ દિવસે તેના તારણો પ્રકાશિત કર્યા હતા. હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, અમે અગાઉ ગંભીર નિયમનકારી હસ્તક્ષેપના જોખમ વિના સંચાલન ચાલુ રાખવાના અદાણીના સંપૂર્ણ વિશ્વાસની નોંધ લીધી હતી, જે સૂચવે છે કે, આ બાબત સેબીના ચેરપર્સન, આધારે કરવામાં આવ્યા હતા.

**સેબીના અધ્યક્ષે શું કહ્યું ? :** પુરી-બુચે હિન્ડનબર્ગના આરોપોને રદિયો આપતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. તેમણે કહ્યું કે, અમે અહેવાલમાં કરવામાં આવેલા પાયાવિહોણા આક્ષેપોને સખત રીતે નકારીએ છીએ. તે સત્યથી દૂર છે. અમારૂં જીવન અને નાણાકીય બાબતો એક ખુલ્લું પુસ્તક છે. જરૂરિયાત મુજબના તમામ ડિસ્ક્લોઝર વર્ષોથી સેબીને પહેલેથી જ આપવામાં આવ્યા છે. અમને અન્ય કોઈપણ અને તમામ નાણાકીય દસ્તાવેજો જાહેર કરવામાં કોઈ ખચકાટ નથી અને અમે સામાન્ય નાગરિકો હતા તે સમયગાળા સાથે સંબંધિત કોઈપણ દસ્તાવેજો દરેક સત્તાધિકારી જોઈ શકે છે, વધુમાં અમે સંપૂર્ણ પારદર્શિતા સાથે યોગ્ય સમયે વિગતવાર નિવેદન જારી કરીશું.

## હિન્ડનબર્ગ રિપોર્ટ 'દોષપૂર્ણ અને બદનામ કરવાના હેતુ માટે છે' : અદાણી જૂથે SEBIના અધ્યક્ષ સાથે વાણિજ્યિક સંબંધો હોવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

અદાણી જૂથે રવિવારે હિન્ડનબર્ગના તાજેતરના આરોપો નકારી કાઢ્યા હતા અને તેને તથ્યો વિના અને કાયદાની અવગણના સાથે વ્યક્તિગત નફાખોરી માટે પૂર્વ-નિર્ધારિત નિષ્કર્ષ માટે જાહેરમાં ઉપલબ્ધ માહિતીના દુર્ભાવનાપૂર્ણ ઉપયોગ અને છેડછાડ ગણાવ્યા છે. યુએસ શોર્ટ સેલર દ્વારા એવા આક્ષેપો કરવામાં આવ્યા છે કે,



હિન્ડનબર્ગ રિસર્ચે રવિવારે X પરની એક પોસ્ટમાં સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ અને તેમના પતિનો અદાણી મની સિફનિંગ કૌભાંડમાં સામેલ ઓફશોર ફંડ્સમાં હિસ્સો હોવાનો આરોપ મૂક્યો હતો. એક નિવેદનમાં માધબી પુરી બુચ અને ધવલબુચે કહ્યું કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, હિન્ડનબર્ગ રિસર્ચ જેની સામે સેબીએ એન્ફોર્સમેન્ટ કાર્યવાહી કરી છે અને કારણદર્શક નોટિસ જારી

**અદાણી જૂથે એક રિલીઝમાં જણાવ્યું હતું કે, અમે અદાણી ગ્રુપ વિરુદ્ધના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ, જે અમને બદનામ કરવા માટે ફરીથી એકવાર આવા દાવાઓ કરવામાં આવ્યા છે, આ પહેલાં પણ કરવામાં આવેલા આક્ષેપોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે, જે પાયાવિહોણા સાબિત થયા છે અને માનનીય સુપ્રીમ કોર્ટે જાન્યુઆરી ૨૦૨૪માં તે આરોપો ફગાવી દીધા છે**

સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ પોતે ઓફશોર એન્ટિટીઝ કેસ સામેલ છે. અદાણીએ કહ્યું છે કે, અમારૂ વિદેશી માળખું સંપૂર્ણ પારદર્શક છે અને તમામ સંબંધિત વિગતો જાહેર દસ્તાવેજોમાં નિયમિતપણે જાહેર કરવામાં આવે છે. અમે અદાણી ગ્રુપ સામેના આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ કે જે અમને બદનામ કરવા માટેના પ્રયાસો છે. આ પહેલાં પણ કરવામાં આવેલા આક્ષેપોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે, જે પાયાવિહોણા સાબિત થયા છે અને માનનીય સુપ્રીમ કોર્ટે જાન્યુઆરી ૨૦૨૪માં તે આરોપો ફગાવી દીધા છે. ભારતીય સિક્યોરિટીઝ કાયદાઓના અનેક ઉલ્લંઘનો માટે સ્કેનર હેઠળ બદનામ હિન્ડનબર્ગના આ આક્ષેપો ભારતીય કાયદાઓનો સંપૂર્ણ તિરસ્કાર છે. કેપિટલ માર્કેટ્સ રેગ્યુલેટર સેબીના ચેરમેન માધાબી પુરી બુચ અને તેમના પતિએ પણ યુએસ શોર્ટ-સેલર દ્વારા તેમની

**અદાણી જૂથે જણાવ્યું હતું કે, હિન્ડનબર્ગને ભારતીય સિક્યોરિટીઝ કાયદાના અનેક ઉલ્લંઘનો માટે જવાબદાર ગણવામાં આવતા અમેરિકી કંપની દ્વારા આ તાજેતરના આક્ષેપો બદનામ કરવાના હેતુઓ માટે છે**

સામે કરવામાં આવેલા આ આરોપોને 'પાયાવિહોણા આરોપો' કહીને નકારી કાઢ્યા છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે, તેમની નાણાકીય બાબતો 'ઓપન બૂક' છે. યુએસ શોર્ટ-સેલર કરી છે તેઓએ તેના જવાબમાં ચારિત્ર્યહનન કરવાનો પ્રયાસ કર્યો છે. પુરી-બુચે હિન્ડનબર્ગના આરોપોને રદિયો આપતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. તેમણે કહ્યું કે, અમે અહેવાલમાં કરવામાં આવેલા પાયાવિહોણા આક્ષેપોને સખત રીતે નકારીએ છીએ. તે સત્યથી દૂર છે. અમારૂ જીવન અને નાણાકીય બાબતો એક ખુલ્લુ પુસ્તક છે. જરૂરિયાત મુજબના તમામ ડિસ્ક્લોઝર વર્ષોથી સેબીને પહેલેથી જ આપવામાં આવ્યા છે. અમને અન્ય કોઈપણ અને તમામ નાણાકીય દસ્તાવેજો જાહેર કરવામાં કોઈ ખચકાટ નથી અને અમે સામાન્ય નાગરિકો હતા તે સમયગાળા સાથે સંબંધિત કોઈપણ દસ્તાવેજો દરેક સત્તાધિકારી જોઈ શકે છે, વધુમાં અમે સંપૂર્ણ પારદર્શિતા સાથે યોગ્ય સમયે વિગતવાર નિવેદન જારી કરીશું. બુચે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, અહેવાલમાં કરવામાં આવેલ આક્ષેપોમાં કોઈ સત્યતા નથી.

## ક્યા બાત હૈ ?!

હું તો જાત મહેનત કરીને ગુજરાન ચલાવવા માગતો'તો પણ લોકોએ ભીખ આપી આપીને મને કાયમ માટે ભીખારી બનાવી દીધો !




## હિન્ડનબર્ગના આરોપો પછી કોંગ્રેસે સરકારને કહ્યું : અદાણી ગ્રુપની તપાસમાં હિતોના સંઘર્ષને દૂર કરવા જોઈએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

હિન્ડનબર્ગ રિસર્ચે માર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન માધબી બુચ સામે નવો ખુલાસો શરૂ કર્યો હતો, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેણી અને તેના પતિએ અદાણી મની સિફનિંગ કૌભાંડમાં ઉપયોગમાં લેવાતા ઓફશોર ફંડ્સમાં હિસ્સો ધરાવે છે. એક બ્લોગપોસ્ટમાં હિન્ડનબર્ગે જણાવ્યું હતું કે, અદાણી પરના તેના નિંદાત્મક અહેવાલના ૧૮ મહિના પછી સેબીએ અદાણીના મોરેશિયસ અને ઓફશોર શેલ એન્ટિટીના કથિત તપાસમાં કોઈ રસ દાખવ્યો નથી. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, સેબી દ્વારા અદાણી મેગા કૌભાંડની તપાસ કરવામાં અનિચ્છા દેખાઈ આવે છે. તેમણે જણાવ્યું હતું કે, સમિતિએ નોંધ્યું હતું કે, ૨૦૧૮માં સેબીએ ૨૦૧૯માં વિદેશી ભંડોળની અંતિમ લાભદાયી માલિકી સંબંધિત રિપોર્ટિંગ આવશ્યકતાઓને સંપૂર્ણપણે કાઢી નાખી હતી. તેના હાથ બાંધી દેવામાં આવ્યા હતા. 'સિક્યોરિટીઝ માર્કેટ રેગ્યુલેટરને ગેરરીતિની શંકા છે અને આ દ્વિધાને કારણે સેબી વિશ્વભરમાં ખુલ્લી પડી ગઈ છે. તેણે ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ નિષ્ણાત સમિતિને કહ્યું કે, તે ૧૩ શંકાસ્પદ વ્યવહારોની તપાસ કરી રહી છે. તેમ છતાં આ તપાસમાં ક્યારેય પરિણામ આવ્યું નથી. હિન્ડનબર્ગ રિસર્ચના શનિવારના ઘટસ્ફોટ દર્શાવે છે કે, બુચ અને તેમના પતિએ એ જ બર્મુડા અને મોરેશિયસ સ્થિત ઓફશોર ફંડમાં રોકાણ કર્યું હતું જેમાં વિનોદ અદાણી અને તેમના નજીકના સહયોગીઓ ચાંગ ચુંગ-લિંગ અને નાસેર અલી શાહબાન અહલીએ કમાયેલા ભંડોળનું રોકાણ કર્યું હતું. આ ભંડોળનો ઉપયોગ સેબીના નિયમોનું ઉલ્લંઘન કરીને અદાણી ગ્રુપની કંપનીઓમાં મોટો હિસ્સો એકત્ર કરવા માટે પણ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. તે આઘાતજનક છે કે, આ જ ભંડોળમાં બુચનો નાણાકીય હિસ્સો છે. શેરબજારના નિયમનકારની ચેરપર્સન બન્યા પછી તરત જ ગૌતમ અદાણીની બુચ સાથેની ૨૦૨૨ની બે મીટિંગો નવા પ્રશ્નો ઊભા કરે છે. સરકારે અદાણીની સેબીની તપાસમાં તમામ



**સેબીના ચેરપર્સન માધબી બુચ વિરુદ્ધ યુએસ શોર્ટ-સેલર હિન્ડનબર્ગ રિસર્ચના આરોપોને પગલે કોંગ્રેસે શનિવારે કેન્દ્ર પાસે અદાણી જૂથની રેગ્યુલેટરની તપાસમાં તમામ હિતોના સંઘર્ષોને દૂર કરવા તાત્કાલિક ધોરણે કામગીરી કરવાની માંગ કરી હતી.**

હિતોના સંઘર્ષોને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. હકીકત એ છે કે, આ ગૂંચવણનો ઉકેલ માત્ર જેપીસી (સંયુક્ત સંસદીય સમિતિ) દ્વારા જ ઉકેલી શકાય છે. રમેશે નિર્ધારિત તારીખથી બે દિવસ પહેલાં સંસદને સ્થગિત કરવા પાછળનું કારણ પણ શંકાસ્પદ ગણાવ્યું હતું. તેમણે લખ્યું કે, સંસદ ૧૨મી ઓગસ્ટની સાંજ સુધી હતી એવું સૂચિત કરવામાં આવ્યું હતું. અચાનક ૯મી ઓગસ્ટની બપોરે જ તે મુલતવી રાખવામાં આવી હતી. હવે આપણે જાણીએ છીએ કે, આવું શા માટે છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં હિન્ડનબર્ગ રિસર્ચે અદાણી જૂથ પર ઓફશોર વેબનો ઉપયોગ કરીને કોર્પોરેટ ઈતિહાસના સૌથી મોટા કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો. જો કે, અદાણી સમૂહે આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. આ અહેવાલના પગલે અદાણી ગ્રુપના શેરના ભાવ ગગડી ગયા હતા અને તેની માર્કેટ વેલ્યુમાં ૧૫,૦૦૦ કરોડ ડૉલરથી વધુનો ઘટાડો થયો હતો. આ લિસ્ટેડ ૧૦ કંપનીઓમાંથી મોટાભાગની કંપનીઓએ આ નુકસાનની ભરપાઈ કરી લીધી છે. હિન્ડનબર્ગના અહેવાલ પછી સુપ્રીમ કોર્ટે બજાર નિયમનકાર સેબીને તેની તપાસ પૂર્ણ કરવા અને નિયમનકારી ક્ષતિઓ જોવા માટે એક અલગ નિષ્ણાત પેનલની રચના કરવા જણાવ્યું હતું. પેનલે અદાણી મુદ્દે કોઈ પ્રતિકૂળ અહેવાલ આપ્યો ન હતો અને સર્વોચ્ચ અદાલતે પણ જણાવ્યું હતું કે, સેબી દ્વારા કરવામાં આવતી તપાસ સિવાય અન્ય કોઈ તપાસની જરૂર નથી.

સેબીએ ગયા વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત પેનલને જણાવ્યું હતું કે, તે ૧૩ અપારદર્શક ઓફશોર એન્ટિટીની તપાસ કરી રહી છે જે સમૂહના જાહેરમાં ટ્રેડેડ પાંચ શેરોમાં ૧૪ ટકા અને ૨૦ ટકા વચ્ચે છે. બે અધૂરી ચકાસણી ત્યારથી પૂર્ણ થઈ ગઈ છે કે કેમ તે તેણે જણાવ્યું નથી. હિન્ડનબર્ગે આક્ષેપ કર્યો હતો કે, વર્તમાન સેબીના અધ્યક્ષ અને તેમના પતિ ધવલ બુચે વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવાતા સમાન જટિલ માળખામાં મળી આવેલા ચોક્કસ જ ઓફશોર બર્મુડા અને મોરિશિયસ ફંડ્સમાં પોતાનો હિસ્સો છૂપાવ્યો હતો.

# છેલ્લા પાંચ વર્ષમાં અપાયેલી લોનમાંથી ૮૧.૩૦ ટકા લોનની વસૂલાત કરવામાં બેન્કો નિષ્ફળ : ખાસ રિપોર્ટ



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

છેલ્લાં પાંચ વર્ષમાં બેંકો રિકવરીનાં અનેક પગલાં વાપરવા છતાં, ૮૧.૩૦ ટકા ધિરાણ વસૂલવામાં નિષ્ફળ રહી છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ મુજબ, એક RTI અરજીમાં જાણવા મળ્યું છે કે, રાઈટ-ઓફમાંથી વસૂલાત ૧,૮૫,૨૪૧ કરોડ રૂપિયા, જે રાઈટ ઓફ લોનના માત્ર ૧૮ ટકા છે. છેલ્લા પાંચ વર્ષમાં બેંકોએ ૯.૯૦ લાખ કરોડ રૂપિયા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા RTI અરજી હેઠળ આપવામાં આવેલ ડેટા દર્શાવે છે. રાઈટ ઓફ અન્યથા ભારતની અંદાજિત કુલ રાજકોષીય ખાધના ૫૯ ટકાને દૂર કરવા માટે પૂરતું હતું જે ૨૦૨૩-૨૦૨૪ માટે ૧૬.૫૩ લાખ કરોડ રૂપિયા હતી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાઈટ ઓફને કારણે શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકોના ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ રેશન (GNPA) માર્ચ ૨૦૨૪માં એડવાન્સિસના ૨.૮ ટકાના ઐતિહાસિક ૧૨-વર્ષના નીચા સ્તરે આવી ગયું છે. રાઈટ ઓફ કવાયતમાં જાહેર ક્ષેત્રની બેંકોનો મહત્તમ હિસ્સો ૬૩ ટકા હતો. મોટી રકમની લોન રાઈટ ઓફ કરવામાં આવી હોવા છતાં, RBIએ અત્યાર સુધી એવા ટોચના ઋણધારકોના નામ જાહેર કર્યા નથી જેમની લોન બેંકો દ્વારા રાઈટ ઓફ કરવામાં આવી હતી. જ્યારે મૂળ રકમના વ્યાજની ચુકવણી ૯૦ દિવસ સુધી બાકી રહે છે ત્યારે લોન NPA સ્થિતિ પ્રાપ્ત કરે છે.

# કોચીન એરપોર્ટ પર 'મારા બેગમાં બોમ્બ'ની મજાક કરવા પર એર ઈન્ડિયાના પ્રવાસીની ધરપકડ

(એજન્સી) તા.૧૧

કોચીન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રવિવારે સવારે એક વ્યક્તિ કોએક્સ-રે બેગેજ ઈન્સ્પેક્શન સિસ્ટમ ચેક પોઈન્ટ પર CISF અધિકારીને 'ખતરનાક ટિપ્પણી' કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી. પ્રવાસીની ઓળખ ૪૨ વર્ષીય મનોજ કુમાર તરીકે થઈ છે, જે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI ૬૮૨થી કોચીનથી મુંબઈ જવાની હતી.

કોચીન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફથી જારી એક પ્રેસ વિજ્ઞાપનમાં જણાવવામાં આવ્યું છે કે વિમાન પર ચઢતા પહેલા સુરક્ષા તપાસ દરમ્યાન કુમારે CISF અધિકારીને પૂછ્યું કે, "શું મારા બેગમાં કોઈ બોમ્બ છે ?" મનોજના આ નિવેદને અધિકારીઓને સતર્ક કરી દીધા અને એરપોર્ટની સુરક્ષા ટીમને તાત્કાલિક કાર્યવાહી કરવા માટે પ્રેરિત કરી.

નિવેદન પછી બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા પ્રવાસીની કોચીન અને ચેક કરવામાં આવેલા બેગેજની ગંભીર તપાસ કરી. જો કે જરૂરી તપાસ પૂરી કર્યા પછી તેમની બેગમાં કોઈ બોમ્બ મળ્યો નહીં પછી કુમારને આગળની તપાસ માટે સ્થાનિક પોલીસને સોંપી દીધો.

થોડાક દિવસ પહેલાં વધુ એક ઘટનામાં કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્રવાસીએ બોમ્બની ખોટી ધમકી આપી હતી. જેના કારણે થાઈલેન્ડ જતી ફ્લાઈટને અનેક કલાકો સુધી રોકી દેવામાં આવી હતી. આ ઘટના ૭ ઓગસ્ટે થઈ જ્યારે આરોપી સુરક્ષાથી પસાર થઈ રહ્યો હતો અને તેણે બોમ્બની ખોટી ધમકી આપી.

# મને મેસેજ કે કોલ ન કરતા : એનસીપી સાંસદ સુપ્રિયા સૂલેનો ફોન અને વોટ્સએપ હેક થયાનો દાવો

(એજન્સી) તા.૧૧

સાયબર ક્રાઈમની ઘટનાઓ સતત વધી છે ત્યારે સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ રાજકારણીઓ પણ તેનો શિકાર બની રહ્યા છે. હાલમાં જ બારામતીના સાંસદ તેમ જ શરદ પવારના પુત્રી સુપ્રિયા સૂલેનું વોટ્સએપ હેક થઈ ગયું હતું. પોતાનું વોટ્સએપ હેક થયું હોવાની માહિતી પોતે સુપ્રિયા સુળેએ લોકોને આપી હતી તેમ જ તેમણે લોકોને ફોન કે મેસેજ ન કરવા વિનંતી પણ કરી હતી. પોતે આ વિશે પોલીસમાં ફરિયાદ નોંધાવી હોઈ તે પોલીસના સંપર્કમાં હોવાનું સુપ્રિયા સૂલેએ જણાવ્યું હતું. સુપ્રિયા સૂલેએ પોતાનું વોટ્સએપ અને ફોન હેક થઈ ગયો હોવાની માહિતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (પહેલા ટ્વિટર) પર મૂકી હતી. આ મામલે પોલીસ પાસે સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું પણ સૂલેએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું. પોલીસે સુપ્રિયા સૂલેની ફરિયાદ નોંધીને તેમનો ફોન કઈ રીતે હેક થયો અને કોણે હેક કર્યો વગેરે તપાસ શરૂ કરી હતી. સુપ્રિયા સૂલે મહારાષ્ટ્રના કદાવર નેતાઓમાંના એક છે અને તેમના પિતા શરદ પવાર રાષ્ટ્રીય સ્તરના નેતા છે ત્યારે આટલી મહત્ત્વની વ્યક્તિ ફોન હેકીંગનો શિકાર બની શકે છે ત્યારે સાયબર સિક્યોરિટી અને ફોન હેકીંગ બાબતે સામાન્ય નાગરીકોએ વધુ સતર્ક રહેવાની જરૂર છે. મહારાષ્ટ્ર પોલીસ દ્વારા સાયબર ક્રાઈમથી બચવા માટે વિવિધ સૂચનાઓ બહાર પાડી છે જેનું પાલન કરવાથી લોકો સાયબર ક્રાઈમનો ભોગ બનતા બચી શકે છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સુપ્રિયા સૂલેએ પોતાના પિતરાઈ ભાઈ અજિત પવારના પત્ની સુનેત્રા પવારને હરાવ્યા હતા અને બારામતી વિસ્તારથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

# પાકિસ્તાની એક વ્યક્તિએ ધોરણ ૯ની પરીક્ષામાં નાપાસ થતાં બહેનની ગોળી મારી હત્યા કરી

(એજન્સી) તા.૧૧

પાકિસ્તાનના હુજરાહ શાહ મુકીમના અટારી રોડ વિસ્તારમાં એક ભાઈએ નવમા ધોરણની પરીક્ષામાં નાપાસ થનારી પોતાની બહેનની હત્યા કરી હતી. પ્રારંભિક અહેવાલો અનુસાર, ભાઈએ ગુસ્સામાં, તેની બહેનને એ જાણ્યા પછી ગોળી મારી દીધી કે તેની બહેનોમાં ૯માં ધોરણની પરીક્ષામાં નાપાસ થઈ ગઈ છે. સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે, નજીકના રહેવાસીઓ જેઓ તેની મદદ માટે દોડી આવ્યા હતા તેમના મરણિયા પ્રયાસો છતાં છોકરીને બચાવી શકાય નહોતી કેમ કે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગોળીબાર બાદ સ્થાનિક પોલીસને તાત્કાલિક એલર્ટ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચ્યા બાદ છોકરીનો મૃતદેહ શોધી કાઢ્યો અને તપાસ શરૂ કરી. પીડિતાની દુઃખી માતાએ નોંધાવેલી ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવામાં આવી હતી. જઘન્ય કૃત્ય આચર્યા બાદ ટૂંક સમયમાં જ ઘટનાસ્થળેથી ભાગી ગયેલા ભાઈને પકડવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

# UGC NET એડમિટ કાર્ડ ૨૦૨૪ લાઈવ : NTA UGC NET હોલ ટિકિટ ugcnet.nta.ac.in પર ટૂંક સમયમાં જારી થશે

(એજન્સી) તા.૧૧

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ પર UGC NET ૨૦૨૪ એડમિટ કાર્ડ રિલીઝ કરવા જઈ રહી છે. NTA UGC NET હોલ ટિકિટ NTA UGC NET ugcnet.nta.ac.inની સત્તાવાર વેબસાઈટ પરથી હાજર થયેલા તમામ ઉમેદવારો માટે ઉપલબ્ધ હશે. એડમિટ કાર્ડ જાહેર થયા બાદ તેની લિંક પણ અહીં ઉપલબ્ધ થશે.

UGC NET ૨૦૨૪ની પરીક્ષા ૨૧ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન CBT મોડમાં ૮૩ વિષયો માટે લેવામાં આવશે. પરીક્ષા બે પાળીમાં યોજાશે : પ્રથમ શિફ્ટ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી અને બીજી શિફ્ટ બપોરે ૩થી ૬ વાગ્યા સુધીની રહેશે.

NTAએ જણાવ્યું છે કે, પરીક્ષા કેન્દ્રના શહેર વિશેની માહિતી પરીક્ષાના ૧૦ દિવસ પહેલા NTAની વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવશે.

(i) 'જુનિયર રિસર્ચ ફેલોશિપનો પુરસ્કાર અને મદદનીશ પ્રોફેસર તરીકે નિમણૂક' માટે UGC-NET જૂન, (ii) 'સહાયક પ્રોફેસર તરીકે નિમણૂક અને પીએચડીમાં પ્રવેશ' અને (iii) 'ફક્ત પીએચડીમાં પ્રવેશ' ૨૦૨૪માં આયોજિત થશે.

એડમિટ કાર્ડ, પરીક્ષા શહેરની સીધી લિંક અને અન્ય વિગતો વિશે નવીનતમ અપડેટ્સ માટે બ્લોગને અનુસરો.NTA વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ એડમિટ કાર્ડની પ્રિન્ટેડ કોપી.

પરીક્ષા દરમિયાન કેન્દ્ર પર હાજરી પત્રકમાં ચોક્કસ જગ્યાએ પેસ્ટ કરવાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.

કોઈપણ સત્તાવાર ફોટો ઓળખ કાર્ડ પાન કાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સ/પાસપોર્ટ/આધાર કાર્ડ (ફોટો સાથે) / આધાર). ફોટો ઓળખ કાર્ડ પરનું નામ એડમિટ કાર્ડ પર દર્શાવેલ નામ સાથે મેળ ખાતું હોવું જોઈએ.

# ભારતે પાકિસ્તાનથી બોધપાઠ લેવાની જરૂર નથી ખુર્શીદે ભાજપની વકફ બોર્ડની સરખામણીને પડકારી

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદ શુક્રવારે એક જાણીતી મીડિયા એજન્સી સાથેખાસ વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે વકફ અમારો મુદ્દો છે, પાકિસ્તાન વિશે વાત કરવી નકામી છે, શું આપણે પાકિસ્તાન પાસેથી બધું શીખીશું ? પાકિસ્તાને અમારી પાસેથી શીખવું જોઈએ. સલમાન ખુર્શીદે કહ્યું પાકિસ્તાનની વાત કેમ? શું આપણે પાકિસ્તાન પાસેથી બધું શીખીશું? પાકિસ્તાને આપણી પાસેથી શીખવું જોઈએ. શા માટે આપણે બીજા દેશ વિશે વાત કરવી જોઈએ ? ચાલો આપણા દેશની વાત કરીએ. શું આપણા વડીલો સમજી ગયા અને શું કર્યું ? અને, કોર્ટ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવે છે, ટ્રિબ્યુનલ એક પ્રકારની કોર્ટ છે. અમને કોર્ટ પર ભરોસો નથી, શું અમે



ખુલ્લેઆમ કહીએ કે અમે કલેક્ટર પર વિશ્વાસ કરીશું ? તેમણે કહ્યું કે હું લઘુમતી બાબતોનો મંત્રી પણ રહી ચુક્યો છું. મેં સુધારા પણ કર્યા. મારા દ્વારા કરાયેલા સુધારા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ૯૫નો કાયદો આટલા દિવસો સુધી ચાલ્યો અને સફળ રહ્યો. હવે તમે ફરીથી તેમાં કેટલાક ફેરફારો કરવા માંગો છો. તમે તે શા માટે કરી રહ્યા છો તેનો ડેટા આપો. લોકો તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે તેમ કહીને ટ્રિબ્યુનલ કહે છે કે લોકો તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ત્યાં આવું થાય છે, અમારે અન્ય કોઈ દેશ સાથે શું લેવાદેવા છે ? આપણે ધ્યાન આપવું જોઈએ કે ભારતમાં વસ્તુઓ કેવી છે. આજે આપણે વકફમાં દખલ કરીશું, કાલે મંદિરોમાં દખલ કરીશું, પછી ટ્રસ્ટોમાં દખલ કરીશું. પ્રશ્ન એ ઊભો થાય છે કે કઈ બાબતોમાં દખલ કરવામાં આવશે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટી (AAP)ના નેતા મનીષ સિસોદિયાએ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવવા પર કહ્યું કે, કોઈને પણ જામીન મળે છે, કોર્ટ સમજી વિચારીને આપે છે. જો કોર્ટે ૧૭ મહિના પછી જામીન આપ્યા હોય તો થોડી સમજણથી જ આપ્યા હશે. તમે ૧૭ મહિનામાં કેસ આગળ લઈ શક્યા નથી, ૧૭ મહિના વીતી ગયા અને ૧૭ મહિના વીતી જશે. આ કેસને બને તેટલી ઝડપથી આગળ વધારવાની જવાબદારી સરકારની છે. જ્યાં સુધી હું સમજું છું, કોર્ટે કહ્યું કે વિલંબમાં મનીષ સિસોદિયાનો કોઈ દોષ નથી. આ કારણોસર તેને જામીન મળી ગયા છે. જો કે, મનીષ સિસોદિયાને મંજૂર કરાયેલા આ જામીન તેમના પરના આરોપો સાચા છે કે ખોટા છે તે જણાવતા નથી. કેસનો વહેલી તકે નિર્ણય થઈ શકે તે માટે જામીન મંજૂર કરવામાં આવ્યા હતા.

# ભાજપમાં એક પણ મુસ્લિમ સાંસદ નથી વકફ સુધારા બિલ પર પવન ખેડાની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૧

જ્યારથી કેન્દ્ર સરકારે વકફ સંશોધન બિલ સંસદમાં રજૂ કર્યું છે ત્યારથી તેના ઈરાદા પર સવાલો ઉઠી રહ્યા છે. આ બિલને લઈને શાસક પક્ષ અને વિપક્ષ સતત એકબીજા પર શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે. હવે કોંગ્રેસના નેતા પવન ખેડાએ કહ્યું છે કે જેમની પાસે એક પણ મુસ્લિમ સાંસદ નથી તેઓ વકફ બોર્ડના નિયમો બનાવી રહ્યા છે. પવન ખેડાએ કહ્યું કે પહેલા તમે આ બાબતે ચર્ચા કરો. શાસક પક્ષ પાસે ન તો લોકસભામાં કોઈ મુસ્લિમ સાંસદ છે કે ન તો રાજ્યસભામાં કોઈ મુસ્લિમ સાંસદ છે. તેઓ કોઈની સાથે ચર્ચા કર્યા વગર વકફ બોર્ડના નિયમો બનાવી રહ્યા છે. આ કેવી રીતે શક્ય બની શકે ? પવન ખેડાએ કહ્યું કે તેમના એનડીએ સાથી ચંદ્ર બાબુ નાયડુ અને ચિરાગ પાસવાને તેનો વિરોધ કર્યો છે. પછી જઈને તેમને પૂછો કે તેઓ વિરોધ કેમ કરે છે ? કોંગ્રેસ નેતાએ કહ્યું કે હું ભાજપને સલાહ આપીશ કે મુખ્તાર અબ્બાસ નકવીને પૂછે કે તે આ બિલના પક્ષમાં છે કે તેની વિરૂદ્ધ. તેમને જવાબ મળશે. પવન ખેડાએ એસસી-એસટી અંગે કોંગ્રેસ પરના બસપા વડા માયાવતીના નિવેદન પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે લોકોનો માયાવતી પરથી વિશ્વાસ ઉઠી ગયો છે. હવે તેમની વાતને કોઈ ગંભીરતાથી લેતું નથી. કોંગ્રેસના નેતાએ કોલકાતામાં એક તાલીમાર્થી ડૉક્ટરની કથિત જાતીય સતામણી અને હત્યાના મામલાને ગંભીર મામલો ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે મૃતક ડોક્ટર ૩૬ કલાક સુધી પોતાની સેવાઓ આપી રહી હતી. પોતાને સુરક્ષિત રાખવા માટે તેમના માટે પૂરતી સુરક્ષા અને સુવિધાઓ નહોતી. આ ખૂબ જ ચિંતાનો વિષય છે. દેશના કોઈપણ ખૂણે આવી ઘટના બને તો સૌએ રાજકારણથી ઉપર ઉઠીને ચર્ચા કરવી જોઈએ કે સમાજમાં આ પ્રકારના ગુના કેમ વધી રહ્યા છે ?

### સોશિયલ મીડિયા પર ઘટના વાયરલ

# યુપીમાં લાંચ પેટે પાંચ કિલો બટાકા માંગનાર પોલીસ અંતે સસ્પેન્ડ

## આ મામલો સૌરિખ પોલીસ સ્ટેશનની હદમાં આવતી ભાવલપુર છાપુ પોલીસ ચોકીમાં બન્યો હતો

(એજન્સી) લખનૌ, તા.૧૧

ઉત્તરપ્રદેશમાંથી અવારનવાર એવા કિસ્સાઓ સાંભળવા મળે છે જેને સાંભળીને હસવું પણ આવી જાય અને ત્યાંના તંત્રની પોલ પટ્ટી પણ ખુલી જાય. તાજેતરનો મામલો પણ એવો જ છે. અહીં એક પોલીસ અધિકારીએ લાંચ માગવા માટે અનોખો રસ્તો અપનાવ્યો. મામલો કંઈક એવો છે કે લાંચ પેટે પૈસા માગવા માટે તેણે પૈસા શબ્દનો પ્રયોગ ન કર્યો પણ એની જગ્યાએ બટાકા શબ્દનો પ્રયોગ કર્યો. જ્યારે મામલાનો ખુલાસો થયો તો સૌ કોઈ ચોંકી ગયા અને પોલીસ અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવાયો. ખરેખર તો આ મામલો સૌરિખ પોલીસ સ્ટેશનની હદમાં આવતી ભાવલપુર છાપુ પોલીસ ચોકીમાં બન્યો હતો. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે બટાકા શબ્દનો પ્રયોગ લાંચ માટે કોડવર્ડ તરીકે પોલીસ અધિકારી દ્વારા ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી, જ્યારે પોલીસ અધિકારી રામક્રિપાલ સિંહનો કેસની પતાવટ કરવા માટે લાંચ માંગતો વીડિયો વાઈરલ થયો. કનૌજના એસ.પી. અમિતકુમાર આનંદને જ્યારે આ ઘટનાની જાણ થઈ તો તેમણે તાત્કાલિક એક્શન લેતાં પોલીસ અધિકારીને સસ્પેન્ડ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર ખેડૂતની પાસેથી પાંચ કિલોગ્રામ બટાકાની માંગ કરતો દેખાય છે. ત્યારે પીડિત વ્યક્તિ તેની આ માગને પૂરી કરવામાં અસમર્થ હતો.

મામલાની પતાવટ માટે પીડિત વ્યક્તિએ પોલીસ અધિકારીને અપીલ કરી હતી કે મારી પાસે ફક્ત બે કિલો બટાકા જ છે. ત્યારબાદ પીડિત ખેડૂત અને પોલીસ અધિકારી વચ્ચે ભાવ-તાલ થાય છે અને પોલીસ અધિકારી ૩ કિલો બટાકા લેવાની શરતે માની ગયો હતો. તમને જણાવી દઈએ કે અહીં વીડિયોમાં એક કિલો બટાકા એટલે એક હજાર રૂપિયાની વાત થઈ રહી હતી.

### પત્નીના ચોંકાવનારા ખુલાસા

# તે મને રોજ મારતો હતો, મેં તેને એક જ વારમાં મારી નાખ્યો !

## મારો પતિ ખૂબ જ ક્રૂર હતો, તે મને બહાર જવા નહોતો દેતો, રૂમમાં બંધ રાખતો અને મને ખૂબ મારતો હતો

(એજન્સી) શાહજહાંપુર, તા.૧૧

પત્નીએ તેની આપવિતી જણાવી છે. જેમાં પતિએ પત્ની પાસે ૩૦૦ રૂપિયા માગ્યા અને જ્યારે મેં ના પાડી તો તેણે લાકડી લીધી. એના કારણે મેં ગુસ્સે થઈને તેના પર ઈંટ વડે હુમલો કરી તેનું માથું ફાડી નાખ્યું. તે મને વારંવાર મારતો હતો, મેં તેને એક જ વારમાં મારી નાખ્યો હતો. મારા ગુસ્સામાં મેં શું કર્યું એ વિશે હું સંપૂર્ણપણે અજાણ હતી. હાલ પોલીસે આરોપી પત્નીને પૂછપરછ બાદ જેલમાં મોકલી આપી છે અને કેસની તપાસ હાથ ધરી છે. પૂછપરછ દરમિયાન પત્નીએ અગાઉ જણાવ્યું હતું કે પતિ વારંવાર નોન-વેજ માગતો જેથી ગુસ્સો આવ્યો અને હત્યા કરી દીધી હતી. પપ્પા ક્યારેક દારૂ પીતા હતા. ક્યારેક નોન-વેજ બનાવવાનું કહેતા. ત્યારે મા ના પાડતી હતી. માતાની પહેલાં સારવાર ચાલી રહી હતી, પરંતુ હવે તે એકદમ સ્વસ્થ છે. ક્યારેક તેનું મગજ ગરમ થઈ જતું. આવી ઘટના પહેલાં પણ એકવાર બની ચૂકી છે, પરંતુ એ ઘટના વિશે વધુ માહિતી નથી. પોલીસે આરોપી મહિલાની પૂછપરછ કરવામાં આવી છે. સ્થળ પરથી એક ઈંટ મળી આવી છે, જેનાથી મહિલાએ તેના પતિની હત્યા કરી હતી. આરોપી મહિલાને જેલમાં મોકલવામાં આવી છે. ત્યારે સંબંધોને તાર તાર કરતી ઘટનાઓમાં સતત વધારો આપણા બધા માટે ચિંતાનો વિષય છે.

# ઈઝરાયેલે મસ્જિદે અલ-અક્સાના ઈમામ પર ૬ મહિનાનો પ્રવેશ પ્રતિબંધ મૂક્યો



સાબરીને મસ્જિદ અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રવેશવા પર પ્રતિબંધ છે. ઈરાનની રાજધાની, તેહરાનમાં હમાસના વડા હનીયેહની હત્યા બાદ, સાબરીએ તેમના શબની ઉપસ્થિતિ વિના તેમના અંતિમ સંસ્કારની વિધિ કરી

**જેરૂસલેમના ઇમામ પર આ પ્રવેશ પ્રતિબંધ એટલા માટે મૂકવામાં આવ્યો છે કે, ઈમામે હમાસના રાજકીય બ્યુરો ચીફ ઇસ્માઇલ હાનિયાહની હત્યા બાદ તેમના શબની ઉપસ્થિતિ વિના દફનવિધિ કરી હતી અને ઉપદેશ આપ્યો હતો**

(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલી સત્તાવાળાઓએ અલ-અક્સા મસ્જિદના પૂર્વ ઈમામ શેખ એકરીમા સાબરી પર છ મહિનાનો પ્રવેશ પ્રતિબંધ મૂકી દીધો છે. જેરૂસલેમના જૂના શહેરમાં સ્થિત અલ અકસા મસ્જિદ એ ઈસ્લામનું ત્રીજું પવિત્ર સ્થળ છે. એક અહેવાલ મુજબ, ઈઝરાયેલ સત્તાવાળાઓએ ગુરૂવાર, ૮ ઓગસ્ટના રોજ આ પ્રતિબંધ જારી કર્યો હતો. જેરૂસલેમના ઈમામ પર આ પ્રવેશ પ્રતિબંધ એટલા માટે મૂકવામાં આવ્યો છે કે, ઈમામે હમાસના રાજકીય બ્યુરો ચીફ ઈસ્માઈલ હનીયેહની હત્યા બાદ તેમના શબની ઉપસ્થિતિ વિના તેમના અંતિમ સંસ્કારની વિધિ કરી હતી અને ઉપદેશ આપ્યો હતો.

તેમના બચાવ પક્ષના વકીલ ખાલેદ ઝબારકા દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી છે કે આ નિર્ણય સાથે શેખ હતી અને મસ્જિદમાં શુક્રવારની સામૂહિક નમાઝમાં ખુત્બા (ઉપદેશ) આપ્યો હતો. સાબરીએ શોક વ્યક્ત કર્યો હતો અને હનીયેને 'શહીદ' કહ્યાં હતા અને તેમણે કહ્યું કે જેરૂસલેમ અને તેની આસપાસના લોકો અલ-અક્સા મસ્જિદના મિમ્બર પરથી શહીદ હનીયેહ માટે શોક વ્યક્ત કરે છે. ત્યારબાદ ઈઝરાયલી કબજેદાર દળો આ ઈમામની ધરપકડ કરવા માટે તેના ઘરમાં ઘૂસી ગયા હતા. એક સંબંધીના જણાવ્યા અનુસાર તેઓ તેને તપાસ માટે 'અલ-માસ્કોબીહ' પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

૮૫ વર્ષીય ઈમામ સર્વોચ્ચ ઈસ્લામિક કાઉન્સિલના વર્તમાન વડા તરીકે પણ સેવા આપી રહ્યા છે, તેઓ ઈઝરાયેલની નીતિઓના કટ્ટર ટીકાકાર રહ્યા છે અને તેઓને મસ્જિદમાં તેમની ઍક્સેસ પર રોક અને પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો છે.

# ભારતની 'નકારાત્મક' રજૂઆત કરે છે એવી દલીલ સાથે NCERTએ ધોરણ-૧૨ના પાઠ્યપુસ્તકમાંથી ગઠબંધન સરકારો પરનું કાર્ટૂન દૂર કર્યું

**NCERT દસ્તાવેજ કહે છે કે, '૨૦૧૪ પછીની સ્થિતિને ધ્યાનમાં રાખીને' આ કાર્ટૂન દૂર કરવામાં આવ્યું છે, આ કાર્ટૂનમાં ૧૯૯૦ અને ૨૦૦૦ની વચ્ચેની દરેક ગઠબંધન સરકારના વડાપ્રધાનનું ચિત્ર રાખવામાં આવ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ આ વર્ષે તેના ધો.૧૨ના રાજકીય વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી એક રાજકીય કાર્ટૂન હટાવીને મહત્ત્વપૂર્ણ સંશોધન કર્યું છે જેમાં અટલ બિહારી બાજપેયીની આગેવાની હેઠળની સરકારો સહિત ભારતમાં ગઠબંધન સરકારોના પડકારો અને અનિશ્ચિતતાઓ દર્શાવવામાં આવી હતી. આ ગઠબંધન શાસન હેઠળ લોકશાહીના અસ્તિત્વ અને અસરકારકતા વિશે પ્રશ્નો ઊઠાવતા કાર્ટૂનને અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં લોકશાહી તરીકે ભારતની સફળતા પર ભાર મૂકતા ટેક્સ્ટ બોક્સ સાથે બદલવામાં આવ્યું છે.

NCERTએ પાઠ્યપુસ્તકોના તેના નવીનતમ સંસ્કરણમાં ઘણા ફેરફારો કર્યા છે, તેણે એક સત્તાવાર દસ્તાવેજમાં કહ્યું છે કે, તેણે આ રાજકીય કાર્ટૂનને દૂર કર્યું કારણ કે, તેણે ભારતને 'નકારાત્મક' દર્શાવતું હતું. સુધારેલા પાઠ્યપુસ્તકો હવે બજારમાં ઉપલબ્ધ છે અને શાળાઓમાં તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પુનરાવર્તન પાઠ્યપુસ્તકના આઠ પ્રકરણમાં કરવામાં આવ્યું હતું, જેનું શીર્ષક છે 'ભારતમાં રાજનીતિ અને સ્વતંત્રતા', જેમાં વિદ્યાર્થીઓ ૧૯૮૯ પછીની ભારતીય લોકશાહી પર ગઠબંધન યુગ-રાજકારણની અસરનો અભ્યાસ કરે છે.

ગયા વર્ષ સુધી 'ભારતીય રાજકારણમાં તાજેતરના વિકાસ' શીર્ષકવાળા આ વિશેષ પ્રકરણમાં એક આકર્ષક રાજકીય કાર્ટૂન દર્શાવવામાં આવ્યું હતું જેમાં ભારતના છ વડાપ્રધાનો દર્શાવવામાં આવ્યા હતા. તેમાં ૧૯૯૦ અને ૧૯૯૮ની વચ્ચેની દરેક ગઠબંધન સરકારના વડાપ્રધાનનું વ્યંગચિત્ર હતું, જેની શરૂઆત વી.પી. સિંઘની આગેવાની હેઠળની સરકાર જે ડિસેમ્બર ૧૯૮૯ અને નવેમ્બર ૧૯૯૦ વચ્ચે એક વર્ષથી પણ ઓછા સમય સુધી ચાલી હતી. છેલ્લા સ્કેચમાં વાજપેયીની આગેવાની હેઠળની ૨૦૦૦ સરકાર માટે સ્ટેન્ડ-ઈન તરીકે ભારતીય નકશાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પ્રશ્ન ઊઠાવ્યો હતો કે, શું ભારતમાં લોકશાહી ટકી રહેશે ?

કાર્ટૂનમાં ચંદ્રશેખરની આગેવાની હેઠળની લઘુમતી સરકારનો પણ સમાવેશ થાય છે, જે કોંગ્રેસના બહારના સમર્થનથી રચવામાં આવી હતી, જે નવેમ્બર ૧૯૯૦થી જૂન ૧૯૯૧ સુધી એક વર્ષથી ઓછા સમય સુધી ચાલી હતી. તે પછી પી.વી. નરસિમ્હા રાવની સરકાર જે ૧૯૯૬ સુધી પાંચ વર્ષ સુધી ટકી રહી. આ પછી એચ.ડી. દેવેગૌડા અને આઈ.કે. ગુજરાલની આગેવાની હેઠળ સતત બે સરકારો આવી, જેમાંથી કોઈપણ એક વર્ષ પણ ચાલી ન હતી. આ રાજકીય કાર્ટૂનમાં વાજપેયીના ૧૯૯૮થી ૨૦૦૦ સુધીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળને પણ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

દિલ્હીની સીબીએસઈ સંલગ્ન શાળાના રાજકીય વિજ્ઞાનના શિક્ષકે જણાવ્યું કે, આ કાર્ટૂન દ્વારા અમે વિદ્યાર્થીઓને નાજુક ગઠબંધન સરકારો હેઠળના વડાપ્રધાનોના ટૂંકા કાર્યકાળ અને દેશ કેવી રીતે રાજકીય રીતે અસ્થિર બની ગયો હતો તેનું ચિત્રણ કર્યું હતું. આ તે યુગ પણ હતો જ્યાં કોંગ્રેસ પોતાના દમ પર બહુમતી મેળવી શકી ન હતી અને પ્રાદેશિક પક્ષોનો ઉદય થયો હતો. વધુમાં આ કાર્ટૂન પર આધારિત, પાઠ્યપુસ્તકમાં બે વિદ્યાર્થીઓનું ઉદાહરણ સામેલ છે જે પ્રશ્ન કરે છે કે, શું લોકશાહી ટકી રહેશે અથવા અર્થપૂર્ણ રાજકીય પસંદગીઓ પ્રદાન કરશે. આ ઘટકોને પણ નવી આવૃત્તિમાંથી દૂર કરવામાં આવ્યા છે.

NCERTએ હવે કાર્ટૂનને એક બોક્સ સાથે બદલ્યું છે જેમાં લખ્યું છે, જેમ કે તમે ભારતની આઝાદીના સમયની આસપાસની વાત જાણો છો, અન્ય ઘણા દેશો પણ સ્વતંત્ર થયા અને લોકશાહી અપનાવી. જો કે, ભારત એક પરિપક્વ લોકશાહી તરીકે ઉભરી આવ્યું છે અને સામાજિક સમાનતા અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન આપવામાં મોટી ભૂમિકા ભજવે છે પણ અન્ય કેટલાક દેશોમાં આવું બન્યું નથી. તમારી વચ્ચે એવા પરિબળોની ચર્ચા કરો કે જેણે ભારતમાં લોકશાહી માટે સક્ષમ બનાવ્યું છે.

NCERTના અધિકારીઓએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી ગઠબંધન સરકારની રચના પહેલાં પાઠ્યપુસ્તકોમાં ફેરફારો કરવામાં આવ્યા હતા. એનસીઈઆરટીના ડિરેક્ટર દિનેશ પ્રસાદ સકલાનીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આ ફેરફાર અંગે ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. જો કે, દિલ્હી સ્થિત એક શાળામાં રાજકીય વિજ્ઞાનના અન્ય શિક્ષકે કહ્યું કે, આ કાર્ટૂન કદાચ આ પ્રશ્નના કારણે પડતું મૂકવામાં આવ્યું હશે કે, 'શું ભારતમાં લોકશાહી બચી જશે ?' કારણ કે, તે વર્તમાન રાજકીય સંદર્ભમાં અપ્રસ્તુત છે. આ પ્રશ્ન હવે અપ્રસ્તુત છે. કારણ કે, ૨૦૦૦ પછી સ્થિર ગઠબંધનની આગેવાનીવાળી સરકારો આવી છે. દેશે ૨૦૦૦ પછી વિવિધ વડાપ્રધાનો હેઠળ રાજકીય સ્થિરતા જોઈ છે. પાઠ્યપુસ્તકોમાં આ ફેરફારો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), ૨૦૨૦ હેઠળના નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક પર આધારિત સમગ્ર NCERT અભ્યાસક્રમને સુધારવાની કવાયતનો ભાગ નથી. NCERTએ NEP હેઠળ માત્ર ધો.૩ અને ૬ માટે નવા પાઠ્યપુસ્તકો બહાર પાડ્યા છે. તે હજુ પણ અન્ય વર્ગો માટે પાઠ્યપુસ્તકોના સુધારા માટે કામ કરી રહ્યું છે.

# કેન્દ્રએ સંસદમાં કાયદા દ્વારા SC/STના 'ક્રીમી લેયર'ના ચુકાદાને રદબાતલ કરવો જોઈએ : ખડગે

## ખડગેએ ભાજપ પર અનામત પ્રણાલીને ખતમ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો અને સુપ્રીમ કોર્ટના ક્રીમી લેયરના ચુકાદા સામે કાયદાકીય પગલાં લેવાની હાકલ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું છે કે સરકારે તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદાને રદ કરવા માટે સંસદમાં કાયદો લાવવો જોઈતો હતો. ખડગેએ જણાવ્યું હતું કે પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટના ચુકાદાના અન્ય પાસાઓ પર વિચારણા કરવામાં આવી રહી છે. આ મહિનાની શરૂઆતમાં, મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની સાત ન્યાયાધીશોની બેન્ચે ૬:૧ બહુમતી ચુકાદો આપ્યો હતો જેમાં રાજ્ય સરકારોને પ્રયોગમૂલક ડેટાના આધારે SC સૂચિમાં સમુદાયોને પેટા-વર્ગીકરણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બી આર ગવઈએ કહ્યું હતું કે રાજ્યોએ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વચ્ચે પણ ક્રીમી લેયરને ઓળખવા માટે નીતિ વિકસાવવી જોઈએ અને તેમને અનામતનો લાભ નકારી કાઢવો જોઈએ. ખડગેએ પત્રકારોને જણાવ્યું હતું કે, ક્રીમી લેયર લાવીને તમે કોને ફાયદો કરાવવા માંગો છો ? એક તરફ ક્રીમી લેયર (કન્સેપ્ટ) લાવીને તમે અસ્પૃશ્યોને નકારી રહ્યા છો અને હજારો વર્ષોથી વિશેષાધિકારો ભોગવનારાઓને લાભ આપી રહ્યા છો.

ક્રીમી લેયરનો આ મુદ્દો જે સાત જજો દ્વારા ઉઠાવવામાં આવ્યો છે તે દર્શાવે છે કે તેઓએ એસસી અને એસટી વિશે ગંભીરતાથી વિચાર્યું નથી. જ્યાં સુધી દેશમાં અસ્પૃશ્યતા છે ત્યાં સુધી આરક્ષણ હોવું જોઈએ અને રહેશે. અમે તેના માટે લડીશું.

કોંગ્રેસ અધ્યક્ષે ભાજપ પર અનામત ખતમ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, સરકારે જાહેર ક્ષેત્રની નોકરીઓનું ખાનગીકરણ કર્યું છે અને ત્યાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે, પરંતુ તેઓ ભરતી કરી રહ્યાં નથી. મને કોર્ટનો નિર્ણય આશ્ચર્યજનક લાગ્યો છે. જે લોકો વાસ્તવિક જીવનમાં અસ્પૃશ્યતાનો સામનો કરી રહ્યા છે અને ઉચ્ચ હોદ્દા પર પણ એસસી અને એસટી સાથે જોડાયેલા લોકો



ભેદભાવનો સામનો કરી રહ્યા છે. જો તેમની પાસે પૈસા હોય તો પણ તેઓ ભેદભાવનો સામનો કરે છે. હું એ અપીલ કરવા માંગુ છું કે તમામ લોકોએ એક થવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આ ચુકાદાને માન્યતા ન મળે. કોંગ્રેસ પેટા-વર્ગીકરણ સંબંધિત અન્ય બાબતો પર ચર્ચા કરી રહી છે અને વિવિધ રાજ્યોના બૌદ્ધિકો અને નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી આગળના પગલાં અંગે નિર્ણય લેશે. ખડગેએ કહ્યું કે, આ સરકાર થોડા કલાકોમાં બિલ તૈયાર કરે છે અને હવે ચુકાદાને લગભગ ૧૫ દિવસ થઈ ગયા છે. કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં બંધારણમાં આપવામાં આવેલ એસસી અને એસટી માટે અનામતના પેટા-વર્ગીકરણ પર સુપ્રીમ કોર્ટના ચુકાદા પર વિગતવાર ચર્ચા કરી હતી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટે વિચાર્યું છે કે NDA સરકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા આપવામાં આવેલી બંધારણની જોગવાઈઓ માટે નિશ્ચિતપણે પ્રતિબદ્ધ છે.

# 'અમે SC/ST માટે ક્રીમી લેયરની વિભાવનાની વિરુદ્ધ છીએ' : સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે કોંગ્રેસની પ્રથમ પ્રતિક્રિયા

## કોંગ્રેસ સમુદાયોના પેટા વર્ગીકરણના વિચારનો વિરોધ કરે છે

(એજન્સી) તા.૧૧

કોંગ્રેસે આજે સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પેટા-વર્ગીકરણ અંગેના સુપ્રીમ કોર્ટના ચુકાદા પર તેની પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા આપી હતી, અને પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે અમારો પક્ષ એસસી અને એસટી માટે ક્રીમી લેયર ખ્યાલ લાગુ કરવાનો વિરોધ કરે છે અને પક્ષ સમુદાયોના પેટા-વર્ગીકરણના વિચાર સાથે સહમત નથી.

ખડગેએ એક વિડિયો સંદેશમાં કહ્યું કે, અનુસૂચિત જાતિને બી.આર. આંબેડકર અને મહાત્મા ગાંધીના પ્રયાસો પછી ૧૯૩૨ના પૂના કરારના પરિણામે પ્રથમ વખત આરક્ષણ મળ્યું અને તે પછીથી તેને બંધારણીય માન્યતા મળી અને નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો અમલ પણ ગાંધી અને જવાહરલાલ નેહરુના યોગદાનને કારણે હતો.

એસસી અને એસટી માટે આરક્ષણમાં ક્રીમી લેયરની વિભાવના રજૂ કરવાના વિરોધમાં અવાજ ઉઠાવતા ખડગેએ કહ્યું કે સૌથી મહત્વની બાબત એ છે કે અનામતનો આધાર આ સમુદાયો માટે ક્યારેય કોઈ વ્યક્તિ અથવા સમુદાયનો આર્થિક વિકાસ ન હતો. પણ તેનો ઉદ્દેશ્ય આપણા સમાજમાં હજારો વર્ષોથી પ્રવર્તતી અસ્પૃશ્યતાને ખતમ કરવાનો છે. અને તે આપણા સમાજમાંથી નાબૂદ થયું નથી. દરરોજ આપણી સામે કેટલાય ઉદાહરણો આવી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે ૭૦ વર્ષ પછી પણ સરકારી સેવાઓમાં SC અને ST માટે આરક્ષિત મોટાભાગની જગ્યાઓ ખાલી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેના ક્વોટાની અંદરના ક્વોટાના વિચાર સાથે કોંગ્રેસના અસંમત છે અને તેમણે કહ્યું કે, ૭૦ વર્ષ પછી પણ, સરકારી નોકરીઓમાં, જ્યારે તમે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ભરતી જુઓ છો, ત્યારે તમે જોઈ શકો છો કે હાલની ખાલી જગ્યાઓ પણ ભરવામાં આવી રહી નથી અને મોટાભાગની જગ્યાઓ ખાલી છે. તેનો અર્થ એ છે કે આ સમુદાયના લોકો આ જગ્યાઓ ભરવામાં અસમર્થ છે. તેઓ હજુ પણ સામાન્ય વર્ગના લોકો સાથે સ્પર્ધા કરવામાં અસમર્થ છે.


તેમણે સંસદના હાલમાં જ પૂરા થયેલા બજેટ સત્ર દરમિયાન આ ચુકાદા અંગે ચર્ચા ન કરવા બદલ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, જો સરકાર ઈચ્છતી હોત, તો તે આ જ સત્રમાં બંધારણીય સુધારા દ્વારા આ મુદ્દાને ઉકેલી શકી હોત. મોદી સરકાર બેથી ત્રણ કલાકની અંદર નવા બિલ લાવે છે, તેથી આ પણ શક્ય હતું. ખડગેએ જાહેર ક્ષેત્રના એકમોને ધીમે ધીમે વેચીને કથિત રૂપે નોકરીઓ સમાપ્ત કરવા માટે સરકાર પર હુમલો કર્યો અને કહ્યું કે ભાજપની દલિત વિરોધી અને આદિવાસી વિરોધી માનસિકતા અનામત પર અસર કરી રહી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ આ ચુકાદાના પાસાઓ પર પોતાનું વલણ મક્કમ કરવા માટે બૌદ્ધિકો, નિષ્ણાતો અને એનજીઓની સલાહ લઈ રહી છે.

# ગુજરાતની શિક્ષિકા જે શિકાગોથી દરરોજ તેની શાળામાં 'આવતી' હતી

## પાછલા આઠ વર્ષથી ગુજરાતના બનાસકાંઠાની એક સરકારી શાળામાં શિક્ષિકા અમેરિકાના શિકાગોમાં રહીને પોતાનો પગાર મેળવી રહી છે

(એજન્સી) તા.૧૧

પાચી ગામની સરકારી શાળામાં પાછલા આઠ વર્ષમાં અનેક પ્રિન્સિપાલની નિમણૂંક કરવામાં આવી હતી અને તેમનો કાર્યકાળ પૂરો થતાં તેમની બદલી કરવામાં આવી હતી. જો કે, ગેરહાજર શિક્ષક વિશે કોઈએ ફરિયાદ કરી ન હતી, જેણે શાળામાં હાજરી આપ્યા વિના અથવા વર્ગોમાં હાજરી આપ્યા વિના તેણીનો પગાર લેવાનું ચાલુ રાખ્યું હતું. તેણી આ કરી શકતી ન હતી કારણ કે તે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા ગઈ હતી અને શિકાગોમાં રહેતી હતી. ભાવના બેન પટેલ ક્યારેય બનાસકાંઠા પરત ફર્યા કે કેમ તે સ્પષ્ટ નથી, તેમ છતાં રેકોર્ડ દર્શાવે છે કે તેણી આખા વર્ષનો પગાર એકત્રિત કરવા માટે દર મહિને એકવાર શિક્ષણ વિભાગની કચેરીની રહસ્યમય મુલાકાત લેતી હતી. રહસ્યમય રીતે, તેની હાજરી પણ દરરોજ નોંધવામાં આવતી હતી. બિચારા ભાવનાબેન પટેલ આમાં સંડોવાયેલા હોય કે ન હોય. તે લાભાર્થી હોઈ



શકે કે ન પણ હોઈ શકે. પરંતુ કોઈએ ફરિયાદ કરી ન હોવાથી કે કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાથી ક્યારેય કોઈ તપાસ હાથ ધરવામાં આવી ન હતી. જોકે, વર્તમાન મહિલા પ્રિન્સિપાલ ખૂબ જ કડક છે અને તેમને બિલકુલ પસંદ નથી. તેઓએ આ વર્ષની શરૂઆતમાં લેખિતમાં ફરિયાદ કરી હતી અને માંગ કરી હતી કે શિક્ષકને બરતરફ કરવામાં આવે અથવા વર્ગોમાં હાજરી આપવા દબાણ કરવામાં આવે. તેમણે લખ્યું કે જો આ શક્ય ન હોય તો ઓછામાં ઓછા દોષિત શિક્ષકની બદલી કરવામાં આવે અને પોસ્ટ ખાલી જાહેર કરીને નિયમિત શિક્ષકથી ભરવામાં આવે. હિંમતવાન પ્રિન્સિપાલ પણ કેમેરા પર આવ્યા અને ગુજરાત સ્થિત મીડિયા આઉટલેટને એક ઈન્ટરવ્યુ આપ્યું, જેમાં તેમણે આરોપોને પુનરાવર્તિત કર્યા. આ વિચિત્ર મામલો હેડલાઈન્સ બન્યા બાદ જિલ્લા શિક્ષણ કચેરીએ દાવો કર્યો કે આ વર્ષે જૂનમાં આ કેસની માહિતી મળતાની સાથે જ તેઓએ કાર્યવાહી કરી હતી. અધિકારીએ મીડિયા આઉટલેટને જણાવ્યું કે હવે દોષિત શિક્ષકને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે અને તેનો પગાર રોકવા માટે સૂચના આપવામાં આવી છે. જોકે, ગુજરાતની શાળાઓમાં નકલી શિક્ષકોનો આ એકમાત્ર કિસ્સો નથી. લગભગ દરેક રાજ્યમાંથી નકલી શિક્ષકોની યાદીઓ હોવાના અહેવાલો આવ્યા છે અને આ છેતરપિંડી મોટા પાયે ચાલી રહી છે કારણ કે સરકારી શાળાઓમાં શિક્ષકોને ખાનગી શાળાના શિક્ષકો કરતાં વધુ પગાર મળે છે; આ સિવાય તેઓ પેન્શન અને અન્ય લાભો માટે પણ હકદાર છે.

# લગ્ન પછી UPSC પરીક્ષા પાસ કરનાર મહિલા IPS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

IAS અધિકારી બનવું એ ઘણાં લોકો માટે પ્રિય સ્વપ્ન હોય છે, પરંતુ દર વર્ષે માત્ર થોડાં જ લોકો આ પ્રતિષ્ઠિત લક્ષ્ય હાંસલ કરે છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવા માટે, ઉમેદવારો કેટલાક કલાકો સુધી અભ્યાસ કરે છે. દર વર્ષે, હજારો ઉમેદવારો IAS, IFS, IRS અને IPS બનવા માટે પરીક્ષા આપવા માંગે છે. તેમાંથી માત્ર થોડાં જ લોકો સૌથી વધુ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થાય છે, જેમાં ત્રણ ભાગો હોય છે : પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યૂ. આજે આપણે IPSતનુ શ્રી વિશે વાત કરીશું જેણે શ્રેષ્ઠતા માટેનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. તનુ શ્રીએ ૨૦૧૬માં પરીક્ષા આપી હતી અને મે ૨૦૧૭માં પરિણામ મેળવ્યું હતું. તનુ શ્રીએ IPS કેડરમાં પ્રવેશ મેળવ્યો હતો, જેનાથી તેના પરિવારમાં ઘણો આનંદ થયો હતો. ત્યારબાદ તે



હૈદરાબાદની પોલીસ એકેડમીમાં ટ્રેનિંગ માટે ગઈ હતી. તનુ શ્રી તેની સફળતાનો શ્રેય તેના માતા-પિતા સુબોધ કુમાર અને નીલમ પ્રસાદને આપે છે. ૨૦૧૫માં લગ્ન કર્યા પછી, તેણે ઘરનું સંચાલન કરવાનું અને તેના સ્વપ્નને અનુસરવાનું ચાલુ રાખ્યું. તેના પિતા, જેઓ પૂર્વ ડીઆઈજી હતા, તેમણે પ્રેરણા આપી હતી. તેણે બિહારના મોતિહારી વિસ્તારમાં તેનું શિક્ષણ શરૂ કર્યું અને તેના પિતાની પોસ્ટિંગને અનુસરીને અન્ય સંસ્થાઓમાં અભ્યાસ કર્યો. તેણે બોકારોની ડીએવી પબ્લિક સ્કૂલમાંથી ધોરણ ૧૨માં સ્નાતક થયા. ત્યારબાદ તે ટ્યુટરિંગ સાથે સ્વ-અભ્યાસ કરીને UPSC અને અન્ય જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અભ્યાસ કરવા દિલ્હી ગઈ. મનુ શ્રી, તેની મોટી બહેન અને CRPF કમાન્ડન્ટ, તેની સફરમાં તેના માટે પ્રેરણા અને સમર્થનનો મુખ્ય સ્ત્રોત હતી.

નિષ્કર્ષમાં તનુ શ્રીની CRPFથી આવકવેરા વિભાગ સુધીની અદ્ભુત સફર અને આખરે એક IPS અધિકારીની ખૂબ જ માંગી શકાય તેવી ભૂમિકા તેની પ્રતિબદ્ધતા, દૃઢતા અને તેના પરિવારના કાયમી સમર્થનનો પુરાવો છે. તેનો માર્ગ સફળતા અને મક્કમતાની એક નોંધપાત્ર વાર્તા છે જે આદર અને પ્રશંસાને પાત્ર છે.

# ડોક્ટરની હત્યા કેસમાં આરોપીની ધરપકડ; પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આરોપીને મૃત્યુદંડ આપવાની પ્રતિજ્ઞા લીધી

(એજન્સી) કોલકાતા, તા.૧૧

રાજ્ય સંચાલિત હોસ્પિટલમાં અનુસ્નાતક તાલીમાર્થી ડોક્ટર પર ક્રૂર જાતીય હુમલો અને તેની હત્યામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ કરી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ ગુનેગાર માટે મૃત્યુદંડની માંગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ આરોપી કથિત રીતે બહારનો વ્યક્તિ હતો જે હોસ્પિટલના પરિસરમાં વારંવાર આવતો હતો, તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ આરોપી પર BNSની કલમ ૬૪ (બળાત્કાર) અને ૧૦૩ (હત્યા) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને સિયાલદાહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેણે તેને ૨૩ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યો હતો.

સુશ્રી બેનરજીએ બંગાળમાં ભ્રષ્ટાચારના વિવિધ કેસોમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસની માગણી કરવા અંગે કહ્યું હતું કે, જો વિદ્યાર્થીઓ અને પરિવારની માગણી હોય તો તેમની સરકારને સીબીઆઈ તપાસ સામે કોઈ વાંધો નથી. જો તેઓને પશ્ચિમ બંગાળ સરકાર પર વિશ્વાસ નથી તો તેઓ કોઈપણ તપાસ એજન્સીનો સંપર્ક કરી શકે છે; અમને કોઈ વાંધો નથી. તેણીએ અધિકારીઓને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ઝડપી કરવા સૂચના પણ આપી હતી. રાજભવને જણાવ્યું હતું કે, રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે રાજ્ય સરકારને આ મામલે તાત્કાલિક પગલાં લેવા અને રિપોર્ટ સબમિટ કરવા જણાવ્યું છે.

શુક્રવારે ઉત્તર કોલકાતામાં આર.જી. કાર સરકારી હોસ્પિટલના સેમિનાર હોલમાં મહિલા ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક શબપરીક્ષણ અહેવાલો દર્શાવે છે કે, હત્યા કરતા પહેલાં તેણીનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. કોલકાતાના પોલીસ કમિશનર વિનીત ગોયલે જણાવ્યું હતું કે, આરોપી પર સાંયોગિક પુરાવા અને નાઈટ-ડ્યુટીના કલાકો દરમિયાન હાજર રહેલા ડોક્ટરોની જુબાનીના આધારે બળાત્કાર અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ એક જઘન્ય અપરાધ છે. ગોયલે કહ્યું કે, પોલીસ એ સુનિશ્ચિત કરશે કે જો કોર્ટમાં આરોપો સાબિત થાય તો આરોપીને મહત્તમ સજા થાય.

આ ઘટના પછી આર.જી. કાર મેડિકલ કોલેજ, નેશનલ મેડિકલ કોલેજ અને મેડિકલ કોલેજ, કોલકાતા સહિત વિવિધ સરકારી હોસ્પિટલોમાં જુનિયર ડોક્ટરો અને વિદ્યાર્થીઓએ વિરોધ ધરણાં અને સરઘસો યોજ્યા હતા. બર્ધમાન મેડિકલ કોલેજ અને બાંકુરા સંમિલાની મેડિકલ કોલેજ જેવી જિલ્લા હોસ્પિટલોમાં પણ વિરોધ પ્રદર્શન થયા હતા.

આરોપીઓને દાખલારૂપ સજા અને હોસ્પિટલોમાં સુરક્ષા વધારવાની માગણી સાથે જુનિયર ડોક્ટરો દ્વારા વિરોધ પ્રદર્શન અને સરઘસ વાજબી છે એવું કહેતા મુખ્યમંત્રીએ ડોક્ટરોને દર્દીઓને આરોગ્ય સેવાઓ આપવાનું ચાલુ રાખવા વિનંતી કરી હતી. તેણીએ એક બંગાળી ન્યુઝ ચેનલને કહ્યું કે, હું જુનિયર ડોક્ટરોની માંગને સમર્થન આપું છું. તેણીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલના અધિક્ષક અને આચાર્ય આંતરિક સુરક્ષા જાળવવા માટે જવાબદાર છે અને ખાતરી આપી હતી કે, તેમના તરફથી



કોઈપણ બેદરકારીની તપાસ કરવામાં આવશે.

ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ જણાવ્યું હતું કે, આવા ઘૃણાસ્પદ અપરાધોના આરોપીઓને કાં તો ફાંસીની સજા મળી જોઈએ કારણ કે, તેઓ સમાજમાં કોઈ સ્થાનને લાયક નથી. કેન્દ્રએ આવા ગુનેગારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે એક વટહુકમ લાવવો જોઈએ. બંગાળ ભાજપે તેમના નેતૃત્વને પત્ર લખવો જોઈએ અને બળાત્કાર અને હત્યાના કેસોમાં સાત દિવસમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરે તેવા કાયદાની માગણી કરવી જોઈએ. હોસ્પિટલ નજીક વિરોધીઓને સંબોધતા CPI(M) પશ્ચિમ બંગાળના રાજ્ય સચિવ મોહમ્મદ સલીમે કહ્યું કે, આ શહેર ભયના શહેરમાં ફેરવાઈ ગયું છે. આ તૃણમૂલ કોંગ્રેસ સરકાર હેઠળ કોઈ સુરક્ષિત નથી, અમે આ ભયાનક ઘટનાની નિંદા કરીએ છીએ. આ ઘટનાની સીબીઆઈ તપાસની માગણી કરતા કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાજપના પશ્ચિમ બંગાળના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે પત્રકારોને જણાવ્યું હતું કે, મહિલા ડોક્ટરના શરીર પરના ઈજાના નિશાન સૂચવે છે કે, આ કોઈ એક વ્યક્તિનું કામ હોઈ શકે નહીં. તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે કહ્યું કે, આવા જઘન્ય અપરાધો પર વિરોધ થઈ શકે છે. તે સંપૂર્ણ રીતે સમજી શકાય છે. પરંતુ મુખ્યમંત્રી મમતા બેનરજીના નિવેદન પછી કે અન્ય એજન્સી દ્વારા તપાસ આવકાર્ય છે. શું વિરોધ ચાલુ રાખવાની કોઈ જરૂર છે ? નેશનલ મેડીકોસ ઓર્ગેનાઈઝેશન (NMO)માં પશ્ચિમ બંગાળના એક પ્રતિનિધિમંડળે રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ સાથે મુલાકાત કરી અને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતી રજૂઆત રજૂ કરી અને ફરજ પરના લોકો, ખાસ કરીને રાત્રિના સમયે મહિલા તબીબી પ્રેક્ટિશનરો માટે યોગ્ય સુરક્ષાની માંગ કરી હતી.

# 'એન્કાઉન્ટર અથવા ફાંસીની સજા' : અભિષેક બેનરજીએ કોલકાતા બળાત્કાર-હત્યા બાદ નવા કાયદાની માંગ કરી

## ભાજપના પ્રદેશ પ્રમુખ સુકાંત મજુમદારે બેનરજી પર હોસ્પિટલોમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં રાજ્યની નિષ્ફળતા પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) તા.૧૧

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજીએ સંસદમાં બળાત્કારીઓની સુનાવણી અને સજાને ઝડપી બનાવવા માટે સંસદમાં નવા બિલની હાકલ કરી અને કહ્યું કે, જાતીય અપરાધીઓ માટે કાં તો ફાંસી દ્વારા અથવા કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા એન્કાઉન્ટર દ્વારા તેમને સજા આપવી એ યોગ્ય છે. કોલકાતાની સરકારી હોસ્પિટલમાં ડોક્ટરના ભયાનક બળાત્કાર અને હત્યા અંગે પ્રતિક્રિયા આપતા તેમણે માંગ કરી હતી કે, જાતીય શોષણના કેસોમાં સાત દિવસમાં ટ્રાયલ અને દોષિત ઠરાવવામાં આવે.

મીડિયા સાથે વાત કરતા તૃણમૂલ કોંગ્રેસના નેતાએ કોલકાતાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટરની હત્યાના વિરોધમાં રસ્તાઓ પર વિરોધ કરવા બદલ ભાજપની નિંદા કરી અને તેમને તેના બદલે ઝડપી ન્યાય માટે બિલ પસાર કરવા માટે કેન્દ્ર પર દબાણ કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, જો કેન્દ્ર તેને સંસદમાં રજૂ કરે તો તૃણમૂલ કોંગ્રેસ આવા બિલને સમર્થન આપશે. તેમણે કહ્યું કે, ટ્રાયલનો સમયગાળો નક્કી કરવાથી કરદાતાઓના નાણાંની બચત થશે. આ બળાત્કારીઓ, જેઓ સમાજમાં રહેવાને લાયક નથી, તેમની સાથે એન્કાઉન્ટર દ્વારા અથવા ફાંસી દ્વારા કાર્યવાહી થવી જોઈએ.

હાથરસ, ઉન્નાવ, મણિપુર, દિલ્હીમાં નિર્ભયા કેસ અને પશ્ચિમ બંગાળમાં બનેલી ઘટનાઓ જેવા કેસોમાં મહિલાઓ સામેના ઘૃણાસ્પદ અપરાધોને રોકવામાં રાજકીય પક્ષોની નિષ્ફળતાનો સ્વીકાર કરતાં બેનરજીએ ન્યાય પ્રણાલીમાં સુધારાની હાકલ કરી હતી.

ભાજપના પ્રદેશ પ્રમુખ સુકાંત મજુમદારે બેનરજી પર હોસ્પિટલોમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં રાજ્યની નિષ્ફળતા પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. ગયા અઠવાડિયે હોસ્પિટલમાં નાઈટ ડ્યુટી પર રહેલ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ સ્ટુડન્ટની સેમિનાર હોલમાં હત્યા કરવામાં આવી હતી. તેમના સાથીદારોના જણાવ્યા મુજબ મહિલા ડોક્ટરે સવારે બે વાગ્યા પછી આરામ કરવા માટે સેમિનાર હોલમાં જતા પહેલાં બે સાથીદારો સાથે રાત્રિભોજન કર્યું હતું. બીજા દિવસે સવારે તે અર્ધ નગ્ન અવસ્થામાં મૃત હાલતમાં મળી આવી હતી. પ્રારંભિક શબપરીક્ષણમાં પુષ્ટિ થઈ છે કે, હત્યા કરતા પહેલાં તેણીનું જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ તેના મોં અને પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહી રહ્યું હતું. તેની ગરદન પણ ભાંગેલી હોવાનું જાણવા મળ્યું હતું. અધિકારીઓએ આ ગુનાના સંબંધમાં એક વ્યક્તિની ધરપકડ કરી છે.

# ભારતની પ્રથમ મહિલા IAS અધિકારી અને UPSC પરીક્ષા પાસ કરનારી દેશની બીજી મહિલા અન્ના રાજમ મલ્હોત્રા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા વૈશ્વિક સ્તરે સૌથી પડકારજનક પરીક્ષાઓમાંની એક છે, જે દર વર્ષે લાખો ઉમેદવારોને આકર્ષે છે. ઘણાં IAS અધિકારી બનવાનો પ્રયત્ન કરે છે, પરંતુ માત્ર થોડાક જ સફળ થાય છે. આજે ઘણી પ્રેરણાદાયી મહિલા IAS અધિકારીઓમાં ટીના ડાબીની જેમ એક અગ્રણી વ્યક્તિ છે જેણે અન્ય લોકો માટે માર્ગ મોકળો કર્યો તેઓ IAS અન્ના રાજમ મલ્હોત્રા છે, જેઓ ભારતની પ્રથમ મહિલા IAS અધિકારી છે. ચોનીરા બેલિઅપ્પા મુથમ્મા ભારતીય સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરનાર પ્રથમ મહિલા હતા. તેઓ ભારતીય વિદેશ સેવામાં જોડાનાર પ્રથમ મહિલા પણ હતા. અન્ના રાજમ મલ્હોત્રા, ૧૯૫૧ UPSC બેચમાંથી, ભારતની પ્રથમ મહિલા IAS અધિકારી બનવાનું ગૌરવ ધરાવે છે. સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરનાર



તેઓ બીજા ભારતીય મહિલા પણ હતા. કેરળના નિરાનમમાં ૧૯૨૭માં જન્મેલ તેઓ પ્રખ્યાત મલયાલમ લેખક પાયલો પૌલની પૌત્રી હતા. તેઓ કેરળના કાલિકટમાં ઉછર્યા હતા. જ્યાં તેમણે પ્રોવિડન્સ વિમેન્સ કોલેજમાં તેનું મધ્યવર્તી શિક્ષણ પૂર્ણ કર્યું હતું. પછી તેમણે મલબાર ક્રિશ્ચિયન કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી અને ૧૯૪૯માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી મેળવી. ૧૯૫૦માં અન્ના રાજમ મલ્હોત્રાએ વહીવટી સેવાને બદલે વિદેશી અથવા કેન્દ્રીય સેવાઓ પસંદ કરવાની સલાહ આપવામાં આવી હોવા છતાં સિવિલ સેવાઓની પરીક્ષા પાસ કરી, જે તે સમયે મહિલાઓ માટે ઓછી યોગ્ય માનવામાં આવતી હતી. તેમની પ્રથમ પોસ્ટિંગ મદ્રાસના તત્કાલીન મુખ્યમંત્રી સી રાજગોપાલાચારી હેઠળ હતી. શરૂઆતમાં તેમને જિલ્લા સબ-કલેક્ટરની ભૂમિકા સોંપવામાં અચકાતા, રાજગોપાલાચારીએ તેમને સચિવાલયમાં હોદ્દાની ઓફર કરી. જો કે, તેમણે પડકારરૂપ ભૂમિકા નિભાવવાનો આગ્રહ રાખ્યો અને આખરે મદ્રાસ રાજ્યમાં તિરૂપત્તુરના સબ-કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. અન્ના રાજમ મલ્હોત્રાના નિશ્ચય અને સિદ્ધિઓએ તેમને ભારતીય ઈતિહાસમાં ખાસ કરીને સિવિલ સર્વિસમાં જોડાવા ઈચ્છતી મહિલાઓ માટે એક પ્રેરણાદાયી વ્યક્તિ બનાવ્યા છે.

# ખંભાતમાં જ્વેલર્સની દુકાનમાંથી ચંદન ઘોના હાથજોડા-ચામડી સહિતના પ્રતિબંધિત પ્રાણીનાં અવશેષો મળ્યા

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૧

આણંદ જિલ્લાનાં ખંભાત શહેરમાં મોટી ખારીકુઈ વિસ્તારના એક સોનીની દુકાનમાંથી લાખો રૂપિયાના ૫૧૪ ચંદન ઘોના હાથજોડા, ચામડી વગરના નખ સહિતના પ્રાણીના અવશેષો સાથે સોનીને ઝડપી પાડ્યો હતો. વન વિભાગે ફરિયાદ નોધાવતા પોલીસે સોની સામે ગુનો નોંધી અટકાયત કરી હતી.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

ખંભાત શહેરમાં મોટા પાયે પ્રાણીઓના નખ સહિત વસ્તુઓ વેચાઇ રહી હોવાની બાતમીનાં આધારે દિલ્હીની વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ આણંદ જિલ્લા વન વિભાગને જાણ કરતા જેનાં આધારે ખંભાત વન વિભાગ દ્વારા ખંભાત શહેરના મોટી ખારીકુઈ વિસ્તારમાં આવેલ જ્વેલર્સની દુકાનમાં રેડ પાડીને તપાસ કરતાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ પ્રતિબંધિત વસ્તુ ઓનો જથ્થો મળી આવતા વન વિભાગે ઈંદ્ર જાળના ૫૧૪ ચંદન ઘોના હાથજોડા, ચામડી વગરના નખ, ૨૫ ચામડીવાળા નખ, ૪૭ છીપલા નંગ ૨ કોરલ પથ્થર કબ્જે કર્યા હતા અને આ બાબતે જવેલર્સનાં માલિક હરેશ જગમોહન સોનીને ઝડપી પાડીને ખંભાત સીટી પોલીસના હવાલે કર્યો હતો. જેથી પોલીસે આરોપી હરેશ જગમોહન સોની વિરૂદ્ધ ગુનો નોંધી તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

ભાવનગર મનપા હસ્તક

# ૩૭ કરોડના ખર્ચે બની રહેલ ફોરલેનમાં ૯૫ મીટરનો બનાવેલો રોડ તોડી પડાશે

### બે વિકાસ કામોમાં ગેરરીતિ અને નબળી ગુણવત્તા બહાર આવી

ભાવનગર, તા.૧૧

ભાવનગર કોર્પોરેશન હસ્તક કરોડોના ખર્ચે થઈ રહેલા બે વિકાસ કામોમાં ગેરરીતિ અને નબળી ગુણવત્તા જણાયાનું કારણ આગળ ધરી કાર્યવાહી માટે હુકમ થયો છે. શહેરના દુ:ખી શ્યામ બાપા સર્કલ-તળાજા જકાતનાકાથી અધેવાડા થઈ મહાનગરપાલિકાની હદ સુધીના ફોર લેન બનાવવાનું કામ ચાલી રહ્યું છે. રૂા.૩૭ કરોડના ખર્ચે થઈ રહેલા કામમાં એજન્સી દ્વારા કામ શરૂ કરતા ખરેખર આ રોડ આધુનિક પદ્ધતિથી બનાવવામાં ન હોય ઓડિટ વિભાગ દ્વારા યોગ્ય પદ્ધતિથી કામ નહીં થતું હોવાનો રિપોર્ટ કર્યો હતો. આથી ૯૫ મીટરનું કામ વર્ક એજન્સીના ખર્ચે જ દૂર કરવા મહાપાલિકાએ હુકમ કર્યો છે. જયારે કોર્પોરેશન દ્વારા શહેરના નિર્મળ નગર ફાયર બ્રિગેડ સ્ટેશનની બાજુની જગ્યામાં ફાયર વિભાગના સ્ટાફ માટે રૂા.૩.૨૯ કરોડના ખર્ચે ક્વાર્ટર બનાવવાનું કામ શરૂ છે. જેમાં વર્ક એજન્સીના ટેકનિકલ સ્ટાફની હાજરીમાં કોર કટીંગ ટેસ્ટ રિપોર્ટના લીધેલા સેમ્પલ નબળી ગુણવત્તાના જણાયા હોવાનો દાવો છે. કામ સમયે વારંવાર ચકાસણી કરાતા કોલમ અને બીજા માળના સ્લેબના સેમ્પલ ફેઈલ ગયા હતા. જેથી ટેસ્ટમાં ફેલ ગયેલ સ્લેબનો ભાગ તેમજ કોલમને સ્ટ્રક્ચરલ ઈજનેરની સુપરવિઝન મુજબ તોડી નાખી રિકાસ્ટ કરવા પણ વર્ક એજન્સીને હુકમ કરાયો છે.

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલ સેમિનારમાં

# NFCSFના સિનિયર ડિરેક્ટર, ધારાસભ્ય અને પૂર્વ સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા

### દેશની ૮ સહકારી મિલોને રાષ્ટ્રીય કાર્યક્ષમતા પુરસ્કાર ૨૦૨૨-૨૩ હેઠળ પુરસ્કાર આપવામાં આવ્યા

અંકલેશ્વર, તા.૧૧

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટીવ સુગર ફેક્ટરીઝ લિમિટેડનો સેમિનાર યોજાયો હતો. જેમાં NFCSFના સીનીયર ડિરેક્ટર અને અંકલેશ્વરના ધારાસભ્ય અને પૂર્વ સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં દેશની ૮ સહકારી ખાંડ મિલોને રાષ્ટ્રીય કાર્યક્ષમતા પુરસ્કાર ૨૦૨૨-૨૩ હેઠળ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. નવી દિલ્હી ખાતે ગત તા.૧૦મી ઓગષ્ટના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતા હેઠળ નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટીવ સુગર ફેક્ટરીઝ લિમિટેડના સુગર ઈન્ડસ્ટ્રીઝ સેમિનાર યોજાયો હતો જેમાં NFCSFના અધ્યક્ષ હર્ષવર્ધન પાટીલ, સહકાર રાજય મંત્રી કૃષ્ણપાલજી અને NFCSFના સીનીયર ડિરેક્ટર અને અંકલેશ્વરના ધારાસભ્ય તથા પૂર્વ સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત સુગર ઈન્ડસ્ટ્રીઝના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્ષમતા પુરસ્કારો ૨૦૨૨-૨૩ સ્પર્ધા માટે દેશભરમાંથી ૯૨ સહકારી



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ખાંડ ફેક્ટરીઓએ ભાગ લીધો જેમાં કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહે ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાંડ મિલોના વિકાસ અને કાર્યક્ષમ સંચાલન તેમજ શેરડીના ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે. ઈથેનોલ મિશ્રણ દ્વારા શેરડીના ખેડૂતોની આવકમાં વધારો હોય કે વધારાના અને બાકી આવકવેરામાંથી મુક્તિ હોય, NCDC લોન યોજના હોય કે પછી મોલાસીસ પરનો GST ઘટાડવો, મોદી સરકારે શેરડીના ખેડૂતોની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખ્યું છે અને ઈથેનોલ મિશ્રણ પર મોદી સરકારના નિર્ણયથી પેટ્રોલના આયાત બિલમાં ઘટાડો થયો, પર્યાવરણમાં સુધારો થયો, ખેડૂતોને ફાયદો થયો અને ખાંડ મિલોના નફામાં વધારો થયો અને દેશની તમામ સહકારી ખાંડ મિલો બે વર્ષમાં ઈથેનોલનું ઉત્પાદન કરી શકે તે લક્ષ્ય સાથે NFCSFએ આગળ વધવું જોઈએ. વધુમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું કે મોદી સરકારે ૨૦૩૦ સુધીમાં ૨૦% ઈથેનોલ મિશ્રણ હાંસલ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. અમે તેને ૨૦૨૫-૨૬ સુધીમાં પૂર્ણ કરીશું. ત્યારે આ સેમિનારમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે સહકારી બહેનો અને ભાઈઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેઓના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી ૮ સહકારી ખાંડ મિલોને રાષ્ટ્રીય કાર્યક્ષમતા પુરસ્કાર ૨૦૨૨-૨૩ હેઠળ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ પુરસ્કારો સહકારી ખાંડ મિલોને તેમની કાર્યક્ષમતા વધારવા, વધુ વૈકલ્પિક આવકની તકો શોધવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને નફો વધારવા માટે પ્રોત્સાહિત કરશે.

# પાલિકાના લિંબાયત હેલ્થ સેન્ટરમાં પ્રિન્ટર બંધ થતા મુશ્કેલી વધી

### હાથથી કેસ પેપર કાઢવાથી વધારે સમય લાગતા દર્દીઓને હાલાકી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૧

વરસાદી વાતાવરણના કારણે શહેરમાં રોગચાળો વધ્યો છે. સામાન્ય દિવસો કરતા હાલમાં મલેરિયા, તાવ, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દીઓની સંખ્યા વધી ગઈ છે. જેની અસર શહેરના સરકારી અને અર્ધ સરકારી હોસ્પિટલો સિવાય જુદા-જુદા હેલ્થ સેન્ટરોમાં પણ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિઓ વચ્ચે પાલિકાના લિંબાયત હેલ્થ સેન્ટરમાં છેલ્લા અઢી મહિના કરતા પણ વધારે સમયથી પ્રિન્ટર ખરાબ થઇ જતા કોમ્પ્યુટર સિસ્ટમ ઠપ થઇ ગઈ છે. જેને કારણે સ્ટાફને હાથથી કેસ પેપર કાઢી આપવાની નોબત આવી છે.

મળતી માહિતી મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત લિંબાયત હેલ્થ સેન્ટરમા છેલ્લા ઘણા સમયથી પ્રિન્ટર ખરાબ થઈ ગયું છે. જેને કારણે સ્ટાફને હાથથી જ કેસ પેપર કાઢવા પડી રહ્યા છે. હાથથી કેસ પેપર કાઢવાથી વધારે સમય લાગી રહ્યો છે. કોમ્પ્યુટરથી જે કામ માત્ર એકથી દોઢ મિનિટમાં થઈ રહ્યું હતું, તે કામમાં હવે સમય વધારે લાગી રહ્યો છે. જેના પરિણામે દર્દીઓ હાલાકીઓનો ભોગ બની રહ્યા છે. હાથથી કેસ પેપર કાઢી આપવામાં સમય લાગવાના કારણે દર્દીઓને વધુ સમય સુધી લાઈનમાં ઉભા રહેવા પડી રહ્યું છે. જ્યારે બીજી બાજુ હાથથી કેસ પેપર કાઢી આપવામાં સ્ટાફને પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હેલ્થ સેન્ટરના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સમસ્યા અંગે ત્રણ મહિના દરમિયાન અનેક વખત ઉપરી અધિકારીઓને લેખિત તેમજ મૌખિક રીતે જાણ કરવામાં આવી છે. હાલમાં વરસાદી સીઝન હોવાથી મલેરિયા, તાવ, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દીઓની સંખ્યા વધી રહી છે. જુદી-જુદી તકલીફો સાથે રોજ ૨૫૦થી વધારે દર્દીઓ હેલ્થ સેન્ટરમાં સારવાર લેવા માટે આવતા હોય છે ત્યારે લેબોરેટરી વિભાગમાં પૂરતા સ્ટાફનો અભાવ છે. હાલમાં જેટલો સ્ટાફ છે તે પહોંચી નહિ વળવાને લીધે મલેરિયાની ટેસ્ટિંગ સહિતની કામગીરીમાં પણ વિલંબ થઇ રહ્યો છે. આ સ્ટાફ અંગે પણ કેટલીક વાર રજૂઆતો કરી છે પણ અત્યાર સુધી પૂરતો સ્ટાફ નથી મળ્યો છે. તેથી, જેટલો સ્ટાફ છે તેટલાથી જ કામ ચલાવવા પડી રહ્યો છે.

# સરદાર સરોવર નર્મદા ડેમમાંથી દોઢ લાખ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે

### હાલ સંભવિત પૂરની શક્યતા નથી પરંતુ વહીવટી તંત્ર એલર્ટ મોડ પર

ભરૂચ, તા.૧૧

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી દોઢ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ સંભવિત પૂરની શક્યતા નથી પરંતુ વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી ૧.૫૦ લાખ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવ્યું છે જેના પગલે ભરૂચ નજીક નર્મદા નદીના જળ સ્તર વધવાની સંભાવના છે. ભરૂચ નજીક નર્મદા કિનારે પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે. અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા નર્મદાના કિનારે લોકોના જવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. હાલ પૂરતું પૂરનું સંકટ ન હોવાનું તંત્ર જણાવી રહ્યું છે પણ વર્ષ ૨૦૨૩માં અચાનક આવેલા પાણીએ ભરૂચ જિલ્લામાં ભારે તબાહી સર્જી હતી. ત્યારે પૂરનું જોખમ ન હોવા છતાં કાંઠાના લોકોને એલર્ટ કરી દેવાયા છે. ભરૂચના નીચાણવાળા વિસ્તારોમાં પાલિકાના વાહનો લાઉડ સ્પીકર સાથે લોકોને સાવચેત કરી રહ્યા છે. પાલિકાના ફાયર ઓફિસર અનુસાર કોઈપણ સ્થિતિને પહોંચી વળવા અગમચેતી સાથે જરૂરી પગલાં ભરી લેવામાં આવ્યા છે.

# ઓરસંગ નદીના પુલ પર જીપ અને ટ્રક સામસામે ઘૂસી

### પાંચ મુસાફરો ઈજાગ્રસ્ત થયા



(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૧૧

બોડેલી ઓરસંગ નદીના પુલ પર જીપ અને ટ્રક સામસામે ભટકાતા જીપમાં સવાર પાંચ મુસાફરોને ઈજા થતાં સારવાર અર્થે જબુગામ સરકારી દવાખાને ખસેડાયા હતા. ઘટના સ્થળે પોલીસે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આજ રોજ બોડેલીની ઓરસંગ નદીના પુલ પર બોડેલી તરફ આવતી એક જીપ અને મોડાસર ચોકડી તરફ જતી એક ટ્રક સામસામે આવી જતા ધડાકાભેર જીપ ટ્રકમાં ભટકાઈ હતી. જ્યારે જીપમાં સવાર પાંચ જેટલા મુસાફરો જેમાં રસિક નટુભાઈ બારીયા, ગાયત્રીબેન નટુભાઈ તડવી, દિવ્યાબેન પ્રભાતભાઈ તડવી સહિત બીજા બે ઈજાગ્રસ્તો જબુગામ સારવાર અર્થે ખસેડયા હતા. બોડેલી પોલીસે ઘટના સ્થળે આવી કાર્યવાહી હાથ ધરી છે.

બોડેલી ઓરસંગ નદી પર અકસ્માતમાં પાંચ ઈજાગ્રસ્ત તાત્કાલિક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બોડેલી સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા પરંતુ સરકારી દવાખાને તબીબ હાજર ન હોવાથી બોડેલીથી પાંચ કિલોમીટર દૂર આવેલ જબુગામ સરકારી દવાખાને ઈજાગ્રસ્ત લઈ ગયા હતા જયારે બોડેલી તાલુકાના સ્તરે આવેલ સરકારી દવાખાના તબીબ હાજર ન રહેતા આ રીતે કોઈ ઈમરજન્સીમાં દર્દી આવે તો તેનું શું થાય તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

સરકારી વેબ પોર્ટલ પરથી

# પતિની જાણ બહાર ઈન્કમટેક્ષ પેપર્સ કઢાવવાના કેસમાં પત્ની સામે કોર્ટમાં ફોજદારી ફરિયાદ

### ઉધના પોલીસને તપાસ કરવા કોર્ટનો આદેશ, પાસવર્ડ હેક કરવો અથવા ડુપ્લીકેટ પાસવર્ડનો ઉપયોગ કરવો એટલે બનાવટી-ડુપ્લીકેટ ડિજિટલ સહી કરી કહેવાય : એડવોકેટની દલીલ

સુરત, તા.૧૧

સરકારી વેબ પોર્ટલ પરથી પતિની જાણ બહાર ઈન્કમ ટેક્ષ પેપર્સ કઢાવવાના કેસમાં પતિની ફોજદારી ફરિયાદના આધારે કોર્ટે પોલીસ તપાસનો આદેશ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, સુરતના એક દંપતી સૌરભ અને સંગીતા (બન્ને પક્ષકારોના નામ બદલેલ છે) અંગત કારણોસર વર્ષ ૨૦૧૮થી અલગ રહેતા હતા. જેમાં પત્નીએ ભરણપોષણના કેસો કર્યા હતા. જયારે પતિએ અત્રેની ફેમિલી કોર્ટમાં છૂટાછેડાનો દાવો કર્યો છે. જેમાં પતિની આવકનો પુરાવો ઊભો કરવા પત્નીએ પતિના ઈન્કમટેક્ષ પેપર્સ રજૂ કર્યા છે. જેથી પતિએ એડવોકેટ મારફતે અત્રેની ફોજદારી અદાલતમાં ફરિયાદ કરી જણાવ્યું હતું કે, પત્નીએ તેમનો પાસવર્ડ હેક કરી ગુનો કર્યો છે.

વધુમાં પતિ તરફે એડવોકેટએ દલીલ કરી હતી કે, ઈન્કમટેક્ષ વિભાગના વેબપોર્ટલ પરથી પેપર્સ કઢાવવા ફરજીયાત આઈ.ડી.-પાસવર્ડની જરૂર પડે છે અને પતિએ કદી પાસવર્ડ પત્નીને આપેલો નથી. જેથી પત્નીએ પતિનો પાસવર્ડ હેક કરી ઈન્કમટેક્ષ વેબપોર્ટલ પરથી આ પેપર્સ કઢાવ્યા છે. પાસવર્ડ હેક કરવો અથવા ડુપ્લીકેટ પાસવર્ડનો ઉપયોગ કરવો એટલે બનાવટી-ડુપ્લીકેટ ડિજિટલ સહી કરી કહેવાય અને આમ કરીને પત્નીએ ફોજદારી તથા આઈ. ટી. એક્ટ મુજબનો ગુનો આચર્યો છે. જે દલીલ માન્ય રાખીને કોર્ટે ઉધના પોલીસને તપાસ કરવાનો હુકમ કર્યો છે.

બુલેટ ટ્રેનની કામગીરી બની માથાનો દુ:ખાવો

# ખોદકામની પીળી માટી વરસાદના પાણી સાથે નવા યાર્ડમાં ફેલાતા લોકો પરેશાન

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૧

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં શાસ્ત્રી બ્રિજ પાસે બુલેટ ટ્રેનનું કામકાજ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. જ્યારે બીજી બાજુ થતા ખોદકામ વખતે નીકળતી ચીકણી પીળી માટીવાળું પાણી કોઈપણ જાતની મંજૂરી વિના છોડવામાં આવે છે. જે આજુબાજુની વસાહતમાં ઘૂસી ગયા છે. વરસાદની સિઝનમાં આ પાણી વરસાદી પાણી સાથે ભળીને નવા યાર્ડ શંકરવાડી વિસ્તારમાં ફેલાઈ જવાથી આ જગ્યાએથી ચીકણી પીળી માટીવાળું પાણી વરસાદી પાણી સાથે મિક્સ થઈને આસપાસના સોસાયટી વિસ્તારમાં ફેલાઈ જતું હોવાથી પસાર થતાં સ્થાનિકો સહિત અન્ય રાહદારીઓ લપસીને પડી જવાના અનેક બનાવો બનતા કેટલાય લોકોને ઈજા થતાં રોષ ફેલાયો છે. ઉલ્લેખનિય છે કે, શહેરના પૂર્વ પશ્ચિમ વિસ્તારને જોડતા શાસ્ત્રી બ્રિજ પાસે બુલેટ ટ્રેનનું કામકાજ યુદ્ધના ધોરણે હાલમાં ચાલી રહ્યું છે. જ્યારે નવા યાર્ડ વિસ્તારમાં અનેક સોસાયટીઓમાં લોકો રહે છે. બુલેટ ટ્રેનના ચાલતા કામકાજ દરમિયાન કેટલીક જગ્યાએ ખોદકામ પણ ચાલે છે જ્યાંથી ખોદકામ દરમિયાન ભીની પીળી ચીકણી માટી નીકળે છે. આ ચીકણી ભીની પીળી માટી વિસ્તારમાં મંજૂરી વિના નાખવામાં આવે છે. જયારે બીજી બાજુ હાલમાં ચાલતી વરસાદી સિઝનના કારણે ભીની ચીકણી માટી સાથે વરસાદનું પાણી મિક્સ થતા ચીકણી પીળી માટી નવા યાર્ડ વિસ્તારમાં ઠેક ઠેકાણે પ્રસરી જાય છે. ચીકણી માટીવાળું પાણી વિસ્તારની શંકરવાડી સહિત આસપાસના વિસ્તારમાં પ્રસરી જતા અનેક સ્થાનિક લોકો સહિત કેટલાય રાહદારીઓ ભીની ચિકણી માટી ફેલાઈ જવાના કારણે લપસીને પડવાના કેટલાય બનાવ બન્યા છે. આ અંગે સ્થાનિક કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલાએ ચીકણી પીળી માટી વિસ્તારમાં નાખી દેવાના વિરોધ સાથે તપાસની માંગ કરી છે.

રૂા.૩.૭૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સજ્જ શાળા

# કામરેજ પ્રાથમિક શાળાના નવા ભવનનું લોકાર્પણ કરતા રાજ્યના શિક્ષણમંત્રી

### રાજ્ય સરકાર દ્વારા કામરેજ તાલુકામાં ૧૮,૦૦૦ વારમાં સાયન્સ કોલેજનું નિર્માણ કરાશે : પ્રફુલ પાનશેરિયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૧

સુરત જિલ્લાના કામરેજ ખાતે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત રૂા.૩.૭૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓથી સજ્જ નવનિર્મિત ૧૬ વર્ગખંડયુક્ત કામરેજ પ્રા.શાળાના નવા ભવનનું રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનાથી કામરેજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઉત્તમ શિક્ષણ સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રસંગે શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે ગુજરાતમાં શરૂ થયેલ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર સહિતની પહેલ આજે દેશભરમાં પ્રેરક-અનુકરણીય બની છે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સ્કૂલ ઓફ મિશન અંતર્ગત કામરેજમાં દર મહિને એક નવી શાળાનું લોકાર્પણ થઈ રહ્યું છે એમ જણાવી મંત્રીએ ઉમેર્યું કે, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના માધ્યમથી બાળકો આધુનિક-ડિજીટલ શિક્ષણ મેળવી રહ્યા છે. ગુજરાતમાં બે લાખથી વધુ બાળકોએ પ્રાઈવેટ શાળા છોડીને સરકારી શાળામાં એડમિશન લીધું છે. નવી શિક્ષણનીતિ અંતર્ગત રાજ્યમાં બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બેસ્ટ શિક્ષણ મળશે. વેલંજા અને ખોલવડ ગામે સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ અત્યાધુનિક સુવિધાઓ સાથેની શાળાને મંજૂરી મળી છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં કામરેજ તાલુકામાં ૧૮,૦૦૦ વારમાં સાયન્સ કોલેજનું નિર્માણ કરાશે એમ તેમણે કહ્યું હતું. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે સરકાર પણ શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, નવા વર્ગખંડો, નવી શાળાઓ સહિતના અનેકવિધ પગલાંઓ લઈ રહી છે, ત્યારે આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે ગ્રામજનો પણ સરકારના આ શિક્ષા અભિયાનમાં સહભાગી થઈ બાળકોને શિક્ષિત બનાવે તે જરૂરી છે. આ વેળાએ શાળા પરિસરમાં મંત્રી અને મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી જયેશભાઈ પટેલ, પ્રાંત અધિકારી અને ડે.કલેકટર વી.કે.પીપળીયા, અગ્રણી ભારતીબેન રાઠોડ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# સરકારી ખાતરનો ઔદ્યોગિક વપરાશ માટે સંગ્રહ કરનાર ઉદ્યોગપતિને ત્રણ વર્ષની સજા

અંકલેશ્વર, તા.૧૦

સરકારી ખાતરનો ઔદ્યોગિક વપરાશ માટે સંગ્રહ કરનાર ઉદ્યોગપતિ ને ૩ વર્ષની સજા અંકલેશ્વર કોર્ટ એ ફટકારી હતી. ચુકાદો આવ્યા બાદ ચુકાદાને પડકાર્યો હતો. સરકારી વકીલની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી ૩ વર્ષની સજા અને ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ૨૨મી ડિસેમ્બર ૨૦૧૧માં હરીશ કેમિકલ એન્જીયરીગ એન્ટરપ્રાઇઝ કંપની માંથી સરકારી ખાતર નો જથ્થો ઝડપાયો હતો. બનાવની વિગતો અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ પ્લોટ નંબર સી/૧૭/૩૯૦૩ પર આવેલ હરીશ કેમિકલ એન્જીયરીગ એન્ટરપ્રાઇઝ કંપની આવેલી હતી. કંપનીમાં કાચા માલ તરીકે રાસાયણિક ખાતર યુરિયા વાપરતા હોય, જે યુરિયા ખાતર ટેકનીકલ ગ્રેડ યુરીયા વાપરવાનું હોવા છતાં કંપનીના માલિક હરીશચંદ્ર સાકરલાલ જારાવાલા દ્વારા સરકારી ખાતર બિન અધિકૃત રીતે ઉપયોગ લઇ રહ્યા હતા.પોલીસ દ્વારા ૨૨મી ડિસેમ્બર ૨૦૧૧ના રાત્રે દરોડા પાડ્યા હતા કંપની માંથી ઈફકો યુરિયા ૪૬% નિમકોટેડ યુરિયા ઈન્ડિયન ફાર્મર ફર્ટિલાઈઝર કો.ઓ.લી. કલોલની બનાવટની ૫૦ કિલો ગ્રામ યુરિયા ભરેલી ૭૦ બેગ કિંમત રૂપિયા ૨૦.૭૧૨નો જથ્થો કંપનીના સ્ટોરમાં ઔદ્યોગિક વપરાશમાં લેવા સારું પરવાના (લાયસન્સ) વગર રાખી ખાતરના જથ્થા સાથે પકડાઈ ગયા હતા. તેમના વિરૂદ્ધ રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ના ખંડ - ૨૫(૧) તથા ખંડ -૭ તેમજ આવશ્યક ચીજવસ્તુ ધારો ૧૯૯૫ની કલમ ૭ (૧) (એ) ( આઈ.આઈ.) મુજબની ફરિયાદ અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથકએ નોંધાઈ હતી. જે અંગે ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરાઈ હતી. કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે આંક ૭૫ થી સજા હુકમ કર્યો હતો. જે હુકમ વિરૂદ્ધ કંપનીરના માલિક હરીશચંદ્ર સાકરલાલ જારાવાલાના.સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી કોર્ટ દ્વારા નહિ તપાસેલા એવા સાહેદો તપાસી પ્રાવો નોંધી અને પક્ષકાર ને સાંભળવાની તક આપી હુકમ કરવામાં આવ્યો હતો. જે કેસ અંકલેશ્વર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તેમજ મૌલિક પુરાવા સાથે કરવામાં આવેલ દલીલ ને ધ્યાને લઈ ને.કોર્ટ જી.એલ.દરજી દ્વારા સુરત ખાતે રહેતા કંપની માલિક હરીશચંદ્ર સાકરલાલ જારાવાલા ને ૩ વર્ષની સાદી કેદની સજા અને ૫૦.૦૦૦ રૂપિયાનો દંડ નો હુકમ કર્યો હતો.

# ડીસામાં ચેક રિટર્ન કેસમાં મહિલાને એક વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૧૧

ડીસામાં આવેલી ભોલેનાથ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાંથી લીધેલી લોન ન ભરતા મહિલાએ ક્રેડિટ સોસાયટીને ઉઘરાણી કરતા ચેક આપ્યો હતો. જે ચેક રીટર્ન થતા કોર્ટમાં કેસ કરતાં કોર્ટે મહિલાને એક વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, ડીસામાં આવેલ ધી ભોલેનાથ ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટી લિમિટેડમાંથી ડીસાની રત્નાકર સોસાયટીમાં રહેતા ભારતીબેન કમલેશભાઈ પઢિયારે રૂપિયા ૧,૦૦,૦૦૦ની લોન લીધી હતી. સદર લોનની રકમ તેઓએ ન ભરતાં ક્રેડિટ સોસાયટી દ્વારા ઉઘરાણી કરતા ભારતીબેને લોનની રકમ અને વ્યાજ સાથેનો રૂપિયા ૧,૭૨,૫૦૦નો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. આથી ક્રેડિટ સોસાયટીએ તેઓના વકીલ મારફતે ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ડીસા કોર્ટમાં ચાલી જતા ડીસાના બીજા અધિક એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એચ.એસ.ચાવડાએ ફરિયાદી પક્ષના વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ભારતીબેન પઢીયારને એક વર્ષ સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. જજે ચુકાદામાં એમ પણ જણાવ્યું હતું કે ચેકની રકમ રૂા.૧,૯૦,૦૦૦ આરોપીએ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવી અને જો વળતરની રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ પણ કરવામાં આવેલ છે.

# સુરેન્દ્રનગરમાં રિક્ષામાં મુસાફરોને લૂંટતી મહિલા સહિત બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૧

સુરેન્દ્રનગર શહેરમાં રિક્ષામાં મુસાફરોને બેસાડી મુસાફરના સ્વાંગમાં લૂંટ ચલાવતી ગેંગની યુવતી સહિત બે શખ્સને એલસીબી પોલીસે રોકડ રકમ, મોબાઈલ તેમજ રિક્ષા સહિત કુલ રૂપિયા ૧.૯૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. સુરેન્દ્રનગર શહેરમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી પેસેન્જરના સ્વાંગમાં રિક્ષામાં બેસી લૂંટ ચલાવતી ગેંગે તરખાટ મચાવ્યો હતો જેમાં તાજેતરમાં જ વઢવાણ તાલુકાના વેળાવદર ગામના રમેશ જીવણભાઇ મોરીને રિક્ષામાં બેસાડી તેમના પર્સમાં રહેલ રૂપિયા ૧૦ હજારની ચોરી અંગેની ફરિયાદ સુરેન્દ્રનગર સિટી એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાઇ હતી. એલસીબી પોલીસ ટીમે સીસીટીવી ફુટેજના આધારે શંકાસ્પદ હાલતમાં રિક્ષા લઇ પસાર થતાં અમીત દિનેશભાઇ ઉકેડીયા (રહે પોપટપરા રાજકોટ) અને અનિશાબેન નજીરભાઇ ફકીર (રહે નવાગામ ક્વાર્ટરસ)ને ઝડપી લીધા હતાં. આ બન્ને પાસેથી પોલીસે એક રિક્ષા, બે મોબાઇલ ફોન તેમજ રોકડ રકમ સહિત કુલ રૂા.૧,૯૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મુસાફરોને લૂંટતી આ ગેંગના બન્ને યુવાનો વિરુદ્ધ રાજકોટ અને મોરબીમાં કુલ ૨૧ જેટલા અલગ અલગ ગુન્હાઓ નોંધાઇ ચુક્યા છે ત્યારે રાજકોટ બાદ આ ગેંગ સુરેન્દ્રનગરમાં સક્રિય થઇ હતી પરંતુ એક ગુન્હાને અંજામ આપ્યા બાદ તુરંત જ પોલીસે ગેંગના બે વ્યક્તિને ઝડપી લીધો હતો.

# ‘લોહિયાળ હત્યાકાંડ’ : ગાઝામાં શાળા પર ઇઝરાયેલના હુમલાની વૈશ્વિક પ્રતિક્રિયા

(એજન્સી) તા.૧૧

ગાઝા શહેરમાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓ માટે શાળાના આશ્રયસ્થાન પર ઈઝરાયેલન હુમલાથી મહિલાઓ અને બાળકો સહિત ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, પેલેસ્ટીન અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક વધવાની અપેક્ષા છે. ઈઝરાયેલી સૈન્યએ દાવો કર્યો હતો કે શનિવારે તેની વાયુસેનાએ અલ-તાબીન શાળામાં "કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર" પર હુમલો કર્યો હતો જે હમાસના કમાન્ડરો માટે હતું. તેણે તેના પુરાવા આપ્યા ન હતા અને કહ્યું હતું કે તેણે પેલેસ્ટિનિયન અધિકારીઓના મૃત્યુની સંખ્યાને અચોક્કસ ગણાવીને નાગરિકોને નુકસાન પહોંચાડવાનું જોખમ ઘટાડવા માટે પગલાં લીધાં છે.



યુએન એજન્સીના વડા ફિલિપ લાઝારિનીએ આ ભયાનકતાનો અંત લાવવા હાકલ કરી હતી.

**ઈસ્લામિક સહકાર સંગઠન :** OIC એ જણાવ્યું હતું કે, આ હુમલો ગાઝા પટ્ટીમાં દસ મહિનાથી વધુ સમયથી ઈઝરાયેલના કબજા દ્વારા કરવામાં આવેલ ક્રૂર હત્યાકાંડ અને નરસંહાર છે.

**યુનાઈટેડ કિંગડમ :** વિદેશ સચિવ ડેવિડ લેમીએ કહ્યું કે તેઓ ઈઝરાયલી સૈન્યના આ હુમલાથી દુઃખદ જાનહાનિથી દુખી છે. હમાસે નાગરિકોને જોખમમાં મૂકવાનું બંધ કરવું જોઈએ. ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન કરવું આવશ્યક છે, અને નાગરિકોનું રક્ષણ

## હમાસે આ હુમલાની નિંદા કરી છે અને કતારે ‘અસુરક્ષિત નાગરિકો સામે ક્રૂર અપરાધ ગણાવ્યો છે

પલેસ્ટીન જૂથના રાજકીય બ્યુરોના સભ્ય, ઈઝ્ઝત અલ-રિશ્કે જણાવ્યું હતું કે શાળામાં કોઈ સશસ્ત્ર માણસો નથી. હમાસે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે જૂથના કમાન્ડ સેન્ટર તરીકે શાળાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના ઈઝરાયેલના દાવાઓ નાગરિકો, શાળાઓ, હોસ્પિટલો અને શરણાર્થીઓના તંબુઓને નિશાન બનાવવાના બહાના છે, જે તમામ ખોટા બહાના છે.

અમે અમારા આરબ અને ઈસ્લામિક દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તેમની જવાબદારીઓ નિભાવવા અને આ નરસંહારને રોકવા અને અમારા લોકો અને અસુરક્ષિત નાગરિકો સામે વધતા ઝિઓનિસ્ટ આક્રમણને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા આહ્વાન કરીએ છીએ. હરીફ પેલેસ્ટીન જૂથ ફતાહે જણાવ્યું હતું કે આ હુમલો "જઘન્ય લોહિયાળ હત્યાકાંડ" છે.

**ઈરાન :** ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી શમખાનીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ સરકારનું લક્ષ્ય યુદ્ધવિરામ વાટાઘાટોને નિષ્ફળ બનાવવા અને યુદ્ધ ચાલુ રાખવાનું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા નાસેર કનાનીએ કહ્યું કે ઈઝરાયલે ફરીથી બતાવ્યું છે કે તે આંતરરાષ્ટ્રીય કાયદા માટે પ્રતિબદ્ધ નથી. તેમણે યુએન સિક્યુરિટી કાઉન્સિલ પાસેથી તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી અને કહ્યું કે ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ખતરો છે.

**કતાર :** વિદેશી બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે આ હુમલો ભયાનક નરસંહાર અને અસુરક્ષિત નાગરિકો સામેનો ક્રૂર અપરાધ છે. તેણે ગાઝામાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓ માટે આશ્રયસ્થાનો પરના હુમલાઓની તપાસ કરવા માટે સ્વતંત્ર યુએન ફેક્ટ-ફાઈન્ડિંગ મિશનની હાકલ કરી હતી અને માગણી કરી હતી કે આંતરરાષ્ટ્રીય સમુદાય ઈઝરાયેલને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આંતરરાષ્ટ્રીય કાયદાને સમર્થન આપે. કતાર, ઈજિપ્ત અને યુનાઈટેડ સ્ટેટ્સે ગુરૂવાર માટે યુદ્ધવિરામ વાટાઘાટોના નવા રાઉન્ડ માટે હાકલ કરી છે

**ઈજિપ્ત :** વિદેશ મંત્રાલયે કહ્યું કે ઈઝરાયેલ દ્વારા નિઃશસ્ત્ર પેલેસ્ટીઓની ઈરાદાપૂર્વકની હત્યા દર્શાવે છે કે ગાઝામાં યુદ્ધને સમાપ્ત કરવા માટે તેની પાસે રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે. આવા હુમલા આંતરરાષ્ટ્રીય કાયદા માટે અભૂતપૂર્વ અવગણના દર્શાવે છે.

**જોર્ડન :** ઈઝરાયેલનો હુમલો તમામ માનવતાવાદી મૂલ્યોની વિરૂદ્ધ છે અને ઈઝરાયેલી સરકાર શાંતિ પ્રયાસોને અવરોધિત કરવાના પ્રયાસનો સંકેત છે.

**સઉદી અરેબિયા :** વિદેશ મંત્રાલયે આ હુમલાને વખોડી કાઢ્યો છે અને ભાર મૂક્યો કે એક્લેવમાં સામૂહિક હત્યાકાંડ રોકવાની જરૂર છે. ગાઝા આંતરરાષ્ટ્રીય કાયદાના સતત ઉલ્લંઘનને કારણે અભૂતપૂર્વ માનવતાવાદી આપત્તિનો અનુભવ કરી રહ્યું છે.

**લેબનોન :** વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું આ હુમલો આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા પ્રત્યે ઈઝરાયેલ સરકારની અવગણના અને યુદ્ધને લંબાવવા અને તેના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવાના તેના ઈરાદાના સ્પષ્ટ પુરાવા આપે છે.

**તુર્કી :** વિદેશ મંત્રાલયે કહ્યું કે, ઈઝરાયેલે એક શાળામાં આશરો લેનારા સોથી વધુ નાગરિકોની હત્યા કરીને માનવતા વિરૂદ્ધ નવો ગુનો કર્યો છે.

**UNRWA :** પેલેસ્ટીની શરણાર્થીઓ માટે કરવા, તમામ બંધકોને મુક્ત કરવા અને સહાય પરના પ્રતિબંધોને સમાપ્ત કરવા માટે યુદ્ધવિરામની હાકલ કરી છે.

**યુરોપિયન યુનિયન :** બ્લોકના વિદેશ નીતિના વડા, જોસેપ બોરેલે જણાવ્યું હતું કે તેઓ હુમલાથી "ભયભીત" છે, તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૦ શાળાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ હત્યાકાંડ માટે કોઈ સમર્થન નથી.

**યુએન રિપોર્ટર :** ફ્રાન્સેસ્કા અલ્બેનિસે પેલેસ્ટિનિયન પ્રદેશ પર ગાઝામાં સામૂહિક રક્તપાત પ્રત્યે વિશ્વની ઉદાસીનતાની નિંદા કરતા કહ્યું કે, ઈઝરાયેલ પેલેસ્ટિનિયનોની નરસંહાર કરી રહ્યું છે.

**સેવ ધ ચિલ્ડ્રન :** યુનાઈટેડ કિંગડમ સ્થિત ચેરિટીના પ્રાદેશિક નિર્દેશક ટેમર કિરોલોસે તેને છેલ્લા ઓક્ટોબર પછીની શાળા પરનો સૌથી ભયંકર હુમલો ગણાવ્યો હતો. કિરોલોસે જણાવ્યું હતું કે, આટલા બધા બાળકો અને શાળામાં સવારની નમાઝ માટે આવેલા લોકો સહિતની હત્યા વિનાશક છે. નાગરિકો, બાળકો, સુરક્ષિત હોવા જોઈએ. તેના માટે તાત્કાલિક નિશ્ચિત યુદ્ધવિરામ એ એકમાત્ર માર્ગ છે.

# શાળા પર હુમલા પછી યુએન રિપોર્ટરે ઇઝરાયેલ પર ‘નરસંહાર’નો આરોપ મૂક્યો



(એજન્સી) તા.૧૧

સ્થાનિક બચાવકર્તાના જણાવ્યા મુજબ, ગઈકાલે (૧૦ ઓગસ્ટ, ૨૦૨૪)ના રોજ એક શાળાને નિશાન બનાવતા ઈઝરાયેલી હુમલામાં ૯૩ લોકો માર્યા ગયા પછી સ્વતંત્ર, યુએન દ્વારા નિયુક્ત અધિકાર નિષ્ણાતે ઈઝરાયેલ પર તેના ગાઝા યુદ્ધમાં "નરસંહાર" કરવાનો આરોપ મૂક્યો હતો.

અધિકારો પર સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિ, ફ્રાન્સેસ્કા અલ્બેનીઝે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઉપયોગ કરીને પેલેસ્ટીનીઓનો સામે આવા હુમલાઓ કરી રહ્યું છે. પેલેસ્ટીનીઓ તેમની સુરક્ષા કરવામાં અમારી સામૂહિક અસમર્થતા માટે અમને માફ કર."

માર્ચમાં જારી કરાયેલા એક અહેવાલમાં, અલ્બેનીઝે જણાવ્યું હતું કે ઈઝરાયેલે ગાઝામાં તેના યુદ્ધમાં "નરસંહાર"ના અનેક કૃત્યો કર્યા છે તે નિર્ધારિત કરવા માટે "વાજબી કારણો" છે.

ઈઝરાયેલ, જે લાંબા સમયથી

**UNના સ્પેશિયલ રિપોર્ટર ફ્રાન્સેસ્કા અલ્બેનિસે જણાવ્યું હતું કે, "ઇઝરાયેલ પેલેસ્ટીનીઓના પડોશી વિસ્તાર, હોસ્પિટલ, શાળાઓ, શરણાર્થી શિબિર તેમજ સલામત ઝોનમાં એક પછી એક સમયે નરસંહાર કરી રહ્યું છે."**

જણાવ્યું કે, "ઈઝરાયેલ પેલેસ્ટીનીઓ પર નરસંહાર કરી રહ્યું છે તેમણે સમયે એક પડોશી, એક સમયે હોસ્પિટલ, તે સમયે એક શાળા, તે જ સમયે શરણાર્થી શિબિર, તે સમયે એક સલામત ઝોન પર હુમલો કર્યો હતો."

અલ્બેનીઝે જણાવ્યું કે, "ઈઝરાયેલ અમેરિકા અને યુરોપીયન શસ્ત્રોનો અલ્બેનીઝ અને તેના આદેશની ખૂબ ટીકા કરી રહ્યું છે, તેણે તેના અહેવાલને "વાસ્તવિકતાના અશ્લીલ વ્યુત્ક્રમ" તરીકે વખોડ્યો હતો.

તેણીએ "અલબત્ત" ઈઝરાયેલ પરના હુમલા માટે હમાસની પણ નિંદા કરી હતી જે હુમલા બાદ ગાઝા પટ્ટીમાં ૧૦મહિનાનું યુદ્ધ શરૂ થયું હતું.

# ગાઝા પર ઈઝરાયેલનો શાળાના હુમલામાં ડઝનેક લોકોનાં મોતથી દુઃખ અને ગુસ્સો

(એજન્સી) તા.૧૧

ગાઝા સિટી સ્કૂલના વિસ્થાપિત પેલેસ્ટીની આવાસ પર ઈઝરાયલી હુમલામાં ૧૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને ડઝનેક ઘાયલ થયા. ઘેરાબંધી અને બોમ્બમારા હેઠળના વિસ્તારમાં અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો કે સ્થાનિક ડોકટરો "સામનો કરવા માટે સંઘર્ષ" કરી રહ્યા હતા કારણ કે અલ-તાબીન શાળા પરના હુમલાના ઘણા પીડિતો "ટુકડાઓમાં" લાવવામાં આવ્યા હતા. યુરોપિયન યુનિયન, રશિયા, યુકે, બેલ્જિયમ, ઈજિપ્ત, કતાર, સંયુક્ત અરબ અમીરાત, સઉદી અરેબિયા અને તુર્કીએ શાળા-થી-આશ્રય સ્થળ પર ઘાતક ઈઝરાયલી હવાઈ હુમલાની ટીકા કરી છે. ગાઝા સિટીના શાળા સંકુલના વિસ્થાપિત પરિવારો પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં લગભગ ૧૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મૃત્યુઆંક અંદાજે ૪૦,૦૦૦ પેલેસ્ટીનીનો પર પહોંચી ગયો છે. ઈઝરાયેલી સૈન્યએ દાવો કર્યો છે કે તેણે શુક્રવારે હમાસના સામાન્ય સુરક્ષા દળોના એક ઉચ્ચ અધિકારીને હવાઈ હુમલામાં મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીનીન રાષ્ટ્રપતિના પ્રવક્તાએ વોશિંગ્ટનને



"ઈઝરાયેલ માટે આંધળો સમર્થન" સમાપ્ત કરવા વિનંતી કરી છે, જે બાળકો, મહિલાઓ અને વૃદ્ધો સહિત હજારો નિર્દોષ નાગરિકોની હત્યા તરફ દોરી જાય છે.

ઈઝરાયેલે હજારો લોકોને ખાન યુનુસના પૂર્વ ભાગમાંથી બહાર નીકળવાનો આદેશ આપ્યો છે. યુનાઈટેડ નેશન્સનો અંદાજ છે કે ૬૦,૦૦૦થી૭૦,૦૦૦ લોકોને નવા ઈઝરાયલી ઈવેક્યુએશન ઓર્ડર હેઠળ શહેરના પૂર્વીય ભાગને આવરી લેતા ભાગી જવાની ફરજ પડી છે. વિદેશ મંત્રી હાડજા લહબીબે કહ્યું કે બેલ્જિયમ "ગાઝામાં એક શાળા પરના હુમલાની સખત ટીકા કરે છે, જેના પરિણામે ઓછામાં ઓછા સો વિસ્થાપિત લોકોનું નુકસાન થયું છે". X પરની એક પોસ્ટમાં, લહબીબે લખ્યું કે "આ યુદ્ધ તરત જ બંધ થવું જોઈએ. નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું એ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે અને અસ્વીકાર્ય છે."

X પર એક અલગ નિવેદનમાં, તેમણે એમ પણ જણાવ્યું કે તેમણે તેમના ઈજિપ્તીયન સમકક્ષ, બદર અબ્દેલતી સાથે વાત કરી, "મધ્ય પૂર્વમાં વધુ ઉગ્રતા ટાળવા અને ગાઝામાં સંઘર્ષનો કાયમી રાજકીય ઉકેલ શોધવા માટે મધ્યસ્થી પ્રયાસો પર."

# ઈઝરાયેલે લેબેનોન પરના હુમલામાં વધારો કર્યો, હમાસના અધિકારીની હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલે લેબેનોનમાં તેના હુમલાઓ વધારો કર્યો છે, અને તેમણે દરિયાકાંઠાના શહેર સિડોનમાં હમાસના એક અધિકારીની હત્યા કરી હતી, તેમજ આ ક્ષેત્ર આ મહિનાની શરૂઆતમાં બેરૂતમાં તેમના કમાન્ડર ફુઆદ શુક્રની હત્યા માટે હિઝબુલ્લાહના બદલો લેવાની અપેક્ષા રાખે છે. લેબેનોનની દક્ષિણી સરહદથી લગભગ ૫૦km(૩૦ માઈલ) દૂર દરિયાકાંઠાના શહેર સિડોનમાં ઈઝરાયેલી ડ્રોન હુમલામાં હમાસના અધિકારી સમેર અલ-હજનું મોત થયું હતું, જેઓ પડોશી આઈન અલ-હિલ્વેહ પેલેસ્ટીની શરણાર્થી શિબિરમાં સ્થિત હતા.

લેબેનીઝ મીડિયા આઉટલેટ્સ અનુસાર, હુમલામાં બે નાગરિકો ઘાયલ થયા હતા. હમાસે શુક્રવારે અલ-હજને “શહીદ” ગણાવ્યો હતો. ઈઝરાયેલી સૈન્યએ તેમને કમાન્ડર તરીકે વર્ણવ્યો હતો જે લેબેનોનથી ઈઝરાયેલ પર હુમલા માટે જવાબદાર હતો. લેબેનોન નેશનલ ન્યૂઝ એજન્સના અહેવાલ મુજબ, અલ-હજની હત્યાની નિંદા કરવા માટે શુક્રવારે સિડોનમાં અચાનક વિરોધ ફાટી નીકળ્યો હતો. ઈઝરાયેલે સરહદી નગરો અને ગામડાઓમાં પણ હુમલા કર્યા હતા, જેમાં



કેફર કિલા, મીસ અલ-જબાલ અને માર્કબાનો સમાવેશ થાય છે.

ઈઝરાયેલી હુમલાઓ એટલા માટે કરવામાં આવે છે કારણ કે હિઝબોલ્લાહ અધિકારીઓ કહે છે કે જૂથ શુક્રની હત્યાનો જવાબ આપશે, જે જુલાઈના અંતમાં બેરૂતમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઘણા નાગરિકો સાથે માર્યા ગયા હતા.

તેહરાનમાં હમાસના વડા ઈસ્માઈલ હનીયાહની હત્યા માટે ઈરાન ઈઝરાયેલ સામે પોતાનો બદલો લેવાનો હુમલો કરે તેવી પણ અપેક્ષા છે. તે જ સમયે, હિઝબોલ્લાએ સરહદ પાર ઈઝરાયેલ સાથે તેની લગભગ દૈનિક અથડામણ ચાલુ રાખી છે. શુક્રવારના રોજ, લેબનીઝ જૂથે ઈઝરાયલ સામે અનેક હુમલાઓનો દાવો કર્યો કે, ઉત્તરી ઈઝરાયેલી શહેર ડોવેવ અને અલ-મનરામાં સૈનિકો દ્વારા ઉપયોગમાં લેવાતી ઈમારતોને નિશાન બનાવવાનો અને કિરયાત શમોનામાં લશ્કરી થાણા પર રોકેટ શરૂ કરવાનો સમાવેશ થાય છે.

ઑક્ટોબર ૭ના રોજ ગાઝા પર યુદ્ધ ફાટી નીકળ્યાના બીજા દિવસે હિઝબુલ્લાએ ઉત્તર ઈઝરાયેલમાં લશ્કરી થાણા પર હુમલો કરવાનું શરૂ કર્યું જેમાં તે પેલેસ્ટીની જૂથોને સમર્થન આપવા માટે "સમર્થન મોરચો" પણ સામેલ છે. દુશ્મનાવટ મોટાભાગે સરહદી પ્રદેશ સુધી સીમિત રહી છે, જેના કારણે હજારો લેબેનીઝ અને ઈઝરાયેલી રહેવાસીઓને આ વિસ્તાર છોડીને ભાગી જવાની ફરજ પડી છે. પરંતુ લેબનીઝ રાજધાનીના દહીયેહ ઉપનગરોમાં શુક્રની હત્યાથી બંને પક્ષો વચ્ચે તણાવ વધવાની આશંકા વધી ગઈ છે. હિઝબુલ્લાહનું કહેવું છે કે તે સર્વાંગી યુદ્ધની શોધમાં નથી, પરંતુ યુદ્ધ ફાટી નીકળે તો તે માટે તૈયાર છે. ગયા અઠવાડિયે, જૂથના વડા હસન નસલ્લાહે જણાવ્યું હતું કે ઈઝરાયેલે બેરૂત પર હુમલો કરીને લાલ રેખાઓ પાર કરી છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની હત્યાનો બદલો "અનિવાર્ય" છે. શુક્રની હત્યા એ આ વર્ષે લેબેનીઝ રાજધાની અને તેના ઉપનગરો પર બીજો ઇઝરાયેલ હુમલો હતો. જાન્યુઆરીમાં દહીયેહમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં હમાસના અધિકારી સાલેહ અલ-અરૌરીનું મોત થયું હતું. શુક્રવારે સરહદથી દૂર અલ-હજની હત્યા હિઝબુલ્લાહ અને ઇઝરાયેલ વચ્ચેના તણાવને વધુ વેગ આપે તેવી શક્યતા છે.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ : ઈઝરાયેલી સૈન્યએ દક્ષિણ ગાઝામાં બીજા સામૂહિક સ્થળાંતરનો આદેશ આપ્યો



(એજન્સી) તા.૧૧

ઈઝરાયેલી સૈન્યએ દક્ષિણ ગાઝામાં ખાન યુનિસની આસપાસના મોટા વિસ્તારોમાં ફરીથી સામૂહિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે, અને કહ્યું છે કે તેના દળો ટૂંક સમયમાં પેલેસ્ટીની રોકેટ હુમલાના જવાબમાં ત્યાં કાર્યવાહી કરશે. ગાઝાના બીજા સૌથી મોટા શહેર, ખાન યુનિસને આ વર્ષની શરૂઆતમાં હવાઈ અને જમીન કામગીરી દરમિયાન વ્યાપક વિનાશનો સામનો કરવો પડ્યો હતો. ઈઝરાયેલી દળો વારંવાર ગાઝાના ભારે નાશ પામેલા વિસ્તારોમાં પાછા ફર્યા છે જ્યાં તેઓ ૧૦ મહિના જૂના યુદ્ધની શરૂઆતથી હમાસ અને અન્ય આતંકવાદીઓ સામે અગાઉ લડાઈ લડ્યા હતા.

# સીરિયામાં અમેરિકી સૈનિકોએ હુમલો કર્યો, ઈજાના કોઈ પ્રારંભિક અહેવાલ નથી : અધિકારી

(એજન્સી) તા.૧૧

એક યુએસ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું, ઉત્તરપૂર્વીય સીરિયામાં યુએસ સૈનિકો પર ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જોકે પ્રારંભિક અહેવાલો અનુસાર કોઈ ઈજાઓ નથી. મધ્યપૂર્વમાં યુએસ દળો સામે તાજેતરના દિવસોમાં આ બીજો હુમલો છે, કારણ કે આ ક્ષેત્રમાં ઈરાન અને તેના સહયોગીઓ દ્વારા હુમલાની નવી લહેરનો ભય છે. ઈરાન સમર્થિત હમાસના રાજકીય નેતા ઈસ્માઈલ હનીયેહની ૩૧ જુલાઈના રોજ ઈરાનની રાજધાની તેહરાનમાં હત્યા કરવામાં આવી હતી, જે હુમલો ઈરાન દ્વારા ઈઝરાયેલ સામે બદલો લેવાની ધમકીઓ આપે છે, જે ગાઝામાં પેલેસ્ટીની ઈસ્લામિક જૂથ સામે લડી રહ્યું છે. ઈરાને આ હત્યા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું. ઈઝરાયેલે જવાબદારી સ્વીકારી નથી. ઈરાન સમર્થિત લેબનીઝ જૂથ હિઝબુલ્લાહના વરિષ્ઠ લશ્કરી કમાન્ડર, ફુઆદ શુક્રની હત્યા અને બેરૂત પરની હડતાલમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી હત્યાથી ગાઝામાં સંઘર્ષ વ્યાપક મધ્ય પૂર્વ યુદ્ધમાં ફેરવાઇ રહ્યો હોવાની ચિંતામાં વધારો થયો છે. ઈરાને કહ્યું છે કે, ઈઝરાયેલને સમર્થન આપવાને કારણે હનીયેહની હત્યામાં અમેરિકા જવાબદાર છે. યુએસ અધિકારીએ સીરિયામાં થયેલા હુમલા અંગે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું, પ્રારંભિક અહેવાલો કોઈ ઈજાઓ સૂચવતા નથી, જો કે તબીબી મૂલ્યાંકન ચાલુ છે. અમે હાલમાં નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ. આ હુમલો રૂમાલિન લેન્ડિંગ



ઝોનમાં થયો હતો, જ્યાં યુએસ સૈનિકોની સાથે યુએસની આગેવાની હેઠળના ગઠબંધનના સૈનિકો યજમાન છે. સોમવારે પશ્ચિમ ઈરાકમાં આઈન અલ-અસદ એરબેઝ પર બે કટ્યુષા રોકેટ છોડવામાં આવતાં પાંચ યુએસ કર્મચારીઓ ઘાયલ થયા હતા, પેન્ટાગોને ઈરાન સમર્થિત પ્રોક્સીઓ પર આ હુમલો કર્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ પાસે સીરિયામાં ૯૦૦ અને પાડોશી ઈરાકમાં ૨૫૦૦ સૈનિકો છે, જેઓ કહે છે કે દેએશના પુનરૂત્થાનને રોકવા માટે પ્રયાસ કરી રહેલા સ્થાનિક દળોને સલાહ આપવા અને મદદ કરવાના મિશન પર છે, જેણે ૨૦૧૪માં બંને દેશોના મોટા ભાગનો કબજો મેળવ્યો હતો પરંતુ પાછળથી તેને પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# મનીષ સિસોદિયા જેવા અન્ય સંખ્યાબંધ લોકો જેલમાંથી બહાર ક્યારે આવશે ?

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને એકસાઇઝ પોલિસી કૌભાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે છેવટે શરતી જામીન આપી દીધા છે. મનીષ સિસોદિયાને જામીન મળવા કરતા પણ વધુ મહત્ત્વની બાબત સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતોને આપેલી શિખામણ છે કે ‘જામીન એ એક નિયમ છે અને જેલ એ અપવાદ’...અર્થાત નાગરિકોની સ્વતંત્રતાનો અધિકાર એ બંધારણે બક્ષેલો પવિત્ર અધિકાર છે અને અદાલતોએ આ અધિકારનું રક્ષણ કરવું જોઈએ.

ખરેખર તો જામીન માટેની અરજીને સજા માનીને ટાળવી ન જોઈએ અને આ વાત ખુદ નામદાર સુપ્રીમકોર્ટ અગાઉ પણ ઘણી વખત કહી ચૂકી છે પરંતુ કોને ખબર કેમ નીચલી અદાલતો તેને કેમ ગંભીરતાથી લેતી નથી ?

મનીષ સિસોદિયાને આબકારી નીતિમાં કથિત કૌભાંડના આરોપ હેઠળ પહેલાં ઈડીએ અને પછી સીબીઆઈએ જેલમાં પૂરી દીધા હતા. ૧૭ મહિના એટલે કે દોઢ વર્ષથી પણ વધુ સમયથી જેલના સળિયા પાછળ રહેલા સિસોદિયા નીચલીથી લઈને ઉપલી કોર્ટ સુધીમાં સતત પોતાની ધરપકડને પડકારીને જામીન માટે અરજ કરતા રહ્યા પરંતુ કોઈને કોઈ કારણસર તેમને જેલમાં જ રહેવું પડ્યું. આટલો લાંબો સમય તેમણે જેલમાં વિતાવ્યા બાદ હવે તેમને જામીન મળ્યા છે ત્યારે સ્વાભાવિક છે કે તેમનામાં અને તેમના પક્ષમાં પણ આશાનો સંચાર થયો હોય પરંતુ આ સવાલ તો હજી ઊભો જ છે કે જ્યારે એક ચૂંટાયેલી સરકારના નાયબ મુખ્યમંત્રી જેવા જવાબદાર હોદ્દા પર રહેલી વ્યકિતને જો આટલો લાંબો સમય સુધી જેલમાં રહેવા મજબૂર થવું પડતું હોય તો સામાન્ય લોકોની કેવી કફોડી હાલત થતી હશે એ વિચારવું રહ્યું. માત્ર રાજકીય નેતાઓ જ નહીં પરંતુ ઉમર ખાલિદ, જ્યોતિ જગતાપ, મહેશ રાઉત, ગુલ્ફિશાં ફાતિમા જેવા સંખ્યાબંધ કર્મશીલો હજી પણ જેલમાં વગર જામીને સબડી રહ્યાં છે. જ્યારે જે લોકો જામીન પર છૂટયા છે એમણે ખૂબ લાંબી પ્રતિક્ષા કરવી પડી છે. જેમ કે ઉમર ખાલિદને જેલમાં વગર જામીને ચાર વર્ષ અને ગુલ્ફીશાં ફાતિમાને ત્રણ વર્ષ કરતાં વધુનો સમય વીતી ગયો છે અને હજી પણ તેમને જામીન મળશે કે કેમ એ અંગે પણ મોટો પ્રશ્નાર્થ જ છે બાકી મનીષ સિસોદિયાને જામીન આપતી વખતે જે શબ્દો સુપ્રીમ કોર્ટે ઉચ્ચાર્યા તેવા શબ્દો નીચલી કોર્ટો કોને ખબર આવા અન્ય લોકો માટે ક્યારે ઉચ્ચારશે ?

વળી એવું નથી કે સિસોદિયાને જ લાંબો સમય સુધી વગર જામીને જેલમાં રહેવું પડ્યું હોય, મોટા ભાગે વિપક્ષના નેતાઓની સ્થિતિ આવી જ થઈ રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પણ હજી જામીન નથી થયા. જ્યારે પૂર્વમંત્રી સત્યેન્દ્ર જૈનની પણ આવી જ દશા છે. તો બીજી તરફ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન તથા ‘આપ’ના જ સાંસદ સંજયસિંહે પણ સારો એવો સમય જેલમાં વિતાવવો પડયો...આવી પરિસ્થિતિ જોતાં સીબીઆઈ કે ઈડી જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓની કામગીરી સામે જ આંગળી ચિંધાઈ રહી છે કારણ કે પૂરતા આવા પુરાવા વગર જ મોટા ભાગના વિપક્ષી નેતાઓને જેલોમાં ગોંધી રાખ્યા એટલું જ નહીં પણ કોને ખબર કેમ નીચલી અદાલતોએ પણ આ મુદ્દે પોતાની જ સર્વોચ્ચ સંસ્થા એવી સુપ્રીમ કોર્ટની સૂચના અંગે કેમ ધ્યાન આપ્યું નથી ? કેમ કે આવી રીતે જવાબદાર હોદ્દાઓ પર રહેલા નેતાઓ કે લોકોને ન્યાય અપાવવા માટે લડી રહેલા કર્મશીલોને લાંબો સમય સુધી ગોંધી રાખવાથી પ્રજાને જ નુકસાન થાય છે કેમ કે તેમના કામો અટકી પડે છે... વળી એવું તો નથી કે જામીન આપી દેવાથી જે તે વ્યકિત નિર્દોષ છૂટી જાય છે. એની વિરૂદ્ધ તપાસ તો ચાલતી જ રહે છે અને એમાં જો એ દોષિત ઠરે તો એને સજા ભોગવવી પડે છે. એટલે ફકત આરોપ અને શંકા કે શકયતાઓના આધારે જ લોકોને જેલોમાં પૂરી રાખવા એ એક રીતે તો ગુનો સાબિત થયા વગર જ સજા આપવા બરાબર જ ગણાય કે નહીં ? એટલે જ કદાચ સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતોને શિખામણ આપવી પડી છે પણ હવે તેને અદાલતો ગંભીરતાથી લે અને અમલ કરે એ જરૂરી છે કેમ કે જો સર્વે કરાવવામાં આવે તો મનોજ સિસોદિયાની જેમ દેશભરમાં હજારો લોકો આ રીતે વગર જામીને જેલોમાં સબડી રહ્યા હશે. તેમના સ્વતંત્રતાના અધિકારનું શું ? જેલ તો માત્ર અપવાદ છે બાકી જામીન આપવા એ નિયમ છે એમ ખુદ સર્વોચ્ચ અદાલત જ્યારે કહેતી હોય તો નીચલી અદાલતોએ આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવી રહી. નીચલી અદાલતોએ એ બાબતને પણ ધ્યાનમાં લેવી જોઈએ કે તપાસ એજન્સીઓ મોટા ભાગે સરકારોના ઈશારે કામ કરતી હોય છે. શાસક પક્ષના નેતાઓના ઈશારે તે વિરોધી નેતાઓ કે લોકોને કનડતી હોય છે. તાજેતરમાં પણ આપણે જોયું છે કે તપાસ સંસ્થાઓ જાતજાતની ટેક્નિકલ અડચણો ઊભી કરીને અદાલતમાં જામીન થવા દેતી નથી. હવે આવા સંજોગોમાં જો નીચલી અદાલતો પણ નાગરિકોના અધિકારો પ્રત્યે સુપ્રીમ કોર્ટ જેવી સંવેદનના નહીં દેખાડે તો પછી ન્યાય માટે મીટ માંડીને બેઠેલા લોકો ક્યાં જશે ??

# વકફ બિલ, ‘લવ, જમીન જેહાદ’ વિરુદ્ધ કાયદો - શા માટે ભાજપ લોકસભામાં પરાજય પછી ધ્રુવીકરણની રાજનીતિ પર પાછો ફરે છે

## વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં, નિષ્ણાતો કહે છે કે, ભાજપ ડ્રોઈંગ બોર્ડ પર પાછો જઈ રહ્યો છે અને તેની રણનીતિમાં ફેરફાર કરી રહ્યો છે, વિપક્ષ પાર્ટીની કાર્યવાહીને ‘મુસ્લિમ વિરોધી’ ગણાવે છે

**ભાગ-૧**

ભારતીય જનતા પાર્ટી ગત લોકસભા ચૂંટણીમાં ધ્રુવીકરણની કથા મતદારો સાથે પડઘો પાડવામાં નિષ્ફળ ગઈ હોવાની સામાન્ય ધારણાને ધ્યાનમાં લીધા વિના શાસક પક્ષ તેણે બમણું કરી રહ્યું હોય તેવું લાગે છે, જેને વિપક્ષ તેના “મુસ્લિમ વિરોધી” રાજકારણને આભારી ગણાવે છે. ગુરુવારે લોકસભામાં વિપક્ષના ગેરબંધારણીય અને મુસ્લિમ વિરોધી હોવાના આરોપને પગલે સંસદની સંયુક્ત સમિતિને મોકલાયેલ વકફ સુધારા બિલ, ૨૦૨૪, રાજ્યોમાં ભાજપની આગેવાની હેઠળની સરકારો દ્વારા મુસ્લિમોને લક્ષિત કરવામાં આવેલી શ્રેણીબદ્ધ જાહેરાતોમાં માત્ર નવીનતમ છે. ૪ ઓગસ્ટના રોજ, આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જાહેરાત કરી કે આજીવન કેદની જોગવાઈ માટે કહેવાતા ‘લવ જેહાદ’ વિરુદ્ધ કાયદો લાવવામાં આવશે. તેમણે જમીનના આંતર-ધાર્મિક ટ્રાન્સફરને નિયંત્રિત કરીને કથિત ‘લેન્ડ જેહાદ’ સાથે વ્યવહાર કરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. ૭ ઑગસ્ટના રોજ, સરમા X પર આવ્યા અને ૨૦૪૧માં આસામના ભાવિ અંગે ચિંતા વ્યક્ત કરી, જ્યારે તેમણે અગાઉ કહ્યું તેમ, કે રાજ્ય ૨૦૪૧માં મુસ્લિમ બહુમતી બનશે. ગયા મહિને, રાજસ્થાનના મુખ્યપ્રધાન ભજનલાલ શર્માએ, વિશ્વ વસ્તી દિવસના કાર્યક્રમને સંબોધિત કરતી વખતે, કહ્યું હતું કે લોકોની એક “શ્રેણી” સરકારના વસ્તી નિયંત્રણ પ્રયાસો પર ધ્યાન આપી રહી નથી. રાજ્યએ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના અમલ માટે બિલ લાવવાની પણ જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશ વિધાનસભાએ ૩૦ જુલાઈના રોજ ઉત્તર પ્રદેશના ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ (સુધારો) બિલ, ૨૦૨૪ પસાર કર્યો, તેની જોગવાઈઓને વધુ કડક બનાવી, છેતરપિંડી અથવા બળજબરીથી ધર્માંતરણના કેસમાં મહત્તમ આજીવન કેદની સજા સહિત. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ જણાવ્યું છે કે તેમનું રાજ્ય સ્થાપના દિવસ (૯ નવેમ્બર) પહેલા સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરશે.

રાજકીય વિશ્લેષકો કહે છે કે જે રમત રમાઈ રહી છે તે બે ધરી પર - જાતિ અને ધર્મ વચ્ચેની લડાઈ છે. “જ્યારે સરકાર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી રહેલા ચોક્કસ નીતિ સ્તરના ફેરફારો પર ટિપ્પણી કરવી શક્ય નથી, ત્યારે આ નીતિઓ સ્વયંમાં ધર્મ પર ભાજપની ધ્રુવીય ગતિશીલતાનું સાતત્ય દર્શાવે છે. દિલ્હી સ્થિત સેન્ટર ફોર પોલિસી રિસર્ચ (CPR)ના સાથી રાહુલ વર્માએ જણાવ્યું હતું કે કેટલીક સમસ્યાઓ સાથે, આ ધરી શાંત થઈ જાય છે અને અન્ય વખત વધુ સ્પષ્ટ થાય છે. “હકીકતમાં, ભારતીય રાજકારણમાં ગતિશીલતાની બે ધરીઓ - ધર્મ અને જાતિ વચ્ચે છેલ્લા ૩૫-૪૦ વર્ષોમાં સતત લડાઈ રહી છે. તેથી, તમારી પાસે જ્ઞાતિ વિપક્ષ દ્વારા ચિત્રિત કરવામાં આવે છે, અને તેના બદલે તેમના દ્વારા કરવામાં આવી રહેલી તુષ્ટિકરણની રાજનીતિ પર પ્રકાશ પાડે છે અને ભાજપે હંમેશા તેનો વિરોધ કર્યો છે. “જ્યારે અમે ટ્રિપલ તલાકને દૂર કરવા માટે પગલાં લીધાં હતાં, ત્યારે અમને સમાન પ્રતિસાદ મળ્યો હતો. હવે

**કરન્ટ ટોપિક**

**- નીલમ પાંડે**

એકત્રીકરણની ધરી છે જે વિપક્ષો, મુખ્યત્વે પ્રાદેશિક પક્ષો અને હવે કોંગ્રેસ દ્વારા અનુસરવામાં આવે છે. વર્માએ ઉમેર્યું હતું કે, ભાજપ જાતિથી દૂર રહેવા માટે ધર્મની ધરીનો ઉપયોગ કરે છે. બહુવિધ ભાજપના નેતાઓએ ThePrint સાથે વાત કરી હતી કે વકફ કાયદામાં સૂચિત સુધારો ‘મુસ્લિમ વિરોધી’ નથી, જેમ કે જ્યારે અમે બોર્ડમાં પારદર્શિતા લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે અમને મુસ્લિમ વિરોધી કહેવામાં આવી રહ્યા છે. હકીકતમાં, આની માંગ મુસ્લિમ સમુદાયના એક વર્ગમાંથી જ આવી હતી,” ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. જો કે, ભાજપનો એક વર્ગ એવો પણ દાવો કરે છે કે આ પગલું, હકીકતમાં, “કોંગ્રેસ દ્વારા જે



પ્રતીકારાત્મક તસવીર.

અનુસરવામાં આવી રહ્યું છે તેના માટે કુદરતી પરિણામ” છે - જાતિની વસ્તી ગણતરીની તેમની માંગ અને અનામતને દૂર કરવાની અથવા બંધારણમાં ફેરફારો કરવા જેવી સરકાર વિરુદ્ધ ‘બનાવટી કથા’ ચલાવી રહી છે. “લોકસભાની ચૂંટણીએ સ્પષ્ટ કર્યું કે વિપક્ષ બંધારણના સંદર્ભમાં નકલી ઝુંબેશ ચલાવવામાં સફળ રહ્યો છે કે મોદી સરકાર કેવી રીતે અનામતને દૂર કરશે. અમે સરકાર બનાવવામાં સફળ રહ્યા અને વિપક્ષના હુમલાને બુઠ્ઠો કરી શકે તેવા મજબૂત નિર્ણયો લેવાનું મહત્વપૂર્ણ બની ગયું. તેઓ વર્ષોથી જે તુષ્ટિકરણની રાજનીતિ રમી રહ્યા છે તે ક્ષણે સ્પષ્ટ થઈ ગયું કે વકફ બોર્ડમાં અમુક જરૂરી સુધારા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને તેમાંથી જે પ્રતિક્રિયા આવી,” ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

**(ક્રમશઃ)**

**(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)**

# દેશની સ્વતંત્રતાના ૭૭ વર્ષ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓની ભવ્ય ભૂમિકા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણી મુસ્લિમ મહિલાઓએ સક્રિય ભાગ લીધો હતો, જેમાંથી કેટલીક સ્ત્રીઓ હૈદરાબાદની હતી. આ યાદીમાં આબાદી બાનો બેગમ, બીબી અમ્તુસ સલામ, બેગમ અનીસ કિડવાઈ, બેગમ નિશાતુન્નિસા મોહની બાજી જમાલુન્નિસા, હાજરા બીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ ફકરૂલ હાજિયા હસનનો સમાવેશ થાય છે.

ભારતની સ્વતંત્રતાના ૭૭ વર્ષ થઈ ગયા છે અને દેશ તેની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આપણે એવા લોકોને યાદ કરવા જોઈએ જેમણે દેશના સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પરંતુ ઘણીવાર ઈતિહાસના આર્કાઈવ્સમાં અમુક લોકોને પર્યાપ્ત સ્થાન મળતું નથી.

આ ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવનારા પુરુષોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા હોવાથી, મહિલાઓએ પણ આ આંદોલનની કમાન સંભાળી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં રાણી લક્ષ્મીબાઈ, ઝલકારી બાઈ, દુર્ગા ભાભી, રાણી ગૈદિન્લિયુ અને બેગમ હઝરત મહેલ સહિતની મહિલાઓ અને તે સમય દરમિયાન ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. પણ દેશની સ્વતંત્રતા સંગ્રામનો એક ભાગ એવા અનેક નામો પણ છે. બેગમ મહેલ ઉપરાંત અનેક મુસ્લિમ મહિલાઓએ ભારતીય ઈતિહાસમાં પોતાની ઓળખ બનાવી છે. આબાદી બાનો બેગમ, બીબી અમ્તુસ સલામ, બેગમ અનીસ કિડવાઈ, બેગમ નિશાતુન્નિસા મોહની બાજી જમાલુન્નિસા, હજારા બીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ ફકરૂલ હાજિયા હસન એ લોકોમાંના એક છે જેઓ ભુલાઈ ગયા છે અથવા જાહેર સ્મૃતિમાં નથી.

**આબાદી બાનો બેગમ (જન્મ ૧૮૫૨-મૃત્યુ ૧૯૨૪) :**

આબાદી બાનો બેગમ એ પ્રથમ મુસ્લિમ મહિલા હતી જેમણે સક્રિયપણે રાજકારણમાં ભાગ લીધો હતો અને ભારતને બ્રિટિશ રાજમાંથી મુક્ત કરવાના આંદોલનનો પણ એક ભાગ હતા. આબાદી બાનો બેગમનો ગાંધી દ્વારા બી અમ્મા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેનો જન્મ ૧૮૫૨માં ઉત્તર પ્રદેશના અમરોહામાં થયો હતો. બી અમ્માના લગ્ન રામપુર રાજ્યના એક વરિષ્ઠ અધિકારી અબ્દુલ અલી ખાન સાથે થયા હતા.

તેમના પતિના અવસાન પછી બાનોએ પોતાના બાળકો (બે પુત્રી અને પાંચ પુત્રો)નો ઉછેર એકલા હાથે કર્યો. તેના પુત્રો મૌલાના મોહમ્મદ અલી જૌહર અને મૌલાના શૌકત અલી ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રણી વ્યક્તિઓ હતા. તેઓએ બ્રિટિશ રાજ સામે અસહકાર ચળવળ દરમિયાન મહત્વની ભૂમિકા ભજવી હતી.

૧૯૧૭-૧૯૨૧ દરમિયાન, તેમની નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં, બી અમ્માએ, સરોજિની નાયડુની ધરપકડ પછી, બ્રિટિશ સંરક્ષણ અધિનિયમનો વિરોધ કરવા દર મહિને ૧૦ રૂપિયાનું દાન કર્યું હતું. ૧૯૧૭માં બાનો એની બેસન્ટ અને તેમના પુત્રોને મુક્ત કરવાના આંદોલનમાં જોડાઈ, જેમની ૧૯૧૭ અંગ્રેજો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેઓ રૂઢિચુસ્ત મુસ્લિમ હોવા છતાં બી અમ્મા ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓના સૌથી અગ્રણી હતા.

મહિલાઓનું સમર્થન મેળવવા માટે મહાત્મા ગાંધીએ તેમને ઓલ-ઈન્ડિયન મુસ્લિમ લીગના સત્રમાં બોલવા માટે પ્રોત્સાહિત કર્યા, તેમણે એક ભાષણ આપ્યું જેણે બ્રિટિશ લોકો પર ભારતના મુસ્લિમોની કાયમી છાપ છોડી હતી. બાનોએ ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે ભંડોળ એકત્ર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

**બીબી અમ્તુસ સલામ (મૃત્યુ ૧૯૮૫) :**

પટિયાલાથી મહાત્મા ગાંધીની ‘દત્તક પુત્રી’ બીબી અમ્તુસ સલામ એક સામાજિક કાર્યકર અને ગાંધીના શિષ્ય હતા જેમણે વિભાજનને પગલે કોમી હિંસા સામે લડવામાં અને ભાગલા પછી ભારતમાં આવેલા શરણાર્થીઓના પુનર્વસનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેણીએ કલકત્તા, દિલ્હી અને



ડેક્કનમાં કોમી રમખાણો દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં જઈને પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો. બીબી સલામ ગાંધી આશ્રમના મુસ્લિમ કાર્યકર હતા અને સમય જતાં તે ગાંધીની દત્તક પુત્રી બની ગયા હતા. નોઆખલી રમખાણો પછી, ૯ ફેબ્રુઆરી, ૧૯૪૭ના રોજ ધ ટ્રિબ્યુનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં નોંધવામાં આવ્યું હતું કે અમ્તુસ સલામે ૨૫-દિવસના ઉપવાસ કર્યા હતા. અપહરણ કરાયેલી મહિલાઓ અને બાળકોને બચાવવાના પ્રયાસમાં રાજ્ય સત્તાવાળાઓની "બેદરકારી"ના વિરોધમાં તેણી બહાવલપુરના ડેરા નવાબ ખાતે અનિશ્ચિત ઉપવાસ પર બેઠી હતી.

**બેગમ હઝરત મહેલ (જન્મ ૧૮૨૦-મૃત્યુ ૧૮૭૯) :**

૧૮૫૭ના વિદ્રોહની પ્રતિષ્ઠિત વ્યક્તિ બેગમ હઝરત મહેલ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે લડ્યા હતા. અવધના શાસક નવાબ વાજિદ અલી શાહની પત્ની બેગમે અંગ્રેજો પાસેથી કોઈપણ પ્રકારનો ઉપકાર કે ભથ્થાં સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. બેગમે તેના સેનાપતિ રાજા જેલાલ સિંહની મદદથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે બહાદુરીપૂર્વક લડાઈ લડી હતી.

મુહમ્મદી ખાનુમ મહેલનો જન્મ ૧૮૩૦માં ઉત્તર પ્રદેશના ફૈઝાબાદમાં થયો હતો. ગુલામ હુસૈન તેના પિતા છે. તેણીને સાહિત્યની સમજ હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા હાઈવે માટે જગ્યા બનાવવા માટે મસ્જિદો અને મંદિરોનો વિનાશ પછી તેઓએ બળવો કર્યો હતો. જ્યારે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૮૫૬માં



અવધ પર આક્રમણ કર્યું અને અવધના છેલ્લા નવાબ તેમના પતિને કલકત્તામાં દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે બેગમે તેમના પુત્ર બિરજીસ કાદિર સાથે

**આઝાદીના જંગમાં મુસ્લિમોનું યોગદાન**

લખનૌમાં જ રહેવાનો નિર્ણય લીધો. ૩૧ મે, ૧૮૫૭ના રોજ, તેઓએ સ્વતંત્રતાની ઘોષણા કરવા અને અંગ્રેજોને શહેરમાંથી ભગાડવા માટે આહ્વાન કર્યું હતું.

૭ જુલાઈ, ૧૮૫૭ના રોજ, બેગમ હઝરત મહેલે તેમના પુત્ર, બિરજીસ ખાદીરને અવધના નવાબ જાહેર કર્યા. તેણીએ ૧,૮૦,૦૦૦ સૈનિકો ઉભા કર્યા અને નવાબની માતા તરીકે લખનૌના કિલ્લાનું ભવ્ય રીતે નવીનીકરણ કર્યું. ૭ એપ્રિલ ૧૮૭૯ના રોજ તેણીનું ત્યાં અવસાન થયું હતું.

**બેગમ અનીસ કિડવાઈ (જન્મ ૧૯૦૬-મૃત્યુ ૧૯૮૨) :**

અનિસ કિડવાઈ ઉત્તર પ્રદેશ (યુપી)ના રાજકારણી અને કાર્યકર્તા હતા અને તેઓએ પોતાનું મોટાભાગનું જીવન સ્વતંત્ર ભારતની સેવા કરવા, શાંતિ માટે કામ કરવા અને ભારતના ભયાનક ભાગલાના પીડિતોના પુનર્વસન માટે સમર્પિત કર્યું. તેણીએ ૧૯૫૬ થી ૧૯૬૨ સુધી રાજ્યસભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)નું પ્રતિનિધિત્વ કર્યું, સંસદના સભ્ય તરીકે બે વખત સેવા આપી હતી.

અનિસ બેગમ કિડવાઈ ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમિયાન સક્રિય રહી હતી. તેમના પતિ શફી અહેમદ કિડવાઈની



મુસ્લિમો અને હિંદુઓ વચ્ચે સહાનુભૂતિ વધારવા અને દેશના વિભાજનને રોકવાના પ્રયાસો બદલ સાંપ્રદાયિક દળો દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેણી તેના પતિના અવસાનથી ખૂબ જ વ્યથિત હતી. આ કમનસીબ દુર્ઘટનાના પરિણામે તેમના પતિના અવસાન બાદ તેણીએ દિલ્હીમાં મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી.

દેશના ભાગલાના પરિણામે જે મહિલાઓ તેમના જેવી જ પીડા ભોગવી રહી હતી તેમને ટેકો આપવા અને મદદ કરવા માટે, તેમણે મહાત્મા ગાંધીના નિર્દેશનમાં સુભદ્રા જોશી, મૃદુલા સારાભાઈ અને અન્ય જેવી મહિલા નેતાઓ સાથે કામ કરવાનું શરૂ કર્યું. તેણીએ પીડિતો માટે બચાવ શિબિરો પણ શરૂ કરી અને તેમને દરેક રીતે ટેકો આપ્યો. તેઓ તેને પ્રેમથી ‘અનીસ આપા’ કહેતા. તેમણે તેમના પુસ્તક ’આઝાદી કી ચાહ મેં’ માં રાષ્ટ્રના વિભાજન દરમિયાનના તેમના અનુભવો લખ્યા છે.

**બેગમ નિશાતુન્નિસા મોહાની (જન્મ ૧૮૮૪-મૃત્યુ ૧૯૩૭) :**

બેગમ નિશાતુન્નિસા મોહાનીનો જન્મ ૧૮૮૪માં અવધ, ઉત્તર પ્રદેશમાં થયો હતો. તેઓએ મૌલાના હસરત મોહાની સાથે લગ્ન કર્યા હતા જેઓ બહાદુર સ્વતંત્રતા યોદ્ધા હતા અને જેમણે “ઈન્કલાબ ઝિંદાબાદ” સૂત્ર આપ્યું હતું. બ્રિટિશ સત્તાના ઉગ્ર વિરોધી બેગમે મુક્તિ સંગ્રામના તત્કાલીન કટ્ટરપંથી બાળ ગંગાધર તિલકને ટેકો આપ્યો હતો.

બ્રિટિશ વિરોધી લેખ પ્રકાશિત કરવા બદલ તેમના જેલવાસ પછી તેણીએ તેમના પતિ, હસરત મોહાનીને પત્ર લખ્યો, તેમને પ્રોત્સાહિત કર્યા અને એમ કહીને તેમનો ઉત્સાહ વધાર્યો કે, "તમારા પર લાદવામાં આવેલા જોખમોનો હિંમતપૂર્વક સામનો કરો. તમારા તરફથી કોઈ નબળાઈ ન હોવી જોઈએ. જ્યારે તેમના પતિ જેલમાં હતા, ત્યારે તેમણે તેમના દૈનિક, ઉર્દૂ-એ-મુલ્લાનું પ્રકાશન સંભાળ્યું અને સરકાર સાથે વિવિધ કાનૂની વિવાદો સામે લડત આપી હતી.

**બાજી જમાલુન્નિસા, હૈદરાબાદ (જન્મ ૧૯૧૫- મૃત્યુ ૨૦૧૬) :**

તેલંગાણા સશસ્ત્ર સંઘર્ષમાં સક્રિયપણે ભાગ લેનાર બાજી જમાલુન્નિસાનું ૨૨ જુલાઈ ૨૦૧૬ના રોજ ૧૦૧ વર્ષની વયે આ શહેરમાં નિધન થયું હતું. જમાલુન્નિસા બાજીનો જન્મ ૧૯૧૫ માં હૈદરાબાદમાં થયો હતો અને તેઓ વંશીય શાંતિ અને સ્વતંત્રતા માટેના અગ્રણી હિમાયતી હતા. તેણી તેના માતાપિતાના ઉદાર/ પ્રગતિશીલ વાતાવરણમાં ઉછેર્યા પછી એક નાના બાળક તરીકે પ્રતિબંધિત જર્નલ "નિગાર" અને પ્રગતિશીલ સાહિત્ય વાંચવાનું શરૂ કર્યું. બ્રિટિશ રાજના એક ઘટક નિઝામ શાસનની પરંપરાગત ધાર્મિક પરંપરાઓમાં ઉછરેલી હોવા છતાં, તેણીએ રાષ્ટ્રવાદી ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેણીએ નિઝામના દમનકારી શાસન અને તેના સાસરિયાઓના વાંધાઓ પર અંગ્રેજોના શાસન છતાં સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું હતું.

પાછળથી, તેણી મૌલાના હઝરત મોહાનીને મળ્યા જેમણે તેણીને રાષ્ટ્રમાં સામ્રાજ્યવાદ વિરોધી ચળવળમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. તેણીએ સામ્યવાદી હોવા છતાં શાહી સરકાર દ્વારા ધરપકડ થવાથી બચવાનો પ્રયાસ કરતા સ્વાતંત્ર્ય સેનાનીઓને રક્ષણ પૂરૂં પાડ્યું હતું.

મૂળભૂત ઉચ્ચ શિક્ષણનો અભાવ હોવા છતાં, તેણી ઉર્દૂ અને અંગ્રેજીમાં અસ્ખલિત હતી અને તેણે સાહિત્યિક સમાજ બઝમે એહબાબની સ્થાપના કરી, જે સમાજવાદ, સામ્યવાદ અને ગેરવાજબી રિવાજો પર જૂથોમાં ચર્ચાઓ યોજતી હતી.

તેણીને હઝરત સૈયદ અહેમદ દરગાહમાં દફનાવવામાં આવી છે. તે સૈયદ અખ્તર હસનની બહેન હતી, જેઓ ભૂતપૂર્વ ધારાસભ્ય અને પાયમ ડેઈલીના સ્થાપક, અને "બાજી" તરીકે વધુ જાણીતા હતા. તે મકદૂમ મોહિઉદ્દીનની કમ્યુનિસ્ટ પાર્ટીની મિત્ર અને સભ્ય હતી. બાજી પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન અને વિમેન્સ કોઓપરેટિવ સોસાયટીના સ્થાપક સભ્ય પણ હતા.

**હાજરા બીબી ઈસ્માઈલ, આંધ્રપ્રદેશ (મૃત્યુ ૧૯૯૪) :**

મોહમ્મદ ઈસ્માઈલ સાહેબની પત્ની, હાજરા બીબી ઈસ્માઈલ, આંધ્ર પ્રદેશના ગુંટુર જિલ્લાના તેનાલીના સ્વાતંત્ર્ય યોદ્ધા હતા. ખાદી અભિયાન ચળવળ માટે પોતાને પ્રતિબદ્ધ કરનાર આ દંપતિ પર મહાત્મા ગાંધીની નોંધપાત્ર અસર હતી. ગુંટુર જિલ્લામાં, તેમના પતિ મોહમ્મદ ઈસ્માઈલે પ્રથમ ખદર સ્ટોર ખોલ્યો, જેનાથી તેમને "ખદ્દર ઈસ્માઈલ" તરીકે ઓળખવામાં આવે છે. હાજરા અને તેમના પતિએ ગાંધીને ટેકો આપ્યો હોવાથી, તેઓને મુસ્લિમ લીગ તરફથી ઉગ્ર દુશ્મનાવટનો સામનો કરવો પડ્યો હતો. રાષ્ટ્રીય ચળવળમાં તેમની સંડોવણી બદલ તેમના પતિની વારંવાર ધરપકડ કરવામાં આવી હોવા છતાં, હાજરા બીબીએ ક્યારેય ઉત્સાહ ગુમાવ્યો ન હતો.

**કુલસુમ સયાની (જન્મ ૧૯૦૦-મૃત્યુ ૧૯૮૭) :**

૨૧ ઓક્ટોબર, ૧૯૦૦ના રોજ ગુજરાતમાં કુલસુમ સયાનીનો જન્મ થયો હતો. તેણીએ ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો અને સામાજિક અન્યાય સામે લડત આપી હતી. કુલસુમ અને તેના પિતા ૧૯૧૭માં મહાત્મા ગાંધીને મળ્યા હતા. ત્યારથી, તેણીએ ગાંધી સાથે સમગ્ર ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમિયાન, તેણીએ સામાજિક ફેરફારોની હિમાયત કરી હતી. ડો. જાન મોહમ્મદ સયાની, જે એક જાણીતા સેનાની હતા તેમની સાથે તેણીએ લગ્ન કર્યાં હતાં. તેણીએ તેના પતિના સમર્થન સાથે ભારતીય સ્વતંત્રતા સંગ્રામની સંખ્યાબંધ ઘટનાઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેણીએ અભણ લોકો માટે કામ કરવાનું શરૂ કર્યું અને ચરખા ક્લાસમાં જોડાઈ હતી. તેણીએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના "જન જાગરણ" ઝુંબેશ પર પણ નોંધપાત્ર અસર કરી હતી, જેણે સામાજિક રિવાજો અંગે જનજાગૃતિ વધારી હતી.

**સૈયદ ફકરૂલ હાજિયા હસન (મૃત્યુ ૧૯૭૦) :**

સૈયદ ફકરૂલ હાજિયાન હસન, જેમણે માત્ર ભારતીય સ્વતંત્રતાની લડાઈમાં જ ભાગ લીધો ન હતો, પરંતુ તેમના બાળકોને પણ તેમાં ભાગ લેવા વિનંતી કરી હતી. તેણીનો જન્મ એક એવા પરિવારમાં થયો હતો જે ઈરાકથી ભારતમાં સ્થળાંતરિત થયો હતો. તેણીએ તેના બાળકોને સ્વાતંત્ર્ય સેનાની તરીકે ઉછેર્યા જેઓ પાછળથી "હૈદરાબાદ હસન બ્રધર્સ" તરીકે પ્રખ્યાત થયા.

હાજિયાએ અમીર હસન સાથે લગ્ન કર્યા, જેઓ ઉત્તર પ્રદેશથી હૈદરાબાદમાં સ્થળાંતરિત થયા હતા. પરિણામે તેણીએ હૈદરાબાદી સંસ્કૃતિ અપનાવી. તેમના જીવનસાથી અમીર હસન હૈદરાબાદ સરકારમાં વરિષ્ઠ હોદ્દા પર હતા. નોકરીના ભાગરૂપે તેને અનેક સ્થળોએ મુસાફરી કરતા હતા. તેણીએ તેની મુલાકાતો દરમિયાન ભારતમાં મહિલાઓની વેદનાને જોઈ હતી અને તેણીએ સ્ત્રી બાળકોના વિકાસ માટે ઘણા પ્રયત્નો કર્યા હતા.

તે હૈદરાબાદમાં રહેતી હતી, જેનું શાસન અંગ્રેજો દ્વારા ચાલતું હતું, તેમ છતાં તેણી રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે જોડાઈ હતી. તેણે મહાત્મા ગાંધીની માંગના જવાબમાં હૈદરાબાદના ટ્રુપ બઝાર સ્થિત આબિદ મંઝિલમાં વિદેશી કપડાં સળગાવી દીધા. તેણીએ અસહકાર અને ખિલાફત ચળવળોમાં ભાગ લીધો હતો. તે ભારતીય રાષ્ટ્રીય સૈન્યના દરેક સૈનિકને તેના બાળકો માનતી હતી. શ્રીમતી સરોજિની નાયડુ અને ફકરૂલ હાજિયાએ આઝાદ હિંદ ફૌઝના હીરોને મુક્ત કરાવવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા.

**હદીસ બોધ**

પોતાની પાસે જે કાંઈ હોય તેનાથી સંતોષ માનનાર વ્યક્તિ સુખી છે. -હદીસ બોધ

**બોધ વચન**

હારની ક્ષણોમાં જ નાયકોનો જન્મ થાય છે. -મહાત્મા ગાંધી

**આજની આરસી**

૧૨ ઓગસ્ટ સોમવાર ૨૦૨૪
૬ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ સુદ સાતમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૦
ખત્મે ઝવાલ ૧૨-૪૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# IOAએ ફોગાટની અયોગ્યતા પર બે દિવસ સુધી કોઈ કાર્યવાહી કરી નહીં : ભારતમાં પહેલવાનના વકીલ

(એજન્સી) તા.૧૧

કુસ્તીબાજ વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિક્સની ફાઈનલમાં અનુમતિપાત્ર વજન કરતા ૧૦૦ ગ્રામ વધુ હોવાને કારણે તેને ગેરલાયક ઠેરવવા અંગે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS)ના ચુકાદાની રાહ જોઈ રહી છે, જ્યારે ભારતમાં તેના કાનૂની સલાહકારે તેની ગેરલાયકાત પછી સોશિયલ મીડિયા પર વિગતો શેર કરી છે શું થયું તે અંગે વરિષ્ઠ વકીલ રાહુલ મહેરા, જેઓ ભારતમાં ફોગાટનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે દાવો કર્યો છે કે ફ્રાન્સમાં પ્રો-બોનો વકીલોએ CAS સમક્ષ ફોગટનું પ્રતિનિધિત્વ કર્યા પછી જ ભારત સરકારે કાર્યવાહી કરી હતી. "સારા સ્ત્રોતો"ને ટાંકીને મહેરાએ જણાવ્યું કે, જો ફોગાટને માત્ર ભારત સરકાર પર વિશ્વાસ હોત, તો તેમને કોર્ટમાં પોતાનો કેસ રજૂ કરવાની તક ન મળી હોત. મેહરાનું નિવેદન ફોગટ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સીએએસના એડ-હોક વિભાગ દ્વારા તેનો નિર્ણય જાહેર કરવાના કલાકો પહેલા આવ્યો હતો. CAS એડ હોક ડિવિઝન આજે ૧૦ ઓગસ્ટે રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીમાં તેનો નિર્ણય જાહેર કરે તેવી અપેક્ષા છે. એક્સ પર મેહરાની પોસ્ટ અનુસાર, ફોગાટને ફાઈનલમાં અયોગ્ય ઠેરવવામાં આવ્યાના સંપૂર્ણ બે દિવસ પછી ભારત સરકારે ૮ ઑગસ્ટની સાંજ સુધી કોઈ પગલાં લીધા ન હતા. મહેરાએ લખ્યું કે "બીજા દિવસે, એટલે કે ગુરૂવારે, જ્યારે આ ઘટનાએ સમગ્ર ભારતમાં વ્યાપક ધ્યાન ખેંચ્યું અને ભારત સરકાર તેમજ IOAએ કોઈ પગલાં લીધાં નહીં, ત્યારે પેરિસમાં વકીલોએ IOAને સલાહ આપી કે તે કરી શકે છે.




આ કેસમાં રસ ધરાવનાર પક્ષકાર તરીકે એમિકસ બ્રીફ દાખલ કરો.મીડિયા અહેવાલો દ્વારા એવું માનવામાં આવે છે કે શ્રી (હરીશ) સાલ્વેને ગુરૂવારે મોડી રાત્રે જ IOA (ભારતીય ઓલિમ્પિક એસોસિએશન) દ્વારા પ્રતિબંધિત કરવામાં આવ્યા હતી કે એક અસ્વસ્થ વાર્તા સંભાળી શકાય."

# દલિત યુવકનું જેલમાં મોત, સગાસંબંધીઓએ પોલીસે ત્રાસ આપ્યા હોવાનો આરોપ લગાવ્યો; મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા

(એજન્સી)

વિલ્લુપુરમ, તા.૧૧

વિલ્લુપુરમ પેટા-જેલમાં ન્યાયિક કસ્ટડીમાં રિમાન્ડ મેળવ્યાના થોડા કલાકો પછી એક ૩૧ વર્ષીય દલિત વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જેના કારણે પરિવારના સભ્યો આઘાતમાં છે અને કસ્ટડીના ત્રાસને કારણે મૃત્યુ થયુ હોવાની શંકા પેદા કરી હતી. BNSSની કલમ ૧૯૬ (મૃત્યુના કારણ અંગે મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ) હેઠળ ન્યાયિક મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. તેના પરિવારના સભ્યોના જણાવ્યા મુજબ, ગુરૂવારે વહેલી સવારે કેટલાક ઓટો ડ્રાઈવરોએ એન. અર્પુથરાજ ઉર્ફે અપ્પુને વિલ્લુપુરમ પશ્ચિમ પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનમાં લાવતા જોયા હતા. જોકે, પોલીસે દાવો કર્યો હતો કે તે દિવસે બપોરે ૧ વાગ્યાની આસપાસ ધરપકડ કરવામાં આવી હતી અને ગુરૂવારે રાત્રે નંબર ૨



જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, વી રતિકા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને તેને વેદમપટ્ટુની સબ-જેલમાં મોકલવામાં આવ્યો હતો. તેને જેલમાં લઈ જવામાં આવ્યાના કલાકો પછી અર્પુથરાજને શુક્રવારે સવારે ૭ વાગ્યાની આસપાસ વિલ્લુપુરમની સરકારી હોસ્પિટલમાં મૃત લાવવામાં આવ્યો હતો. મૃતકની બહેન, ટી સુમાથી (૩૬)એ જણાવ્યું હતું કે, "ગુરુવારે સવારે પોલીસ દ્વારા તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો પરંતુ અમને તેના વિશે જાણ કરવામાં આવી ન હતી. પોલીસે નોંધ્યું હતું કે તેની બપોરના સમયે ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેની પણ અમને જાણ કરવામાં આવી ન હતી. અમારા સંબંધીઓ કે જેઓ ઓટો ડ્રાઈવર છે અમને જણાવ્યું કે પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો જોકે તેમાંના ઘણાએ પોલીસને કહ્યું હતું કે તે બીમાર છે." પરિવારના સભ્યોનો આરોપ છે કે અપ્પુને કસ્ટડીમાં અથવા જેલમાં ટોર્ચર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મોત થયું હતું. મૃતકની અન્ય બહેન, એન ગાંધી (૩૪) એ કહ્યું કે "તેના આખા શરીર પર ખાસ કરીને તેના ખભા પર ઉઝરડા હતા. તેનો ચહેરો સૂજી ગયો હતો અને તેના હાથ અને કોણીઓ અસામાન્ય દેખાતા હતા. અમને શંકા છે કે ગુરૂવારે સવારે તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા તેને નિર્દયતાથી મારવામાં આવ્યો હતો. રિમાન્ડના આદેશો પસાર કરતા પહેલા જેએમએ પણ તેની તપાસ કરી ન હતી. તે સ્પષ્ટપણે કસ્ટોડિયલ ડેથ છે અને રાજ્ય સરકારે અપ્પુ માટે ન્યાય સુનિશ્ચિત કરવા પગલાં લેવા જોઈએ." વિલ્લુપુરમના પોલીસ અધિક્ષક દીપક સિવાચે જણાવ્યું, "૨૦૧૬માં નોંધાયેલા પેશકદમી અને ફોજદારી ધમકીના કેસ માટે કોર્ટના વોરંટના આધારે અર્પુથરાજની ધરપકડ કરવામાં આવી હતી અને રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. કેદના ચૌદ કલાક પછી તે બીમાર પડ્યો હતો. તેને જીએચમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. BNSSની કલમ ૧૯૬ હેઠળ ન્યાયિક મેજિસ્ટ્રેટ તપાસ શરૂ કરવામાં આવી છે. જેએમ આ મામલાની તપાસ કરશે.

# પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ : મનુ ભાકર-સરબજોત સિંહે ફગાવી સરકારી નોકરીની ઓફર, કારણ જાણ્યા પછી તમે પણ પ્રશંસા કરશો

(એજન્સી) તા, ૧૧

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતને શૂટિંગમાં ત્રણ મેડલ મળ્યા હતા. સરબજોત સિંહ અને મનુ ભાકરે ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.મનુ અને સરબજોત સિંહ તાજેતરમાં જ હરિયાણાના મુખ્યમંત્રી નયાબ સિંહ સૈનીને મળ્યા.આ બંનેને હરિયાણા સરકાર દ્વારા નોકરીની ઓફર કરવામાં આવી છે.પરંતુ બંનેએ આ કામ કરવાની ના પાડી દીધી છે. સરબજોત અને મનુએ નોકરીની ઓફર ન સ્વીકારવાનું કારણ પણ આપ્યું છે. હરિયાણાના મુખ્યમંત્રીના



મીડિયા કોઓર્ડિનેટર મુકેશ વશિષ્ઠે આ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, "આ બે ખેલાડીઓ માટે નોકરીમાં જોડાવું મુશ્કેલ છે. આ બંને મેડલ માટે રમી રહ્યા છે અને મનુ અને સબરજોત સિંહનું કહેવું છે કે આ બંને નોકરી માટે નહીં પણ ગોલ્ડ મેડલ માટે રમી રહ્યા છે. મનુ અને સબરજોતને રમતગમત વિભાગમાં ડેપ્યુટી ડાયરેક્ટરના પદની ઓફર કરવામાં આવી હતી. આ બંને પહેલા અન્ય એથ્લેટ્સને પણ જોબની ઓફર મળી છે.

તમને જણાવી દઈએ કે ભારતે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં કુલ ૬ મેડલ જીત્યા છે. ભારતે શૂટિંગમાં ૩ મેડલ જીત્યા છે. આ ત્રણેય બ્રોન્ઝ છે. કુસ્તીમાં ભારતને બ્રોન્ઝ મેડલ મળ્યો છે. હોકીમાંથી એક મેડલ જીત્યુ છે. ટીમ ઈન્ડિયાને ભાલા ફેંકમાં સિલ્વર મેડલ મળ્યુ છે. સ્ટાર એથ્લેટ નીરજ ચોપરાએ ભાલા ફેંકમાં શ્રેષ્ઠતા દર્શાવી હતી. જોકે તે ગોલ્ડ જીતવાથી ચૂકી ગયા હતા. મેડલ ટેલીમાં જોઈએ તો ચીન ટોચ પર છે. ચીને કુલ ૯૦ મેડલ જીત્યા છે. તેમાં ૩૯ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૨૪ બ્રોન્ઝ છે. હકીકતમાં, જે દેશ સૌથી વધુ ગોલ્ડ જીતે છે તે મેડલ ટેલીમાં ટોચ પર રહે છે. યુએસએ બીજા સ્થાને છે. તેણે ૩૮ ગોલ્ડ સહિત ૧૨૨ મેડલ જીત્યા છે. તેમાં ૪૨ સિલ્વર અને ૪૨ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયાએ ૧૮ ગોલ્ડ જીત્યા છે. તેણે કુલ ૫૦ મેડલ જીત્યા છે. જેમાં ૧૮ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝનો સમાવેશ થાય છે.

# ગેરંટી માટે એસસી / એસટી ફંડ ડાયવર્ટ કરવાને લઈને દલિતો કોંગ્રેસથી દૂર થઈ ગયા

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૧

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને મૈસુરમાં કોંગ્રેસ પાર્ટીના 'જનદોલાના'માં જબરજસ્ત સમર્થન મળ્યું હોવા છતાં, એસસીએસપી/આદિજાતિ પેટા યોજના પર મૌન રાખવા માટે પક્ષના દલિત ધારાસભ્યોના વિરોધમાં દલિત વિચારધારાઓનો એક વર્ગ કોંગ્રેસથી દૂર થઈ ગયો હતો. આશરે રૂા. ૨૫,૦૦૦ કરોડની અનુદાન ગેરંટી યોજનાઓને ભંડોળ ડાયવર્ટ કરવામાં આવી છે. સિદ્ધારમૈયા સરકાર સામેનો આ ગુસ્સો આગામી દિવસોમાં વધુ જોવા મળે તેવી શક્યતા છે. DSS નેતા માવલ્લી શંકરે જણાવ્યું કે, "તે માત્ર શરૂઆત છે અને અમે એસસી/એસટી માટે બક્ષીક્ષના વિભાજન સામે




ન બોલવા માટે ધારાસભ્યોનો ઘેરાવ કરવાનું ચાલુ રાખીશું. અમે તેમના જનદોલનામાં ભાગ લેવા માટે કોંગ્રેસ પક્ષના કાર્યકરો નથી."

શંકર અને જાણીતા લેખક કોટિગનાહલ્લી રામૈયાની આગેવાની હેઠળ, દલિત સંગઠનોના એક વિભાગના સભ્યોએ કોલાર જિલ્લામાં બાંગરાપેટના દલિત ધારાસભ્ય એસ. એન. નારાયણસ્વામી અને KGFના રૂપકલા શશિધરના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સિદ્ધારમૈયાના ૭૫મા જન્મદિવસ દરમિયાન, ૨૦૨૨માં દાવણગેરેમાં 'સિદ્ધારમોત્સવ' તરીકે ઉજવવામાં આવ્યો હતો, જેમાં સંખ્યાબંધ દલિતોએ ભાગ લીધો હતો અને AHINDA-લઘુમતી, પછાત વર્ગો અને દલિતો માટે કન્નડ ટૂંકાક્ષર માટે નેતાની પાછળ તેમણે પ્રહારો કર્યા હતા અને તેમના નેતૃત્વને સમર્થન આપ્યું હતું. પરંતુ સમય જતાં, સિદ્ધારમૈયાએ વિવિધ પરિબળોને લીધે દલિતોના એક વર્ગની સહાનુભૂતિ ગુમાવી હોવાનું જણાય છે, જેમાં AICC પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથેની તેમની રાજકીય દુશ્મનાવટનો સમાવેશ થાય છે, જેમણે ૨૦૦૯માં તેમના માટે વિપક્ષી નેતાનું પદ બલિદાન આપ્યું હતું, એક દલિત નેતાએ અવલોકન કર્યું હતું. દલિતોના એક વર્ગના અણગમાને દૂર કરવા માટે, મુખ્યમંત્રીએ જાહેર કર્યું છે કે તેઓ SC ક્વોટાના વર્ગીકરણનું પાલન કરશે, સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાને પગલે કે રાજ્ય સરકારો આ સંદર્ભે તેમના પોતાના પર નિર્ણય લઈ શકે છે. રસપ્રદ વાત એ છે કે, ગુરૂવારે બીજેપીના પ્રદેશ અધ્યક્ષ BY વિજયેન્દ્રએ કર્ણાટક વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા ચલવાદી નારાયણસ્વામીના નેતૃત્વમાં કેટલાક દલિત સંગઠનો સાથે બેઠક કરી અને તેમને વિશ્વાસમાં લીધા હતા.

# પંજાબમાં નદીના જોરદાર પ્રવાહમાં SUV તણાઈ જતાં હિમાચલના એક જ પરિવારના આઠનાં મોત



(એજન્સી) શિમલા, તા.૧૧

હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં આજે (૧૧મી ઑગસ્ટ) મોટી દુર્ઘટના સર્જાઈ છે. પંજાબ-હિમાચલ બોર્ડર પર જેજો નદીના જોરદાર પ્રવાહમાં ઈનોવા કાર તણાઈ હતી, જેમાં એક જ પરિવારના ૧૧ લોકો સવાર હતા. આ અકસ્માત છના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એક બાળકને બચાવી લેવામાં આવ્યો છે. ચાર લોકો હજુ પણ ગુમ છે. અહેવાલો અનુસાર, આ પરિવાર લગ્ન પ્રસંગમાં સામેલ થવા પંજાબ ગયો હતો. પરંતુ પરત ફરતી વખતે તેને અકસ્માત નડ્યો હતો. અહેવાલો અનુસાર, કારમાં સવાર પરિવાર ઉનાના દહેલણ ગામના રહેવાસી હતા. જે પંજાબના માહિલપુરમાં લગ્ન પ્રસંગમાંથી ઘરે પરત ફરી રહ્યાં હતા. આ દરમિયાન પંજાબ-હિમાચલ બોર્ડર પર જેજો નદી જોરદાર પ્રવાહમાં તેમની કાર તણાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો અને સ્થાનિક લોકો તેને બચાવવા દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોની મદદથી વહીવટી ટીમે એક પછી એક છ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. પરંતુ અન્ય ચાર લોકો હજુ પણ ગુમ છે. તેમને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. આ અકસ્માત સમયે કારમાં ૧૧ લોકો સવાર હતા.

### આખા ગામમાં માતમ છવાયો

# રીલ્સ બનાવવાના ચક્કરમાં ૭ બાળકોનાં મોત નિપજ્યા

## નદીને અડીને આવેલી દીવાલ પર ઊભા રહીને રીલ્સ બનાવતા હતા ત્યારે દીવાલ પડી ગઈ અને બાળકો ડૂબ્યા

(એજન્સી) ભરતપુર, તા.૧૧

રાજસ્થાનમાં સતત વરસાદ વરસી રહ્યો છે. તાજેતરમાં રાજસ્થાનના ભરતપુર જિલ્લાના કેટલાય વિસ્તારમાં ભારે પાણી ભરાયેલા છે. ભરતપુર જિલ્લાના ગ્રામ પંચાયત ખરસોના હોતા નંગલા ગામમાં ૭ બાળકો પાણીમાં ડૂબી જવાથી મોત થઈ ગયા છે. ગામના કુલ ૮ બાળકો રવિવારે સવારે નદીમાં ન્હાવા માટે ગયા હતા. પણ આ અગાઉ વાણગંગા નદીમાં પહેલી વાર પાણી આવતા તેના જોવા માટે ગયા હતા. નદીને અડીને આવેલી દીવાલ પર ઊભા રહીને વીડિયો અને રીલ્સ બનાવવા લાગ્યા. આ દરમ્યાન પાણીનો વહેણ વધ્યો અને દીવાલ પડી ગઈ. દીવાલ પડતા જ ૮ બાળકો ડૂબી ગયા. પણ તેમાંથી એક બાળકે ઝાડીઓની મદદથી પોતાનો જીવ બચાવી લીધો અને ઘરે પહોંચીને તેની જાણકારી આપી. પરિવારના લોકો જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા તો, સાતેય બાળકો ડૂબાઈ ગયા હતા. આ સાતેય બાળકોના ત્યાંને ત્યાં જ મોત થઈ ગયા હતા. આ દુર્ઘટના બાદ આખા ગામમાં માતમ છવાયો છે. અહીં આખા ગામમાં સન્નાટો છવાયેલો છે. ૮ બાળકોમાંથી સાત બાળકોના મોત થઈ ગયા છે, તો વળી એક બાળકે જેમ તેમ કરીને પોતાનો જીવ બચાવી લીધો હતો. ગામ લોકોએ જણાવ્યું કે, વણગંગા નદીમાં લાંબા સમય બાદ પહેલી વાર પાણી આવ્યું છે, તે જોવા માટે ગયા હતા. તેને લઈને ગામલોકો અને બાળકોમાં ભારે ઉત્સાહ હતો. તેને જોવા માટે નદીને અડીને આવેલી દીવાલ પર ઊભા રહીને જોઈ રહ્યા હતા.

# દલિત ગાયિકા પોતાના સમુદાય પર ગર્વ કરે છે : આ ભારતીય ગાયકો જાતિ અસમાનતાને દૂર કરવા આગળ વધવા ઈચ્છે છે

(એજન્સી) તા.૧૧

દેશમાં વંચિત, પાછા-જાતિની પૃષ્ઠભૂમિના યુવા ભારતીયો માટે, ભારતીય ગાયિકા ગિન્ની માહી એક પ્રેરણા છે, જે તેના બ્રાન્ડ 'દલિત-ગૌરવ' પૉપ ગીતો દ્વારા તેમના પોતાના પ્રાચીન પૂર્વગ્રહો રજૂ કરે છે. પરંતુ ગયા વર્ષે દલિતો સામે ભયાનક હિંસા ફાટી નીકળી તે પહેલા માહી આઈકન ન હતી. તેણીનું સંગીત તેમના સમુદાય માટે બહેતર જીવનની માંગ કરતા વિરોધીઓ માટે સાઉન્ડટ્રેક હતું, જેઓને 'અસ્પૃશ્ય' તરીકે ઓળખવામાં આવે છે. ૧૮ વર્ષીય આ યુવતીએ ઉત્તર પંજાબ રાજ્યના જલંધર શહેરની બહારના તેના એક રૂમના સ્ટુડિયોમાંથી એએફપીને જણાવ્યું હતું કે, હું એક ચમાર છું અને તેના પર ગર્વ છે. તેણીના ગીતો પંજાબી નૃત્યના ધબકારા સાથેના ગીતો છે અને તેણીના દલિત મૂળ, તેણીના સમુદાયના સંઘર્ષના ઈતિહાસ અને ભવિષ્યની આશામાં તેમના ગૌરવને દર્શાવે છે. તેણીની સૌથી લોકપ્રિય હિટ ફિલ્મોમાંની એકમાં માહી 'ડાંગર ચમાર' વાક્યનો ઉપયોગ કરે છે. તેના લોકોનું સદીઓથી આ શબ્દ સાથે અપમાન કરવામાં આવે છે. માહી તેની દાદી પાસેથી આવી કરૂણ વાર્તાઓ સાંભળીને મોટી થઈ હતી અને એક ચમાર તરીકે તેનો ઉછેર એવા સમયે થયો હતો જ્યારે નીચી જાતિના ગ્રામજનો સાથે પ્રાણીઓ



કરતાં પણ ખરાબ વર્તન કરવામાં આવતું હતું. માહીએ કહ્યું કે, હું આવા વંચિત લોકોનો અવાજ બનવા માંગુ છું જેઓનું શોષણ કરવામાં આવ્યું હતું, પરંતુ તે વિશે હું કંઈ કરી શકતી નથી. તેણીને ગયા વર્ષે તક મળી હતી જ્યારે દલિત દ્વેષપૂર્ણ ગુનાઓના જવાબમાં ભારે વિરોધ ફાટી નીકળ્યો હતો. હિંદુ બહુમતી સમુદાયમાં અને ભારતમાં પવિત્ર ગણાતા પ્રાણી, ગાયની હત્યા કરવાનો ખોટો આરોપ લગાવ્યા બાદ ચાર યુવાન દલિતોને નગ્ન કરીને જાહેરમાં કોરડા મારવામાં આવ્યા હતા. ઉચ્ચ જાતિના માણસોના જૂથને તેમની જમીન પર ઢોર ચરાવવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યા પછી સગર્ભા સ્ત્રી અને તેના પતિને લાકડીથી માર મારવામાં આવતા આ આક્રોશ વધી ગયો હતો. આ ગુસ્સો વધતો ગયો તેમ તેમ માહીના ગીતો વાયરલ થયા અને પંજાબના નાના ખૂણેથી સમગ્ર દેશમાં ફેલાઈ ગયા અને એ દુર્વ્યવહારથી કંટાળી ગયેલી નીચી જાતિના ભારતીયો માટે યુદ્ધના ગીતો હતા. જાતિના અવરોધોને પાર કરીને આગળ આવનાર માહી અન્ય નિમ્ન-જ્ઞાતિના કલાકારો માટે એક પ્રેરણા છે અને જુલમી જાતિ વ્યવસ્થાને દૂર કરવા માટે તેણીએ પ્રતિભા અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને યુવા દલિતોની પેઢીને સશક્ત બનાવી છે. એક પીઢ દલિત સંગીતકાર રાજ દાદરાલે જણાવ્યું હતું કે YouTube જેવા ઓનલાઈન પ્લેટફોર્મ સંગીતકારોને એવા સ્થળોએ અભૂતપૂર્વ એક્સપોઝર મેળવવામાં મદદ કરી રહ્યા છે જ્યાં સફળતાની કોઈ સીમા નથી. અમે વિદેશમાં વસતા ભારતીય સમુદાયો સહિત નવા બજારો અને પ્રેક્ષકો સુધી પહોંચવામાં સફળ થયા છીએ. અમારો સમુદાય હંમેશાથી ખૂબ જ સહાયક અને ગર્વ અનુભવતો રહ્યો છે, પરંતુ એક સમય એવો હતો જ્યારે મને ગાવા બદલ મારી નાખવાની ધમકીઓ મળી હતી. સમગ્ર પંજાબમાં નાના ડિજિટલ રેકોર્ડિંગ સ્ટુડિયોના પ્રસારે કલાકારોને તેમની કારકિર્દી શરૂ કરવા માટે ઓછા ખર્ચે એક સ્થાન આપ્યું છે. નવી દિલ્હી સ્થિત એડિટર હર્તોષ સિંહ બાલે જણાવ્યું હતું કે, જેમ જેમ તેઓ સફળ અને લોકપ્રિય બને છે તેમ, બજારો પણ તેઓએ કબજો મેળવ્યો છે અને તેઓ જાતિના અવરોધોને પાર કરવા માંગે છે. માહીએ સિલ્વર સ્ક્રીન પર તેની નજર રાખી છે. તેણીની ફિલ્મ ક્લિપ્સમાં આતશબાજી અને સ્પેશિયલ ઈફેક્ટ્સ હોય છે અને આ યુવા ગાયક ભારતના ફિલ્મ ઉદ્યોગમાં જવાનું સપનું જુએ છે. તેણીએ બોલીવુડમાં કામ કરવા વિશે કહ્યું કે, મુંબઈ સ્થિત ફિલ્મ ઉદ્યોગ ભારતીય સંગીત, નૃત્ય અને ગ્લેમરથી સમૃદ્ધ છે. હું સખત મહેનત કરીશ અને આશા છે કે કોઈક દિવસ બોલિવૂડ માટે, કદાચ હોલીવુડ માટે પણ મને ગાવાની તક મળશે.

# પૂર્વ CJIની આગેવાની સાથેના કમિશને બિન-શીખ અને બિન-બૌદ્ધમાં ધર્માંતરણ કરનારાઓને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવા અંગે જાહેર સુનાવણી કરી

## શીખ ધર્મ અને બૌદ્ધ ધર્મ સિવાયના ધર્મમાં પરિવર્તિત થયેલા લોકોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવો કે કેમ તેની તપાસ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કમિશનની રચના કરવામાં આવી હતી

(એજન્સી) તા.૧૧

શીખ ધર્મ અને બૌદ્ધ ધર્મ સિવાયના ધર્મમાં પરિવર્તિત થયેલી વ્યક્તિઓને અનુસૂચિત જાતિ (SC)નો દરજ્જો આપવો કે કેમ તેની તપાસ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલા ત્રણ સભ્યોના પંચે શુક્રવારે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એનેક્સી ખાતે આ મુદ્દે જાહેર સુનાવણી હાથ ધરી હતી. કમિશને સવારે ૧૧ વાગ્યાથી લોકોને આ બાબતે પુરાવા અને સૂચનો આપવા આમંત્રણ આપ્યું હતું. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) કે.જી. બાલકૃષ્ણનની આગેવાની હેઠળના પંચમાં નિવૃત્ત IAS અધિકારી રવિન્દર કુમાર જૈન અને ભૂતપૂર્વ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) સભ્ય સુષ્મા યાદવનો સમાવેશ થાય છે. નેશનલ કાઉન્સિલ ઓફ દલિત ક્રિશ્ચિયન્સ (NCDC)ના રાષ્ટ્રીય મહાસચિવ માઈકલ માર્ટિને જણાવ્યું હતું કે, અમે એક રજૂઆત કરી છે કે ખ્રિસ્તી ધર્મ અપનાવનારા દલિતોને અનુસૂચિત જાતિની યાદીમાં સામેલ



કરવામાં આવે. ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તનથી શિક્ષણનું સ્તર સુધર્યું છે, પરંતુ સામાજિક ભેદભાવ છે અને અમે આ ભેદભાવનો સામનો કરીએ છીએ.

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓના રાજેશ ઉર્ફે રાજુ સોલંકીએ આ પંચ સમક્ષ રજૂઆતો કરી હતી. સોલંકીએ કહ્યું કે, અનુસૂચિત જાતિના કહેવાતા ઈસ્લામ, અથવા શીખ ધર્મ અથવા ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તનથી તેમને આધ્યાત્મિક સાંત્વના મળી હશે, પરંતુ તેમની આર્થિક અને સામાજિક સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. આ કારણે પંજાબ અને હરિયાણા રાજ્યોમાં મજબી શીખોને અનામત આપવામાં આવી છે. હું દૃઢપણે માનું છું કે કોઈપણ અનુસૂચિત જાતિની વ્યક્તિ જે કોઈપણ ધર્મમાં પરિવર્તિત થાય છે તેને શિક્ષણ અને સરકારી સેવાઓમાં અનામતના લાભોથી વંચિત ન રાખવા જોઈએ.

આ વિચારનો વિરોધ પણ કરવામાં આવ્યો હતો અને વિક્રમ ચૌહાણ, જેઓ ગુજરાત રોહિત સમાજના પ્રમુખ છે અને ભાજપના રાજ્ય એકમના એસસી સેલના જનરલ સેક્રેટરી છે તેમણે કહ્યું કે,અમે અન્ય ધર્મમાં ધર્માંતરણ કરનારાઓને SC દરજ્જાનો વિરોધ કર્યો છે. ધર્માંતરણ પછી, તેઓને કોઈ અસ્પૃશ્યતા કે સામાજિક ભેદભાવનો સામનો કરવો પડતો નથી. ધોળકાના ગુજરાત સાધુ સમાજસેવા સમિતિના જનરલ સેક્રેટરી ફુલદાસ સાધુએ જણાવ્યું હતું કે, જો સરકાર તેમને દરજ્જો આપવા માંગતી હોય, તો તેમને અનુસૂચિત જાતિને (ગુજરાતમાં) મળતા સાત ટકામાંથી નહીં પણ અલગ અનામત આપવી જોઈએ.

કમિશન ઓફ ઈન્ક્વાયરી એક્ટની જોગવાઈઓ હેઠળ આ કમિશનની રચના કરવામાં આવી હતી. તેના ToR મુજબ, તેની ભૂમિકા વ્યક્તિઓને અનુસૂચિત જાતિના દરજ્જાની બાબતની તપાસ કરવાની છે, જેઓ ઐતિહાસિક રીતે અનુસૂચિત જાતિના હોવાનો દાવો કરે છે, પરંતુ સમયાંતરે જારી કરાયેલા રાષ્ટ્રપતિના આદેશોમાં ઉલ્લેખિત ધર્મો સિવાય અન્ય ધર્મોમાં પરિવર્તિત થયા છે. ToR એવું પણ કહે છે કે આયોગની ભૂમિકા અનુસૂચિત જાતિના વ્યક્તિઓ તેમના રિવાજો, પરંપરાઓ, સામાજિક અને અન્ય દરજ્જાના ભેદભાવ અને વંચિતતાના સંદર્ભમાં અન્ય ધર્મમાં ધર્માંતરણ કરતી વખતે જે ફેરફારોમાંથી પસાર થાય છે તેની તપાસ કરવાની છે.

# ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે ૧૧ કરોડ ડૉલરના ખર્ચે માલદીવમાં પાણી અને સેનિટેશન પ્રોજેક્ટનું અનાવરણ કર્યું

(એજન્સી) તા.૧૧

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળ્યા બાદ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુએ ભારતનો આભાર માન્યો છે. તેણે ભારતની સાથે વડાપ્રધાન મોદીનો પણ આભાર માન્યો છે. મુઈઝ્ઝુએ કહ્યું કે ભારત હંમેશા માલદીવની મદદ કરતું આવ્યું છે. મુલાકાત દરમિયાન મુઈઝ્ઝુ અને જયશંકરે બંને દેશોના નાગરિકોના હિતો અને પ્રાદેશિક સમૃદ્ધિ માટે ભારત-માલદીવ સંબંધોને વધુ ગાઢ બનાવવાની નવી દિલ્હીની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રી એસ જયશંકરે શનિવારે માલદીવને ૨૮ ટાપુઓ પર ભારત તરફથી ૧૧ કરોડ અમેરિકી ડોલરના ખર્ચે એક વિશાળ જળ અને સ્વચ્છતા પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ દ્વીપસમૂહ દેશની સાત ટકા વસ્તીને આવરી લેશે. ત્રણ દિવસની સત્તાવાર મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ અને એસ. જયશંકરે એક કાર્યક્રમમાં આ પ્રોજેક્ટનું વર્ચ્યુલી ઉદ્ઘાટન કર્યું હતું. વિદેશ પ્રધાન એસ. જયશંકર ત્રણ દિવસીય માલદીવની સત્તાવાર મુલાકાતે છે. ગયા વર્ષે ચીન તરફી મુઈઝ્ઝુએ સત્તા સંભાળ્યા પછી ભારત તરફથી માલદીવની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. મુઈઝ્ઝુએ 'X' પરની એક પોસ્ટમાં




જણાવ્યું હતું કે જયશંકરને મળીને અને માલદીવના ૨૮ ટાપુઓમાં પાણી અને ગટર યોજનાઓના અધિકૃત હસ્તાંતરણમાં તેમની ભાગીદારી ખુશીની વાત છે. જયશંકર સાથેની તેમની મુલાકાતની તસવીરો શેર કરતાં તેમણે લખ્યું, "માલદીવને હંમેશા સમર્થન આપવા બદલ હું ભારત સરકાર, ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરું છું. અમારી સ્થાયી ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે. તે સુરક્ષા, વિકાસ અને સાંસ્કૃતિક પર સહકારના માધ્યમથી બંને દેશોને નજીક લાવી રહી છે. અમે આ ક્ષેત્ર માટે વધુ ઉજ્જવળ ભવિષ્યને આકાર આપી રહ્યા છીએ. ચીન તરફી વલણ ધરાવતા મુઈઝ્ઝુ નવેમ્બર ૨૦૨૩માં રાષ્ટ્રપતિ બન્યા બાદ ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો વણસ્યા હતા. શપથ લીધાના કલાકોમાં જ તેમણે માલદીવમાં તૈનાત ભારતીય સૈન્ય કર્મચારીઓને પરત મોકલવાનો નિર્ણય લીધો હતો. માલદીવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મુખ્ય પડોશી દેશોમાંનું એક છે અને અગાઉની સરકાર દરમિયાન બંને દેશો વચ્ચે મજબૂત સંરક્ષણ અને સુરક્ષા સંબંધો સ્થાપિત થયા હતા.

# ભારતમાં અનિશ્ચિત સમય માટે અટકાયતમાં રાખવામાં આવેલા રોહિંગ્યા શરણાર્થીઓની મુક્તિ માટે સુપ્રીમ કોર્ટમાં PIL

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

બે વર્ષ કે તેથી વધુ સમયથી અનિશ્ચિત સમય માટે અટકાયતમાં રાખવામાં આવેલા રોહિંગ્યા શરણાર્થીઓને મુક્ત કરવા કેન્દ્રને નિર્દેશ આપવા માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે.

એડવોકેટ ઉજ્જૈની ચેટરજી દ્વારા દોરવામાં આવેલી PIL, કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયાઓનું ઉલ્લંઘનમાં ભારતમાં યુવાન મહિલાઓ અને બાળકો સહિત રોહિંગ્યા આશ્રય શોધનારાઓ અને શરણાર્થીઓની અનિશ્ચિત અટકાયતને પડકારે છે.

અરજીમાં પ્રતિવાદી સત્તાવાળાઓને વિદેશી અધિનિયમ ૧૯૪૬ અને પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) અધિનિયમ ૧૯૨૯ હેઠળ બે વર્ષથી રોકાયેલા રોહિંગ્યા અટકાયતીઓને કોઈપણ વાજબી પ્રતિબંધોને આધીન રહેવા માટે નિર્દેશ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

વધુમાં તેમાં ભારતભરમાં અનિશ્ચિત સમય માટે અટકાયતમાં રાખવામાં



આવેલા તમામ રોહિંગ્યાઓના નામ, લિંગ અને ઉંમર, તેમની અટકાયતના આદેશો, દેશનિકાલ અંગે મ્યાનમાર એમ્બેસી સાથેની અંતિમ વાટાઘાટો, વ્યક્તિગત ડેટા, આકારણી ફોર્મ અને શરણાર્થી સ્થિતિને નકારવા અંગેની માહિતી માંગવામાં આવી છે.

PIL સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર ૨૦૧૯ મુજબ ત્રણ મહિનાની અંદર અટકાયત કરાયેલા રોહિંગ્યાઓના શરણાર્થી દરજ્જાના દાવાઓનું મૂલ્યાંકન કરવા અને રોહિંગ્યાઓને લાંબાગાળાના વિઝા (LTV) આપવા અથવા તેમના ત્રીજા દેશના પુનર્વસનની વ્યવસ્થા કરવા માટે પણ પ્રાર્થના કરે છે.

અરજદાર રીટા મનચંદા, દક્ષિણ એશિયાના સંઘર્ષો અને શાંતિ-નિર્માણમાં વિશેષતા ધરાવતા પ્રતિષ્ઠિત વિદ્વાન, તેમના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, અટકાયતમાં લેવાયેલા રોહિંગ્યાઓને ક્યારેય કોઈ નોટિસ આપવામાં આવી નથી અથવા શરણાર્થી હોવાના તેમના કેસ રજૂ કરવાની તક આપવામાં આવી નથી.

અહેવાલ દર્શાવે છે કે, રાજ્યવિહીન હોવા છતાં રોહિંગ્યાઓને કોઈ ઓળખ દસ્તાવેજો, LTV અથવા ત્રીજા દેશમાં પુનર્વસન પ્રદાન કરવામાં આવ્યું નથી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, PILમાં વિનંતી દેશનિકાલની વિરુદ્ધ છે અથવા અધિકારની માંગ નથી યુએસમાં રહેવા માટે પરંતુ અનિશ્ચિત અટકાયત વિરુદ્ધ છે.

સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર પ્રકાશિત કોઝલિસ્ટ મુજબ આ મામલાની સુનાવણી સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી અને ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચ ૧૨ ઓગસ્ટે કરશે.

# પૂર્વ વિદેશમંત્રી અને પદ્મ વિભૂષણ વિજેતા કે.નટવર સિંહનું નિધન, પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

(એજન્સી) તા.૧૧

૧. પૂર્વ વિદેશ મંત્રી કે. નટવર સિંહનું શનિવારે રાતે લાંબી બીમારી બાદ નિધન થઈ ગયું. તેઓ ૯૩ વર્ષનાં હતા. તેમણે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો, જ્યાં તેમને છેલ્લાં થોડાં દિવસો પહેલાં દાખલ કરવામાં આવ્યા હતા. પારિવારિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમનો દીકરો હોસ્પિટલમાં છે અને તેમના પરિવારના અનેક અન્ય સભ્ય અંતિમ સંસ્કાર માટે દિલ્હી આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

૨. કે. નટવર સિંહે ૨૦૦૪-૦૫ દરમિયાન UPA-I સરકારમાં ભારતના વિદેશ મંત્રી તરીકે સેવા આપી હતી. આ સમયગાળા દરમિયાન વડાપ્રધાન મનમોહન સિંહ હતા. તેમણે પાકિસ્તાનમાં રાજદૂત તરીકે પણ સેવા આપી હતી અને ૧૯૬૬થી ૧૯૭૧ સુધી તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના કાર્યાલય સાથે જોડાયેલા હતા.

૩. ૧૯૮૪માં નટવર સિંહને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. નટવર સિંહનો જન્મ ૧૬ મે ૧૯૩૧ના રોજ રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં થયો હતો. તેમનું પૂરૂં નામ કુંવર નટવર સિંહ હતું અને તેઓ એક રાજવી પરિવારના હતા. તેમણે મેયો કોલેજ, અજમેર અને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ તેઓ ભારતીય વિદેશ સેવા (IFS)માં જોડાયા અને ૧૯૫૩માં તેમની સેવાઓ શરૂ કરી.

૪. રાજદ્વારી તરીકે કે. નટવર સિંહની



કારકિર્દી ખૂબ લાંબી હતી. તેઓ પાકિસ્તાન, અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત હતા. ૧૯૬૬ થી ૧૯૭૧ સુધી, તેઓ પીએમ ઈન્દિરા ગાંધીના કાર્યાલય સાથે જોડાયેલા હતા અને તેમના વિશેષ સહાયક તરીકે કામ કરતા હતા.

૫. નટવર સિંહ ૧૯૮૪માં કોંગ્રેસમાં જોડાયા હતા. તેઓ કોંગ્રેસની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડ્યા હતા અને રાજસ્થાનના ભરતપુરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૨૦૦૪માં તેમને UPA-I સરકારમાં ભારતના વિદેશ પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જોકે, 'ઓઈલ ફોર ફૂડ' કૌભાંડમાં તેમનું નામ સામે આવતાં તેમણે ૨૦૦૫માં પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.

૬.૧૯૮૪માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. નટવર સિંહે ઘણા પુસ્તકો અને સંસ્મરણો લખ્યા છે. તેમની આત્મકથા 'વન લાઈફ ઈઝ નોટ ઈનફ' ખૂબ જ લોકપ્રિય છે, જેમાં તેમણે તેમના જીવન અને રાજકીય અનુભવો વિશે વિગતવાર લખ્યું છે.

૭.પોતાની પુસ્તકમાં નટવર સિંહે સોનિયા ગાંધીના પીએમ પદને ન સ્વીકારવાનો કિસ્સો જણાવ્યો નટવર સિંહે તેમના પુસ્તક 'વન લાઈફ ઈઝ નોટ ઈનફ'માં ૨૦૦૪ની ઘટના પણ વર્ણવી છે, જ્યારે કોંગ્રેસ લોકસભાની ચૂંટણી જીતી ગઈ હતી અને સોનિયા ગાંધી વડાપ્રધાન બનવા જઈ રહ્યા હતા તે લગભગ નિશ્ચિત હતું. પરંતુ, છેલ્લી ઘડીએ સોનિયાએ આ પદને ફગાવી દીધુ હતું.

૮. નટવર સિંહે લખ્યું હતું કે, 'તે સમયે ગાંધી પરિવારને પીએમ પદ પર શંકા હતી. રાહુલે તેની માતાને કહ્યું કે તે પીએમ નહીં બને. રાહુલ તેની માતા સોનિયાને રોકવા માટે કંઈ પણ કરવા તૈયાર હતો. મા-દીકરો બંને જોર-જોરથી વાતો કરી રહ્યા હતા. રાહુલને ડર હતો કે જો તેની માતા પીએમ બનશે તો તેને પણ તેના દાદી અને પિતાની જેમ મારી નાખવામાં આવશે.

૯. 'રાહુલ ખૂબ ગુસ્સામાં હતો. તે સમયે હું, મનમોહન સિંહ અને પ્રિયંકા ત્યાં હતા. મામલો ત્યારે વધી ગયો જ્યારે રાહુલે કહ્યું કે માતા હું તમને ૨૪ કલાકનો સમય આપું છું. શું કરવું તે તમે નક્કી કરો છો ? અશ્રુભીની માતા (સોનિયા) માટે રાહુલના શબ્દોની અવગણના કરવી અશક્ય હતી.

૧૦. ૧૮ મે ૨૦૦૪ના રોજ સવારે સોનિયા ગાંધી વહેલી સવારે જાગી ગયા હતા. તે ચૂપચાપ રાહુલ અને પ્રિયંકા સાથે ઘરની બહાર નીકળી ગયા. સોનિયાની કાર રાજીવ ગાંધીની સમાધિ પર પહોંચી. ત્રણેય થોડી વાર સમાધિની સામે બેસી રહ્યા. તે જ દિવસે સાંજે ૭ વાગ્યે સંસદના સેન્ટ્રલ હોલમાં કોંગ્રેસના સાંસદોની બેઠક યોજાઈ હતી.

# શેખ હસીના ટ્રાયલનો સામનો કરશે : નાહિદ

(એજન્સી) તા.૧૧

સંયોજક નાહિદ ઈસ્લામ કે, જેઓ હવે વચગાળાની સરકારનો ભાગ છે તેમણે જણાવ્યું હતું કે શેહ હસીનાએ તાજેતરના વિરોધ પ્રદર્શનો સહિત, તેમના કાર્યકાળ દરમિયાન હત્યાઓ કે જેના કારણે તેમણે રાજીનામું આપ્યું અને દેશ છોડી ભાગી ગયા તે બદલ યોજના મુજબ સ્વદેશ પરત ફરે ત્યારે ટ્રાયલનો સામનો કરવો જ જોઈએ. વિદ્યાર્થી નેતા નાહિદ ઈસ્લામ કે જેઓ અસરકારક રીતે રખેવાળ સરકારમાં સલાહકાર છે તેમણે સલાહકાર તરીકે સરકારમાં જોડાયા પછીના તેમના પ્રથમ ઈન્ટરવ્યુમાં મોડી રાત્રે મીડિયાને જણાવ્યું હતું કે, "મને જાણવું છે કે તેઓ શા માટે દેશ છોડીને ભાગી ગયા" "અમે તેના હેઠળ થયેલી તમામ હત્યાઓ માટે ન્યાય માંગીશું, જે અમારી ક્રાંતિની મુખ્ય માંગણીઓમાંની એક છે. જો તે પરત નહીં આવે તો પણ અમે તે તરફ કામ કરીશું." છેલ્લા ૩૦ વર્ષોમાંથી ૨૦ વર્ષોથી બાંગ્લાદેશ પર શાસન કરનાર હસીનાને હટાવવા માટે હિંસક વિરોધમાં આગળ વધતા પહેલા સરકારી નોકરીઓમાં ક્વોટા વિરૂદ્ધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ સાથે જુલાઈમાં શરૂ થયેલા દેખાવોમાં લગભગ ૩૦૦ લોકો માર્યા ગયા હતા, જેમાં ઘણા યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ હતા. હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે કહ્યું છે કે એકવાર તેના વતનમાં ચૂંટણીની જાહેરાત થઈ જાય ત્યારબાદ તેઓ ભારતમાંથી બાંગ્લાદેશ પરત ફરશે, જ્યાં તે આશ્રય હેઠળ છે. મુખ્ય વિપક્ષે ત્રણ મહિનામાં ચૂંટણી યોજવાની માંગ કરી છે. ૨૬ વર્ષીય ઈસ્લામ કે જેઓ હવે ટપાલ,



ટેલિકોમ્યુનિકેશન અને માહિતી ટેકનોલોજી મંત્રાલયોના વડા છે તેમણે જણાવ્યું હતું કે, "અમે તેમની ધરપકડ કરવા માંગીએ છીએ આ માટે નિયમિત ન્યાયિક પ્રણાલી દ્વારા તેમના પર ખટલો ચલાવવો કે પછી વિશેષ ટ્રિબ્યુનલ દ્વારા તે બાબતે કેવી રીતે આગળ વધવું તે અંગે ચર્ચા કરી રહ્યા છીએ" જોય, જે યુનાઈટેડ સ્ટેટ્સમાં છે, તેણે ટિપ્પણી માંગતી વિનંતીનો જવાબ આપ્યો ન હતો. ભારત સરકારની સુરક્ષામાં રહેલી હસીનાનો સંપર્ક થઈ શક્યો નથી. અન્ય વિદ્યાર્થી નેતા, અબુ બેકર મોજુમદરે અલગથી મીડિયાને કહ્યું કે તેઓ ઈચ્છે છે કે હસીના પરત આવે અને ટ્રાયલનો સામનો કરે. ઈસ્લામે કહ્યું કે, રખેવાળ સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી યોજવાની હતી, છેલ્લી ચૂંટણીનો વિપક્ષ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને અગાઉની સરકારમાં શંકાસ્પદ ભ્રષ્ટાચારની પણ તપાસ કરવામાં આવી હતી. ઈસ્લામે કહ્યું કે બાંગ્લાદેશને કોઈપણ ચૂંટણી પહેલા ચૂંટણી અને બંધારણીય સુધારાની જરૂર પડશે, તેથી આગામી મતદાન ક્યારે થશે તે સ્પષ્ટ નથી. તેમણે ચોક્કસ સમયરેખા આપવાનો ઈન્કાર કર્યો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ એક દિવસ વડા પ્રધાન બનવા માંગશે ? ત્યારે તેમણે કહ્યું, "હું આગળ શું બનીશ તેની મારી મહત્વાકાંક્ષા બાંગ્લાદેશના લોકો પર નિર્ભર છે" તેમણે કહ્યું કે, ભારતે હસીનાની અવામી લીગ પાર્ટી સાથે સંબંધ બનાવ્યો છે, પરંતુ સમગ્ર બાંગ્લાદેશના લોકો સાથે નહીં. તેમણે કહ્યું કે અમે ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ઈચ્છીએ છીએ. "ભારતે પણ તેની વિદેશ નીતિ પર ધ્યાન આપવાની જરૂર છે, નહીં તો તે સમગ્ર દક્ષિણ એશિયા માટે સમસ્યા બની જશે."

# નાણાં સચિવ સોમનાથન કેબિનેટ સચિવ તરીકે નિયુક્ત

(એજન્સી) તા.૧૧

આઈએએસ અધિકારી ટી.વી. સોમનાથન તમિલનાડુ કેડરના ૧૯૮૭-બેચના આઈએએસ અધિકારી છે.

વરિષ્ઠ IAS અધિકારી ટી વી સોમનાથનને રાજીવ ગૌબાના સ્થાને કેબિનેટ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તમિલનાડુ કેડરના ૧૯૮૭-બેચના IAS અધિકારી સોમનાથન હાલમાં કેન્દ્રીય નાણાં સચિવ અને ખર્ચ સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. 'કેબિનેટની નિમણૂક સમિતિએ ૩૦.૦૮.૨૦૨૪થી બે વર્ષના કાર્યકાળ સાથે કેબિનેટ સચિવ તરીકે શ્રી ટી વી સોમનાથન, IASની નિમણૂકને મંજૂરી આપી છે. 'કેબિનેટની નિમણૂક સમિતિએ ટી વી સોમનાથન, આઈએએસને કેબિનેટ સચિવાલયમાં વિશેષ ફરજ પરના અધિકારી તરીકેની નિમણૂકને પણ મંજૂરી આપી છે જ્યાં સુધી



તેઓ કેબિનેટ સચિવ તરીકે કાર્યભાર સંભાળે ત્યાં સુધી તેઓ આ ફરજ બજાવશે. ગૌબાએ પાંચ વર્ષ પહેલા ૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કેબિનેટ સચિવનો ચાર્જ સંભાળ્યો હતો.

# લ્યો ! IIT મંડી ખાતે બી. ટેક. વિદ્યાર્થીઓ માટે પુનર્જન્મ વિષય ફરજિયાત !

(એજન્સી) તા.૧૧

IIT મંડીમાં હવેથી "ભારતીય નોલેજ સિસ્ટમ્સ" નામનો અનોખો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ કોર્ષ BTechના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત વિષય તરીકે શરૂ થશે. તેમાં પુનર્જન્મ અને શરીરની બહારના અનુભવો અંગેનો અભ્યાસ કરવાનો રહેશે. આ અહેવાલ આવતાની સાથે જ ચર્ચામાં આવી ગયા હતા. આ નિર્ણયે આવા વિષયોની શૈક્ષણિક માન્યતા અને વૈજ્ઞાનિક આધારને લઈને ભારે ચર્ચા જગાવી છે.

અહેવાલ મુજબ, ભારતીય જ્ઞાન પ્રણાલી અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભારતીય પરંપરાઓમાં રહેલા વિવિધ દાર્શનિક અને સાંસ્કૃતિક ખ્યાલોથી પરિચય કરાવવાનો છે.

આ વિષયમાં પુનર્જન્મ અને શરીરની બહારના અનુભવો નોંધપાત્ર થીમ તરીકે પ્રકાશિત થાય છે. નવા સ્થપાયેલા ભારતીય જ્ઞાન પ્રણાલી વિભાગ દ્વારા ઓફર કરવામાં આવેલ 'ચેતના અને સુખાકારીનો પરિચય' અભ્યાસક્રમ તમામ BTech વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે.

અભ્યાસક્રમમાં પશ્ચિમી દવા અને આયુર્વેદ બંનેમાંથી આંતરદષ્ટિ સાથે "ચેતનાના સિદ્ધાંતો," "IKS કલા અને નૃત્યની મન પરની અસર," "સર્વોચ્ચ



ચેતના," અને "ભૌતિક શરીરની શરીર રચના અને કાર્યક્ષમતા" સહિતના વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જો કે, IIT મંડી સમુદાયના એક સભ્ય, જેમણે નામ ન જાહેર કરવાની શરતે જણાવ્યું હતું કે અમે આ કોર્ષની ટીકા કરીએ છીએ.

તેમણે જણાવ્યું હતું કે, "તમામ IKS અભ્યાસક્રમો સ્યુડોસાયન્ટિફિક વિષયોથી ભરેલા છે. ટીકાકારો દલીલ કરે છે કે તકનીકી અભ્યાસક્રમના ભાગ રૂપે પુનર્જન્મ અને તેના જેવા વિષયો શીખવવાથી IIT જેવી સંસ્થામાં અપેક્ષિત વૈજ્ઞાનિક કઠોરતાને નબળી પડી શકે છે. તેઓ આ વિષયોને સ્યુડો સાયન્ટિફિક તરીકે વર્ણવે છે. બીટેક પ્રોગ્રામમાં તેમની સુસંગતતા પર પ્રશ્ન કરે છે જે સામાન્ય રીતે એન્જિનિયરિંગ સિદ્ધાંતો અને પ્રયોગમૂલક અભ્યાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# આરોપીનો ઈરાદો 'એલ્બો IED' વડે મહત્તમ નુકસાન પહોંચાડવાનો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

પ્રથમ નજરમાં, 'રોકમેન' ટેલિગ્રામ પર 'કેવમેન' સાથે દેખીતી રીતે સામાન્ય વાતચીતમાં વ્યસ્ત હતો. બે એકાઉન્ટ્સ વચ્ચેની ચેટ મુખ્યત્વે એકબીજાની સુખાકારી વિશે પૂછપરછ કરવા અને મીટિંગની સંભાવનાઓ વિશે વારંવાર ચર્ચા કરતી હતી. જો કે, ત્યાં એક રસપ્રદ વળાંક હતો. રોકમેન પાકિસ્તાનમાં હતો, જ્યારે બીજો ભારતમાં હતો. જ્યારે પહેલા વ્યક્તિનું લોકેશન પ્રમાણમાં સ્થિર રહી, જ્યારે બીજાનું લોકેશન એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જતું હતું. અન્ય બે ખાતાઓ દ્વારા સમાન હિલચાલ પ્રદર્શિત કરવામાં આવી હતી. એકનું નામ 'કાસિમ સુલેમાની' હતું અને બીજામાં ઉર્દૂમાં થોડા અક્ષરો હતા અને ત્યારબાદ અંક ૧૨૩ હતા. આવા ઈલેક્ટ્રોનિક લીડ્સને શોધીને અને માનવ ગુપ્તચર નેટવર્ક્સ સાથે તેમને સમર્થન કરીને, કાયદા અમલીકરણ અધિકારીઓ , એક 'IED નિષ્ણાત' એવા રિઝવાન અલીને પકડવામાં વ્યવસ્થાપિત થયા જેણે એક વર્ષ સુધી જંગલી હંસનો



પીછો કરવા માટે ઘણી એજન્સીઓનું નેતૃત્વ કર્યું હતું. 'ફાયર સેફ્ટી એન્ડ મેનેજમેન્ટ'માં ડિપ્લોમા અને અગ્નિશામક સાધનોના વેપાર સાથે સંકળાયેલી કંપનીમાં ટૂંકી નોકરી સાથે, રિઝવાન વધુ સમૃદ્ધ અને શાંતિપૂર્ણ જીવન જીવી શક્યો હોત. જો કે, તેણે કથિત રીતે IED એસેમ્બલીમાં તેની કુશળતાનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું અને પોતાને વિવિધ એજન્સીઓની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સ્થાન અપાવ્યું.રિઝવાને શાનવાઝ (ગયા વર્ષે ધરપકડ કરવામાં આવી હતી) સાથે સહયોગ કર્યો હતો, અને પોલીસ રિપોર્ટ અનુસાર, આ બંનેએ ટેલિગ્રામ પર તેમને આપવામાં આવેલી સૂચનાઓ દ્વારા 'એલ્બો IEDs' તૈયાર કરવામાં તેમની કુશળતા હાંસલ કરી હતી. પોલીસના આક્ષેપો મુજબ, આ એલ-આકારના IEDs તેમની યોજનાની પરાકાષ્ઠા ન હતા. અસરને વધારવા માટે, તેઓ નાના, 3kg LPG સિલિન્ડરો સાથે પ્રયોગ કરી રહ્યા હતા, જે વિસ્ફોટ દરમિયાન ચોમેર ફેલાઈને લોખંડની ઘાતક કરચોને ચારેબાજુ વિખરાવે છે. રસપ્રદ વાત એ છે કે, શકમંદોએ તેમના IED મિશ્રણ (કોડનેમ મહેંદી)માં એક અનન્ય ઘટક તરીકે કાળા મરીનો સમાવેશ કર્યો હતો. પ્રારંભિક IED પરીક્ષણ સ્થાન દક્ષિણપૂર્વ દિલ્હીમાં ઝાકિર નગર પાસે યમુનાપુરનું મેદાન હતું. તેમના મોબાઈલ ઉપકરણોમાં બોમ્બ બનાવવાની સૂચનાઓનું વિવરણ કરતી IED અને PDF ફાઈલો એસેમ્બલ કરતા તેમના અસંખ્ય ફોટોગ્રાફ્સ હતા.

# ડીસામાં ટીપી વિવાદમાં હવે અસલી-નકલી ખેડૂતોનો વિવાદ વકર્યો

## અસલી ખેડૂત કોણ ? ટીપી ચેરમેન જવાબ આપે : ખેડૂતો

ડીસા, તા.૧૧

ડીસા શહેરમાં લાગુ થનારી પ્રથમ ટાઉન પ્લાનિંગ સ્કીમના વિવાદની અંદર હવે અસલી નકલી ખેડૂતોનો વિવાદ ચર્ચાએ ચડ્યો છે. ટીપી મુદ્દે નગરપાલિકામાં અલગ-અલગ ખેડૂતોના જૂથો આવી પોતે અસલી ખેડૂતો હોવાનો દાવો કરી રહ્યા છે. ગુરૂવારે રજૂઆત કરવા આવેલા લોકોને ટીપી ચેરમેને અસલી ખેડૂતો ગણાવતા અન્ય ખેડૂતો ભડકયા હતા અને આજે પોતાની સાથે ૭/૧૨ના ઉતારા લઈને રજૂઆત કરવા આવેલુ ટોળું ખેડૂતો નહીં પણ વેપારીઓ હતા તેવો આક્ષેપ કર્યો હતો. ડીસા શહેરની પ્રથમ ટીપી સ્કીમનો મુદ્દો બરાબરનો ચગ્યો છે. ટીપી સ્કીમ લાગુ કરવા બાબતે ખેડૂતોના અલગ-અલગ જૂથો ટીપીના સમર્થનમાં અને વિરોધમાં રજૂઆતો કરી રહ્યા છે. એક તરફ ખેડૂતો ભાજપની જૂથબંધીના કારણે ટીપી સ્કીમ લટકી રહી હોવાનો આક્ષેપ કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ અસલી ખેડૂતો કોણ ? તે નવો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. દસેક દિવસ અગાઉ ટીપી કમીટીની બેઠક વખતે ખેડૂતોનું ટોળું આવી ટીપી સ્કીમનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ ગુરૂવારે નગરપાલિકામાં ૪૦થી ૫૦ લોકોનું ટોળું આવી જમીનોના ખાતા નંબર સાથેની સહીવાળું




આવેદનપત્ર આપી ટીપી સ્કીમ તેઓને મંજૂર છે તેવી રજૂઆત કરી હતી. જેમાં ડીસા નગરપાલિકાના ટીપી કમિટીના ચેરમેન ચેતન ત્રિવેદીએ પણ એક ઈન્ટરવ્યૂમાં ગુરૂવારે આવેલા ખેડૂતો અસલી હોવાનું નિવેદન આપ્યું હતું. જેથી ટીપી કમિટીના ચેરમેનના આ નિવેદનથી ગુસ્સે થયેલા ખેડૂતોનું ટોળું આજે નગરપાલિકામાં સૂત્રોચ્ચાર સાથે આવી ચીફ ઓફિસર સમક્ષ પોતાની જમીનોના ૭/૧૨ના ઉતારા રજૂ કરી આ ટીપી સ્કીમ જે વિસ્તારમાં પડવાની છે તેના અસલી ખેડૂતો તેઓ જ છે તેઓ દાવો રજૂ કર્યો હતો.

### જૂઠું બોલનારનો નાર્કો ટેસ્ટ કરાવો : મુકેશ સોલંકી, ખેડૂત

અત્યારે જમીનના ઉતારા ઓનલાઈન મળી જતા હોવાથી ગમે તે ખેડૂતના ઉતારા લઈને કેટલાક તત્વો પોતાને અસલી ખેડૂત ગણાવી રજૂઆત કરવા આવી જાય છે. ગુરુવારે આવેલા લોકોમાં એકાદ બેને બાદ કરતા મોટાભાગના વેપારીઓ હતા જેથી જૂઠું બોલનારા લોકોનો નાર્કો ટેસ્ટ કરાવવો જોઈએ.

### મારે આત્મહત્યા કરવાનો વારો આવશે : સોમાજી કચ્છવા

મારી પાસે માત્ર ૪૫ ગુઠા જગ્યા છે અને ચાર દીકરાઓ છે જો ટીપી સ્કીમ લાગુ થાય તો કપાત બાદ જમીનના ટુકડે ટુકડા થઈને શું વધશે ? જેથી મારે પરિવાર સાથે આત્મહત્યા કરવાનો વારો આવશે.

### વડોદરા ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

# સોનાના સિક્કા આપવાનું કહી૧.૪૦ કરોડની ઠગાઈ કરનાર મહિલા ચાર વર્ષે ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૧

મકાનના ખોદકામ દરમિયાન સોનાના સિક્કા મળ્યા છે તેમ જણાવી યુવાન પાસેથી ૧.૪૦ કરોડ રૂપિયા રોકડા લઈ ખોટા સોનાના સિક્કા પધરાવીને ફરાર થઈ ગયેલી ઠગ ટોળકી પૈકી છેલ્લા ચાર વર્ષથી ફરાર વડોદરાના વારસિયા વિસ્તારમાં રહેતી એક ભેજાબાજ મહિલાને પોલીસે ઝડપી પાડી હતી. આ અંગેની વિગત એવી છે કે વડોદરામાં રહેતો શખ્સ કાર ગાડી લઈને મુંબઈ જતો હતો તે વખતે ૫ અજાણ્યા શખ્સો ભાડું આપી કારમાં મુંબઈ માટે જવા નીકળેલા હતા. રસ્તામાં વાપી આવતા એક શખ્શે એવું જણાવેલ કે તેની સાઈટ ચાલે છે જ્યાં મજૂરોને ખોદકામ કરતી વખતે પૈસા અને સોનાના સિક્કા મળ્યા છે તેમ કહી યુવાનને સોનાનો એક સિક્કો બતાવ્યો હતો અને આ વાતની જાણ કોઈને નહીં કરવા તેમજ સોનાના સિક્કા જોઈતા હોય તો અમારો સંપર્ક કરવા કહ્યું હતું. બાદમાં ટોળકી સાથે યુવાન સંપર્કમાં હતો આ દરમિયાન ૩૦ સોનાના સિક્કા ટોળકીએ યુવાનને બતાવ્યા હતા જે સાચા જણાયા હતા. યુવાને પોતાની બચતની રકમ ૧.૪૦ કરોડ રૂપિયા લઈને સોનાના સિક્કા લેવા માટે ગયો હતો કડોદરા ચાર રસ્તાથી બારડોલી જવાના રોડ પર જતી વખતે એક અજાણી સ્ત્રી અને બે અજાણ્યા પુરૂષો સોનાના સિક્કા હોવાનું કહી થેલો આપ્યો હતો અને પૈસા ભરેલી થેલી લઈ લીધી હતી જોકે યુવાને અજાણ્યા શખ્સોને સિક્કા ખાતરી કરાવવા માટે પોતાની કારમાં બેસાડ્યા હતા દરમ્યાન અજાણ્યા શખ્સોએ ઉલટીના ઉબકા આવે છે તેવી વાત કરી ગાડીમાંથી ઉતરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે વર્ષ ૨૦૨૦માં સુરત ગ્રામ્યના કડોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો ત્યારથી વડોદરામાં વારસિયા વિસ્તારના જય અંબે મહોલ્લામાં રહેતી ઠગ મહિલા પ્રેમીબેન જીવનલાલ પરમાર ફરાર હતી વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે ઠગ મહિલા પ્રેમીબેનને ઝડપી પાડી સુરત પોલીસને સોંપી દીધી હતી.

# વડગામના માહી ગામે શાળાની સંરક્ષણ દીવાલનું કામ નિયમો વિરૂદ્ધ થતાં રોષની લાગણી

## જર્જરિત દીવાલ બનાવી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ




(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

છાપી, તા.૧૧

વડગામ તાલુકાના માહી ગામે આવેલ પ્રાથમિક શાળાની જર્જરિત સંરક્ષણ દીવાલનું કામ નિયમ વિરૂદ્ધ કરી છાત્રોના જીવન સાથે ખિલવાડ કરતા ગ્રામજનો દ્વારા કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વડગામ તાલુકાના માહી ગામે આવેલ પ્રાથમિક શાળાની સંરક્ષણ દીવાલ જર્જરિત થતા સ્કૂલ ઓફ એક્સલન્સ (એસ.ઓ.ઈ.) અંતર્ગત જર્જરિત દીવાલની જગ્યાએ નવીન સાડા ત્રણ મીટરની ઉંચાઈ સાથેની દીવાલ બનાવવા કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો. જોકે કોન્ટ્રાકટર દ્વારા જર્જરિત દીવાલ ઉપર ફક્ત ત્રણ ફૂટની દીવાલ બનાવતા ગ્રામ પંચાયતના સદસ્ય મફતલાલ પલાણી દ્વારા રજૂઆત કરવા છતાં નિયમ વિરૂદ્ધ તેમજ વિદ્યાર્થીઓરના જીવન ના જોખમ રૂપ દીવાલ બનાવી દેતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. કોન્ટ્રાકટર દ્વારા સંરક્ષણ દીવાલની કામગીરીમાં મોટો ભ્રષ્ટાચાર આચર્યા હોવાના ગંભીર આક્ષેપો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ બાબતે તંત્ર તાત્કાલિક તપાસ કરી બાળકોના જીવન સાથે છેડા કરનારા સામે સખ્ત પગલાં ભરવા માંગ ઉઠવા પામી છે.મફતલાલ પલાણી એ જણાવ્યું હતું કે દીવાલ ઉપર દિવાનું કામ કરતા આખી દીવાલ હલતી હોવાના આક્ષેપ કર્યા હતા. આ દીવાલના કારણે વિદ્યાર્થીઓના જીવનનું જોખમ ઊભું થયું છે. કોઈ પણ અઘટિત ઘટના બનશે તો જવાબદાર કોણ? તેવો વેધક સવાલ ગ્રામજનો કરી રહ્યા છે.

# ભાવનગરમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી



ભાવનગરમાં સરદાર પટેલ શિક્ષણ સંસ્થા સ્કૂલ ખાતે નાયબ વન સંરક્ષક સાદીક મુંજાવરની અધ્યક્ષતામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે નાયબવન સંરક્ષક સાદીક મુંજાવરએ જણાવ્યું હતું કે વિશ્વમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોની ભાગીદારી વધે તે હેતુથી દર વર્ષે ૧૦મી ઓગસ્ટના રોજ વર્ષ ૨૦૧૩થી વિશ્વ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે આ વર્ષ એ ભાવનગર જિલ્લામાં ચાર લાખ જેટલા બાળકો તેમજ ૧,૬૦૦થી વધારે શાળાઓ ઉજવણી કરવામાં આવી છે ત્યારે રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોના લીધે બૃહદગીર તેમજ ગીર વિસ્તારમાં સિંહોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

# ઈડરના વેરાબર ખાતે હર ઘર તિરંગા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ



(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં એચ પી જોશી હાઈસ્કૂલ અને એસ આર મહેતા ઉચ્ચતર માધ્યમિક શાળા વેરાબર ખાતે હર ઘર તિરંગા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લાના નાગરિકોમાં રાષ્ટ્રભાવના વધુ મજબૂત બને અને રાષ્ટ્રધ્વજ માટે માન સન્માન વધે તે ઉદ્દેશથી જિલ્લામાં હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. બાળકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગૌરવની ભાવના જાગે તે હેતુથી એચ પી જોશી હાઈસ્કૂલ અને એસ આર મહેતા ઉચ્ચતર માધ્યમિક શાળા વેરાબર ખાતે 'હર ઘર તિરંગા' થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ડીસામાં શાળાના બાળકો દ્વારા ત્રિરંગા યાત્રા રેલી યોજાઈ



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૧

રાજપુર પ્રાથમિક શાળા નંબર -૧માં થી હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત ગામમાં શાળાના બાળકો દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવી હતી .અલગ અલગ વેશભૂષા વાળા બાળકો તેમજ સ્કાઉટના બાળકોએ રેલીનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના કોર્પોરેટરોમાં ગીતા બેન પઢિયાર, દીપક પઢિયાર, તથા વિપુલ માળી તથાસુરેશ કુમાર પરમાર સહિત શાળાના એવોર્ડ વિજેતા આચાર્ય. શ્રવણ અનવાડિયા તથા શિક્ષક નરેન્દ્ર ઠક્કર સહિત ગામના આગેવાનો, એસ.એમ.સી અધ્યક્ષ અને સભ્યો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.શાળાના આચાર્યએ વૃક્ષો વાવી શાળાને હરિયાળું બનાવ્યું હતું.

# મહુવામાં નામચીન શખ્સની તેના જ ઘરમાં ઘૂસી હત્યા કરી હત્યારા ફરાર

ભાવનગર, તા.૧૧

ભાવનગર જિલ્લાના મહુવા હબીબ વાલજી સોસાયટીમાં નામચીન શખ્સની તેનાંજ ઘરમાં ઘુસીને અજાણ્યા શખ્સોએ કરતા હત્યા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા મહુવા પોલીસને જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી હતી. જાણવા મળતી માહિતી મુજબ મહુવા શહેરમાં નામચીન બુટલેગર અલ્તાફ અમીરભાઈ દોઢીયા ઉવ.૩૭ નામના શખ્સની તેનાંજ ઘરમાં ઘુસીને અજાણ્યા શખ્સોએ કરતા ચકચાર મચી જવા પાઢી છે. પોલીસનેં જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી છે અને એફ એસ સેલ ટીમને ઘટના સ્થળે તપાસ માટે બોલાવામાં આવી હતી અને પેનલ પીએમ માટે




ડેડ બોડીને ભાવનગર સર ટી હોસ્પિટલ લાવવાની ચર્ચા થઈ રહી હતી મહુવા પોલીસે હત્યારાને પકડવા તજવીજ હાથ ધરી છે બીજી બાજું શહેરમાં એવી પણ ચર્ચા એ જોર પકડ્યું હતું કે મહુવા પોલીસ ટેન્શન ખાતે થોડા દિવસ પહેલાં જ યુવાનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું કે મહુવા શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ગુન્હાઓ વધી રહ્યા છે

# હિંમતનગરના પાણપુર ચાર રસ્તા પાસે ઈલેક્ટ્રિક ડી.પી.થી જાનહાનિનો ભય

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૧

હિમતનગર શહેરને અડીને આવેલ પાણપુર ચાર રસ્તા પોલીસ ચોકી પાસે એક ઈલેક્ટ્રિક ડી.પી. આવેલી છે બે કલાકથી વધુ વરસાદ પડતા આ ડી.પી.ની આસપાસ રોડ ઉપર પાણી ભરાઈ જાય છે અને આ વરસાદી પાણી ચોમાસા દરમિયાન ડીપી આસપાસ ભરાયેલું જ



(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

રહે છે તેમજ પાણપુર તરફ જવાનો આ મેઈન રોડ હોવાથી આખો દિવસ ફૂલ ટ્રાફિક હોય છે એટલું જ નહીં આગળ રૂમી, આદર્શ, પઢીયાર એવી ત્રણ સ્કૂલો પણ આવેલી છે. સ્કૂલના બાળકો અહિંયાથી ચાલતા સાયકલ લઈને તેમજ બસમાં પસાર થાય છે અને આ પાણી ડી.પી.માં ગરકાવ થઈ જતા જો ડી.પી. ફાયર થઈ કરંટ પાણીમાં ઉતરી જાય તો ઓછામાં ઓછા દસ વીસ લોકોથી વધુ લોકોની જાનહાનીનો ગંભીર અકસ્માત થઈ જવાનો ભય રહેલો છે, પહેલા પણ છેલ્લા એક મહિનામાં ત્રણ ડીપી ફાયર થઈ ચૂક્યા છે. ત્યારે હવે કોઈ જાનહાની થશે તો તેની જવાબદારી કોની ?

### કેન્દ્ર સરકાર તરફથી સ્વાતંત્ર્ય દિન નિમિત્તે

# લાલ કિલ્લા ખાતે આણંદ જિલ્લાની વિદ્યાર્થિની અમરીનને આમંત્રણ, સરપંચે સન્માન કર્યું

આણંદ, તા.૧૧

આણંદ જિલ્લાના હાડગુડ ગામની પીએમ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની અમરીનબાનું સૈયદ નું ગામના સરપંચ સહિત અગ્રણીઓએ સન્માન કર્યું હતું. સમગ્ર દેશમાંથી પીએમ શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓને તેમના શિક્ષક તથા વાલીની સાથે લાલ કિલ્લા ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને નિહાળવા માટે ''વિશેષ અતિથિ'' તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ૧૦૦ પૈકી ગુજરાત રાજ્યની પીએમ શાળાઓ માંથી ૦૬ વિદ્યાર્થીઓને તેમના શિક્ષક કે વાલીની સાથે કેન્દ્ર સરકાર દ્વારા આમંત્રિત કરવામાં કરવામાં આવ્યા છે.આ પસંદગી અન્વયે આણંદ જિલ્લાના હાડગુડ ગામની પ્રાથમિક શાળામા ધોરણ ૮મા અભ્યાસ કરતી વિદ્યાર્થિની અમરીનબાનું



મોહસીનઅલી સૈયદ દિલ્હીના લાલ કિલ્લા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ગૌરવમયી ઉજવણીમાં સહભાગી થવા જઇ રહ્યા છે ત્યારે હાડગુડ ગામના પ્રથમ નાગરીક અને ગામના સરપંચ હસીનાબાનું આરીફઅલી સૈયદે ગામના સામાજિક કાર્યકરો તથા અગ્રણીઓ સાથે મુલાકાત લઇ શુભેચ્છાઓ પાઠવી હતી.અમરીન બાનું સ્વાતંત્ર્ય પર્વની દિલ્લી ખાતે થનાર ઉજવણીના પળની ક્ષણોની સાક્ષી બનવા જઈ રહી છે ત્યારે તેની પર્સદગીને ગ્રામજનોએ બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડવા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે અમરિન બાનું આવતી કાલે દિલ્હી જવા રવાના થનાર છે.

# આમોદ તાલુકા કક્ષા યુવા ઉત્સવનું ધી આછોદ સાર્વજનિક હાઈસ્કૂલમાં આયોજન કરવામાં આવ્યું

ભરૂચ, તા.૧૧

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી ભરૂચ દ્વારા આયોજિત આમોદ તાલુકા કક્ષા યુવા ઉત્સવ ૨૦૨૪નું આયોજન ધી આછોદ સાર્વજનિક હાઈસ્કૂલમાં કરવામાં આવ્યું હતું. આ યુવા ઉત્સવમાં સાહિત્ય, કલા અને સંસ્કૃતિ વિભાગમાં ૧૫ જેટલી વિવિધ સ્પર્ધાઓ એઈજ કેટેગરી વાઈસ રાખવામાં આવી હતી. આ યુવા ઉત્સવના અધ્યક્ષ અને ઉદઘાટક તરીકે આમોદ તાલુકાના મામલતદાર વિનોદ એ.જરીવાલા હાજર રહ્યા હતા. અતિથિઓમાં તાલુકા વિકાસ અધિકારી ધ્રુવ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શબ્બીર પટેલ, બીઆરસી આશિફ પટેલ, સી.આર.સી ઈમરાન પટેલ હાજર રહ્યા હતા. આ ઉદ્‌ઘાટન પ્રસંગે શાળાના આચાર્ય ઉસ્માન સુતરીયાએ ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત કરી પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું જેમાં તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિની પરંપરાને આગળ લઈ જવા માટે અને વિદ્યાર્થીઓમાં રહેલી સુસુપ્ત




શક્તિઓને જાગૃત કરવા માટેની આ સુંદર તક હોય તેને ઝડપી લેવા આહવાન કર્યું હતું અને આ વિવિધ સ્પર્ધાઓમાં પોતાનું સુંદર કૌશલ્ય દર્શાવી જિલ્લા લેવલ પર પણ આમોદ તાલુકાનું નામ રોશન થાય તેવા પ્રયત્નો કરવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ ઉપરાંત ટીપીઓ અને બીઆરસીએ પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મામલતદાર વિનોદ એ જરીવાલાએ પોતાના વક્તવ્યમાં કરોળિયાનું ઉદાહરણ આપી નિષ્ફળતા મળે તો પણ સતત પ્રયત્ન કરતા રહેવાથી એક દિવસ સફળતા ચોક્કસ મળે છે કેમ જણાવી વિદ્યાર્થીઓને સતત પ્રયત્ન કરતા રહેવા કહ્યું હતું. આ યુવા ઉત્સવના ખૂબ જ સુંદર આયોજન બદલ શાળાના આચાર્ય ઉસ્માન સુતરીયા અને તમામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ યુવા ઉત્સવમાં આમોદ તાલુકાની મોટાભાગની શાળાઓમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં કલા પ્રેમી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી પોતાની કૃતિઓ સુંદર રીતે રજૂ કરી હતી. આ અનેરા યુવા ઉત્સવના પૂર્ણાહુતી પ્રસંગમાં સીઆરસી ઈમરાન અને ગામના સામાજિક અગ્રણી કાર્યકર જનાબયાસીન પટેલના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખરેખર આ યુવા ઉત્સવ વિદ્યાર્થીઓના જીવનમાં મહત્વપૂર્ણ અને યાદગાર દિવસ બની રહેશે. ખૂબ જ સુંદર અને સફળતાપૂર્વક આયોજન કરવા બદલ જિલ્લા યુવા વિકાસ અધિકારી મીતા મેડમએ ધી આછોદ સાર્વજનિક હાઈસ્કૂલના આચાર્ય ઉસ્માન સુતરીયાને ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## વીરપુરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

મહિસાગર જિલ્લાના વીરપુર ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં વીરપુરના વિવિધ કચેરીઓના અધીકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહી મંદિરના પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું આ કાર્યક્રમમાં વીરપુર મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વીરપુર પોલીસ સ્ટેશન પીએસઆઈ, વીરપુર ગ્રામ પંચાયતના વહીવટદાર સહિત મંદિરના સંતો ઉપસ્થિત રહ્યા હતા.

## દારૂના કેસના ઈસમને પાસા હેઠળ સાબરમતી જેલમાં ધકેલાયો

ભાવનગર, તા.૧૧

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગાઉ ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂદ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર તરફ મોકલી આપવામાં આવેલ હતી. જે અંગે જિલ્લા મેજીસ્ટ્રેટે ભયલુભા રણજીતસિંહ ગોહિલ (ઉ.વ.૩૩ રહે.રાળગોન તા.તળાજા જિ.ભાવનગર) વિરૂદ્ધ કરવામાં આવેલ. દરખાસ્ત માન્ય રાખી પાસા વોરંટ ઈશ્યુ કર્યો હતો. જે પાસા વોરંટની બજવણી કરી ઈસમને મધ્યસ્થ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવેલ.

# પાલીતાણાની શાળા ખાતે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

પાલીતાણાની જાળીયા (અમ) કે. વ. શાળા ખાતે વિશ્વ સિંહ દિવસ નિમિતે કાર્યક્રમ યોજાયો હતો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સિંહના મહોરા પહેરીને, લાયન શબ્દની પ્રતિકૃતિ બનાવીને વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી હતી પ્રાકૃતિક વાતાવરણ અને નયનરમ્ય પહાડોની વચ્ચે આવેલી શાળામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ સાથે કરવામાં આવી હતી જેમાં શાળાના આચાર્ય યુનુસખાન બલોચ શિક્ષકો સહિત શાળાના કર્મચારીઓ જોડાયા હતા.

# ઝોબાળા ગામે વીજ શોક લાગતાં યુવાનનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૧

ચુડા તાલુકાના ઝોબાળા ગામના વિનોદ જગદીશભાઈ પરાલિયા શુક્રવારે સાંજે ખેતરે ગયા હતા. વિનોદભાઈ પાકને પાણી કરવા ઈલેક્ટ્રિક મોટર શરૂ ન થતા વીજ વાયરો ફેરવી રહ્યા હતા ત્યારે વીજ શોક લાગ્યો હતો. શોક લાગતાં વિનોદભાઈ દૂર ફેંકાઈ ગયા હતા. મોડી રાત સુધી વિનોદભાઈ ઘરે પરત નહીં ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે ખેતરથી વિનોદભાઈ મળી આવ્યા હતા. તેમણે સારવાર અર્થે ચુડા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા જયાં હાજર ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આમ ૨ સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **કાગદી મુફફજજલ હુસૈન અબ્દુલ હુસેન** હતું જે બદલીને નવું નામ **મુફઝઝલ અબ્દુલ હુસેન કાગદી** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

**સરનામું : મુફઝઝલ અબ્દુલ હુસેન કાગદી, ડી-૧૮, કતોપોર બજાર, ભરૂચ**

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **કાગદી ફરીદા મુફફઝઝલ હુસેન** હતું જે બદલીને નવું નામ **ફરીદા મુફદ્દલ કાગદી** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

**સરનામું : ફરીદા મુફદ્દલ કાગદી ડી-૧૮, કતોપોર બજાર, ભરૂચ**

# સત્તામાંથી બેદખલ કરાયાં બાદ શેખ હસીનાએ મૌન તોડ્યું, અમેરિકા પર લગાવ્યા ગંભીર આરોપ, વચગાળાની સરકારને સત્તા સોંપવા સામે ચેતવણી ઉચ્ચારી

(એજન્સી) તા.૧૧

બાંગ્લાદેશમાં અનામત માટે શરૂ થયેલ આંદોલન બાદમાં હિંસક બની જતા બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દેવું પડ્યું હતું અને તેઓ દોશ છોડીને ભાગી ગયા હતા. હાલમાં તેઓ ભારતમાં છે. હવે શેખ હસીનાએ પોતાની સરકારના પતન પાછળ અમેરિકાનો હાથ ગણાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, અમેરિકાને સેન્ટ માર્ટીન ટાપુ ન સોંપવાના કારણે મને સત્તામાંથી હાંકી કાઢવામાં આવી છે, જે તેમને બંગાળની ખાડીમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માટે સક્ષમ બનાવે છે. તેમણે બાંગ્લાદેશી નાગરિકોને કટ્ટરપંથીઓથી ગેરમાર્ગે ન દોરાવાની અપીલ કરી છે. એક અહેવાલ પ્રમાણે પોતાના નજીકના સહયોગીઓ દ્વારા મોકલવામાં આવેલા સંદેશમાં હસીનાએ કહ્યું કે, મેં રાજીનામું એટલા માટે આપ્યું છે કે મારે મૃતદેહોનું સરઘસ ન જોવું પડે. તેઓ વિદ્યાર્થીઓના મૃતદેહો પર સત્તામાં આવવા માંગતા હતા, પરંતુ મેં તેની મંજૂરી ન આપી અને મેં વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું. જો મેં સેન્ટ માર્ટિન ટાપુની સંપ્રભુતા અમેરિકાને સમર્પિત કરી દીધી હોત અને તેને બંગાળની ખાડીમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવાની પરવાનગી આપી દીધી હોત તો હું સત્તામાં બની રહી હોત. હું મારા દેશના લોકોને વિનંતી કરું છું કે, કૃપા કરીને કટ્ટરપંથીઓની વાતમાં ન આવો. હું ટૂંક સમયમાં સ્વદેશ પરત ફરીશ.

અહેવાલમાં શેખ હસીનાનો હવાલો આપતા જણાવ્યું કે, જો હું દેશમાં રહી હોત તો વધુ લોકોએ જીવ ગુમાવ્યા પડ્યા હોત અને વધુ સંસાધનો અને જાહેર મિલકતોને નુકસાન થયું હોત. મેં દેશ છોડવાનો ખૂબ જ મુશ્કેલ નિર્ણય લીધો. હું તમારી નેતા બની કારણ કે તમે મને પસંદ કરી, તમે મારી તાકાત છો. એ જાણીને હું ખૂબ જ દુઃખી છું કે, મારી પાર્ટી અવામી લીગના ઘણા નેતાઓ માર્યા ગયા છે અને કાર્યકરોને પરેશાન કરવામાં આવી રહ્યા છે અને તેમના ઘરોમાં તોડફોડ કરવામાં આવી રહી છે અને આગચંપી થઈ રહી છે. ખુદાની કૃપાથી હું ટૂંક સમયમાં પરત ફરીશ. અવામી લીગ પડકારો સામે લડીને વારંવાર ઉભી થઈ છે. હું હંમેશા બાંગ્લાદેશના ભવિષ્ય માટે પ્રાર્થના કરીશ, જે રાષ્ટ્રનું સ્વપ્ન મારા મહાન પિતાએ જોયું હતું અને તેના માટે પ્રયાસ કર્યા હતા. જે દેશ માટે મારા પિતા અને પરિવારે પોતાનો જીવ આપ્યો છે. શેખ હસીનાએ કહ્યું હતું કે, તેઓ લોકશાહીને ખતમ કરવાનો અને એવી સરકાર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેનું કોઈ લોકતાંત્રિક અસ્તિત્વ જ નહીં હોય. સૂત્રોનો દાવો છે કે કથિત રીતે સરકારી નોકરીઓમાં અનામતનો વિરોધ કરતી વખતે ઉપદ્રવ મચાવનારા તોફાનીઓ વાસ્તવમાં એ વિદેશી તાકાતના હાથમાં રમી રહ્યા હતા જે બાંગ્લાદેશમાં 'સત્તા પરિવર્તન'ની યોજના બનાવી રહ્યા



હતા. હસીનાના નજીકના અવામી લીગના કેટલાક નેતાઓએ પણ ઢાકામાં સત્તા પરિવર્તન માટે અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. તેમનું કહેવું છે કે મે મહિનામાં ઢાકાની મુલાકાત લેનાર વરિષ્ઠ અમેરિકન રાજદ્વારીનો આની પાછળ હાથ છે. અવામી લીગના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, અમેરિકન રાજદ્વારી શેખ હસીના પર ચીન વિરૂદ્ધ પહેલ કરવા દબાણ કરી રહ્યા હતા. હસીનાની પાર્ટીના એક નેતાએ બાંગ્લાદેશમાં યુએસ એમ્બેસેડર પીટર હાસ પર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો હતો. હાસે જુલાઈમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. અમેરિકી સરકાર માનવ અધિકાર અને ચૂંટણી પ્રક્રિયાને લઈને શેખ હસીના અને તેમની પાર્ટીની સતત ટીકા કરી રહી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ વર્ષે જાન્યુઆરીમાં એક નિવેદનમાં કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી ન હતી કારણ કે, તમામ પક્ષોએ તેમાં ભાગ નહોતો લીધો. રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અચાનક એક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું હતું કે, જો શેખ હસીના આગામી ચૂંટણીમાં સત્તામાં આવશે તો અમેરિકા તેમની સરકારને ઉખેડી ફેંકવા માટે પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ કરશે. તેમણે ચેતવણી આપી હતી કે, બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન લાવવા માટે અમેરિકા 'અરબ સ્પ્રિંગ' જેવી અરાજક સ્થિતિ ઊભી કરશે. તમને જણાવી દઈએ કે એક દાયકા પહેલા પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ)માં 'અરબ સ્પ્રિંગ'ની આગેવાની શરૂઆતમાં યુનિવર્સિટી, કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી, જે ટ્યુનિશિયાથી શરૂ થઈ હતી અને ધીમે-ધીમે આ ક્ષેત્રના ઘણા દેશોમાં ફેલાઈ ગઈ હતી.

# બાંગ્લાદેશના હિન્દુઓની દુર્ગા પૂજા માટે પાંચ દિવસની રજાની માંગ

## બાંગ્લાદેશમાં અલ્પસંખ્યક સમુદાયો પાંચ ઓગસ્ટથી આગચંપી, હિંસા અને લૂંટના ૨૦૦થી વધુ કેસોની યાદી આપે છે, પરંતુ કોઈ જાનહાનિ સર્જાઈ નથી

(એજન્સી) ઢાકા, તા.૧૧

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રો. મુહમ્મદ યુનુસને સંબોધિત એક ખુલ્લા પત્રમાં બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી ઓક્યા પરિષદના પ્રમુખ નિર્મલ રોઝારિયોએ પાંચ ઓગસ્ટે હસીના સરકાર શેખના પતન પછીથી ૫૨ જિલ્લાઓમાં લઘુમતીઓ પર અત્યાચારની ૨૦૫ ઘટનાઓની વિગતવાર માહિતી આપી છે. જો કે, પત્રમાં દેખીતી રીતે કોઈ જાનહાનિનો ઉલ્લેખ નથી.



રોઝારિયોએ જ્યાં લઘુમતી સમુદાયો સતત બીજા દિવસે સુરક્ષા અને અત્યાચારનો અંત લાવવાની માંગ કરવા માટે એકઠા થયા હતા તે ઢાકાના શાહબાગ ખાતે જણાવ્યું હતું કે, અમારી પાસે પ્રાથમિક માહિતી છે કે, લઘુમતી અત્યાચારની ઓછામાં ઓછી ૨૦૫ ઘટનાઓ આજ સુધીમાં ૫૨ જિલ્લામાં બની છે.

રોઝારિયોએ પત્ર બહાર પાડતી વખતે મીડિયાને કહ્યું કે, અમે અમારા ઘરો અને મંદિરોની રક્ષા માટે આખી રાત જાગીએ છીએ. મેં મારા જીવનમાં આવી ઘટનાઓ ક્યારેય જોઈ નથી. અમે માગણી કરીએ છીએ કે, વહીવટીતંત્ર દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દ પુનઃ સ્થાપિત કરે. લઘુમતી સમુદાયોના પ્રદર્શનકારોએ હિંદુ સંપત્તિને નિશાન બનાવીને તોડફોડ, આગચંપી અને લૂંટના તાજેતરના મોજાની નિંદા કરતા માર્ગને અવરોધિત કર્યો.

શુક્રવારે તે જ સ્થળે લઘુમતી સમુદાયો દ્વારા એક રેલી હતી, જ્યાં હિંદુ સમુદાયના નેતાઓએ નીતિ-નિર્માણ સ્તરે પ્રતિનિધિત્વ વધારવા અને લઘુમતી બાબતોને સમર્પિત મંત્રાલયની સ્થાપના માટે હાકલ કરી હતી. તેઓએ લઘુમતી સંરક્ષણ આયોગ અને લઘુમતીઓ સામે હિંસા અટકાવવા કડક કાયદા બનાવવાની પણ માંગ કરી હતી. લઘુમતી જૂથોને સંસદીય બેઠકોના ૧૦ ટકા ફાળવણીની મુખ્ય માંગ હતી.

તેની આઠ પોઈન્ટની માગણીઓમાં સંગઠને વચગાળાની સરકારને લઘુમતીઓ સામે હિંસા આચરનારાઓ સામે કાર્યવાહી કરવા, લઘુમતી બાબતોનું મંત્રાલય બનાવવા અને લઘુમતી સંરક્ષણ કાયદો ઘડવા માટે ટ્રિબ્યુનલની સ્થાપના કરવા વિનંતી કરી હતી. તેઓએ હિંદુ ધાર્મિક કલ્યાણ ટ્રસ્ટને હિંદુ ફાઉન્ડેશનમાં અપગ્રેડ કરવા, બૌદ્ધ અને ખ્રિસ્તી ટ્રસ્ટો માટે પણ આ રીતે જ અપગ્રેડ કરવાની પણ હાકલ કરી.

વધુમાં તેઓએ ડેબોટર (હિંદુ ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે સમર્પિત) મિલકતને પુનઃ પ્રાપ્ત કરવા અને સાચવવા, વેસ્ટેડ પ્રોપર્ટી રિસ્ટિટ્યુશન એક્ટના યોગ્ય અમલીકરણ, શૈક્ષણિક સંસ્થાઓમાં પૂજા માટે જગ્યા અલગ રાખવા અને સંસ્કૃત અને પાલી શિક્ષણ બોર્ડના આધુનિકીકરણ માટે કાયદા ઘડવાની માંગ કરી હતી. તેઓએ દુર્ગા પૂજા માટે પાંચ દિવસની રજાની પણ માંગ કરી હતી.

પાર્થકુમાર નાથને મીડિયા દ્વારા ટાંકવામાં આવ્યું હતું કે, અમે આ દેશના નાગરિક છીએ, અહીં અમારા પરિવારો સાથે રહીએ છીએ અને દરેક સાથે શાંતિથી રહીએ છીએ. તો શા માટે અમારા પર હુમલો કરવામાં આવી રહ્યો છે? શું અમારા હિન્દુ ભાઈઓએ ૧૯૭૧ની લડાઈમાં ભાગ નહોતો લીધો? તેઓ ભેદભાવ વિરોધી વિદ્યાર્થી આંદોલનમાં મૃત્યુ પામે છે તો પછી હવે શા માટે અમને ટાર્ગેટ કરવામાં આવે છે?

અખબારે મીડિયાની ટીકા કરતા નિખિલ ચક્રવર્તી નામના એક શખ્સને પણ ટાંક્યો, જ્યારે હિંદુઓ પર હુમલો થાય છે, ત્યારે મીડિયા મૌન રહે છે. શાહબાગમાં આજે એકઠા થયેલા વિશાળ ટોળાને જુઓ - મેં હજી સુધી કોઈ ટેલિવિઝન કવરેજ જોયું નથી.

દરમિયાન માત્ર યુનુસ જ નહીં પરંતુ બાંગ્લાદેશના તમામ રાજકીય પક્ષોએ લઘુમતીઓ સામેની હિંસાની નિંદા કરી છે. જમાતના નેતાઓએ એકતા વ્યક્ત કરવા મંદિરોની મુલાકાત લીધી અને ફોન નંબરો શેર કર્યા જેને લઘુમતી સમુદાયના સભ્યો કટોકટીની સ્થિતિમાં કોલ કરી શકે છે.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)એ એક નિવેદન જારી કરીને દાવો કર્યો હતો કે, તેણે લઘુમતીઓ વિરુદ્ધ હિંસામાં સામેલ હોવાના આરોપોને પગલે પાર્ટીમાંથી ૪૫ લોકોને હાંકી કાઢ્યા છે. સમગ્ર બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓ અને મુસ્લિમ પડોશીઓ લઘુમતી ઘરો, પૂજા સ્થાનો અને સંસ્થાઓની રક્ષા કરતા હોવાના અહેવાલ છે. રંગપુરની બેગમ રોકેયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધતા પ્રોફેસર યુનુસે પૂછ્યું, તમે દેશને બચાવી શક્યા છો. શું તમે કેટલાક પરિવારોને બચાવી શકતા નથી? તેમણે વિદ્યાર્થીઓને તમામ હિંદુ, ખ્રિસ્તી અને બૌદ્ધ પરિવારોને નુકસાનથી બચાવવા વિનંતી કરી.

# કમલા હેરિસ ૩ સ્વિંગ સ્ટેટ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પથી ૪ પોઈન્ટથી આગળ છે : પોલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

યુએસ પ્રમુખપદની ચૂંટણીને માત્ર ત્રણ મહિના બાકી છે, ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસે ત્રણ નિર્ણાયક સ્વિંગ રાજ્યો, વિસ્કોન્સિન, પેન્સિલવેનિયા અને મિશિગનમાં તેના રિપબ્લિકન સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ પર લીડ મેળવી છે.

ન્યુયોર્ક ટાઈમ્સ અને સિએના કોલેજ દ્વારા ઓગસ્ટ ૫થી ૯ ઓગસ્ટ વચ્ચે હાથ ધરવામાં આવેલા તાજેતરના મતદાન અનુસાર, હેરિસ ત્રણ રાજ્યોમાં ૧,૯૭૩ નોંધાયેલા મતદારોમાં ૫૦%થી ૪૬% સમર્થન સાથે ટ્રમ્પથી ચાર ટકા આગળ છે.

કમલા હેરિસે મિનેસોટાના ગવર્નર ટિમ વોલ્ઝને તેના રનિંગ સાથી તરીકે નામ આપ્યું તે સપ્તાહમાં આ ચૂંટણીઓ હાથ ધરવામાં આવી હતી. સેમ્પલિંગ એરરનું માર્જિન મિશિગનમાં પ્લસ અથવા માઈનસ ૪.૮ ટકા પોઈન્ટ્સ, પેન્સિલવેનિયામાં પ્લસ અથવા માઈનસ ૪.૨ પોઈન્ટ્સ અને વિસ્કોન્સિનમાં પ્લસ અથવા માઈનસ ૪.૩ પોઈન્ટ્સ હતા.

આ અગાઉના સર્વેક્ષણોમાંથી એક પાળી દર્શાવે છે જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભૂતપૂર્વ ડેમોક્રેટિક ઉમેદવાર જો બિડેન સાથે જોડાયેલા અથવા અગ્રણી હોવાનું દર્શાવે છે.

યુ.એસ. વાઈસ પ્રેસિડેન્ટે આ નિર્ણાયક યુદ્ધભૂમિ રાજ્યોમાં આગેવાની લીધી છે કારણ કે બાઈડેને તેમની જ્ઞાનાત્મક સુખાકારી અને શાસન કરવા માટેની તંદુરસ્તી અંગેની ચિંતાઓ વચ્ચે તેમને સમર્થન આપ્યું હતું. ૫ નવેમ્બરની ચૂંટણી પહેલા ઘણું બધું બદલાઈ શકે છે, પરંતુ ડેમોક્રેટ્સ કમલા હેરિસની ઉમેદવારી અંગે ઉત્સાહિત છે, રાષ્ટ્રપતિ બાઈડેન એક બાજુએ ગયા પછી રાહત અનુભવી હતી. શ્રીમતી હેરિસે પેન્સિલવેનિયામાં ૧૦ પોઈન્ટ્સ ઉપર તરફેણમાં નોંધપાત્ર વધારો જોયો છે, સ્વતંત્ર મતદારોએ તેમને વધુ બુદ્ધિશાળી અને સ્વભાવથી શાસન કરવા માટે યોગ્ય તરીકે જોયા છે. યુએસ ઈલેક્ટોરલ કોલેજ વોટિંગ સિસ્ટમ શ્રી હેરિસ માટે વ્હાઈટ હાઉસ જાળવી રાખવા માટે વિસ્કોન્સિન, પેન્સિલવેનિયા અને મિશિગનને નિર્ણાયક માને છે. રિપબ્લિકન હુમલાઓ છતાં, ડેમોક્રેટ્સ હેરિસને મજબૂત સમર્થન આપે છે, મે મહિનાથી ત્રણ મિડવેસ્ટર્ન રાજ્યોમાં મતદારોના સંતોષમાં ૨૭ પોઈન્ટનો વધારો થયો છે.



જો કે, ડેમોક્રેટ્સે દેશ માટે હેરિસના દ્રષ્ટિકોણને વધુ સારી રીતે સંચાર કરવાની જરૂર છે. અગાઉના મતદાનમાં જાણવા મળ્યું હતું કે ૬૦% નોંધાયેલા મતદારો માને છે કે શ્રીમતી હેરિસ માટે ૫૩%ની તુલનામાં ટ્રમ્પ સ્પષ્ટ દ્રષ્ટિ ધરાવે છે.

અર્થવ્યવસ્થા અને ઈમિગ્રેશનમાં ટ્રમ્પ હજુ પણ આગળ છે. જો કે, હેરિસ ૨૪ પોઈન્ટની લીડ ધરાવે છે, જે ડેમોક્રેટ્સને આશા છે કે એરિઝોના અને વિસ્કોન્સિન જેવા મુખ્ય રાજ્યોમાં મતદારોને પ્રભાવિત કરશે. હેરિસને શ્રી ટ્રમ્પ કરતાં લોકશાહી પર વધુ અનુકૂળ રીતે જોવામાં આવે છે, જેઓ ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીઓ અને ૬ જાન્યુઆરીના કેપિટોલ રમખાણોને લગતા કાનૂની આરોપોનો સામનો કરી રહ્યા છે.

# ગ્રાઉન્ડ રિપોર્ટ : બાંગ્લાદેશીઓ કહે છે, અમારા લોકોએ હિન્દુઓ પર હુમલો કર્યો નથી

## મીડિયા સાથે વાત કરતા લોકોએ કહ્યું કે, જમાત-એ-ઈસ્લામી કે જે એક ઈસ્લામિક પક્ષ છે તે બાંગ્લાદેશમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવા માંગે છે અને જણાવ્યું હતું કે, બંગાળી ઓળખને કલંકિત થવા દેવામાં આવશે નહીં

(એજન્સી) ઢાકા, તા.૧૧

અઠવાડિયાના જીવલેણ વિરોધ પછી વડાંપ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટીના બાદ બાંગ્લાદેશ સામાન્ય સ્થિતિમાં પાછા આવવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે ઢાકાના સ્થાનિકોએ હિંદુઓ અને મંદિરોના ઘરો પર હુમલા અને લૂંટફાટને વખોડી કાઢ્યા હતા. તેઓએ કહ્યું કે, આવા હુમલામાં સામેલ લોકો તેમના સમુદાયના નથી. મીડિયા સાથે વાત કરતા લોકોએ કહ્યું કે, જમાત-એ-ઈસ્લામી કે જે એક ઈસ્લામિક પક્ષ છે તે બાંગ્લાદેશમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવા માંગે છે અને જણાવ્યું હતું કે, બંગાળી ઓળખની ઓળખને કલંકિત થવા દેવામાં આવશે નહીં.



એક સ્થાનિકે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં જે પણ થયું તે સારૂં ન હતું. હિંદુઓ અને મંદિરો પર હુમલો કરનારાઓ અમારા લોકો ન હતા. જમાત ઈસ્લામિક શાસન ઈચ્છે છે, પરંતુ બંગાળી ભાષી બાંગ્લાદેશની ઓળખ બદલાશે નહીં. સ્થાનિકે કહ્યું કે, અમે ઈસ્લામમાં માનીએ છીએ અને અમે ઈચ્છીએ છીએ કે, તેને મોખરે રાખવામાં આવે. પરંતુ અહીં હિંદુ અને મુસ્લિમો ભાઈઓ છે અને દરેક સાથે હળીમળીને રહેશે.

અન્ય એક સ્થાનિકે જણાવ્યું હતું કે, શેખ હસીનાએ વિવાદાસ્પદ જોબ ક્વોટા સિસ્ટમ પર શરૂ થયેલા વિદ્યાર્થીઓના વિરોધને જે રીતે સંભાળ્યો તેનાથી તેઓ નિરાશ થયા હતા પરંતુ પાછળથી તે વિરોધ સરકાર વિરોધી ચળવળ બની હતી. તેમણે કહ્યું કે, શેખ હસીનાએ ખોટું કર્યું. તેમણે વિદ્યાર્થીઓ સાથે વધુ સંલગ્ન થવું જોઈતું હતું. તે પણ આ દેશની જ છે. દમન નહીં, સંવાદની જરૂર હતી. વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પડોશી ભારતમાં ભાગી ગયા પછી પાંચ ઓગસ્ટે હિંસા ફાટી નીકળી, જ્યાં તે હાલમાં રહે છે. હિંસા દરમિયાન હિન્દુઓના ઘરો અને વ્યવસાયો અને મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી, લૂંટ ચલાવવામાં આવી હતી અને આગ લગાવવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ કે જેમણે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે કાર્યભાર સંભાળ્યો હતો તેમને કટોકટીગ્રસ્ત દેશમાં હિન્દુઓ અને અન્ય તમામ લઘુમતી સમુદાયોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. તેમના મંદિરો, ઘરો અને વ્યવસાયો પર શ્રેણીબદ્ધ હુમલાઓ પછી હજારો હિંદુઓએ ઢાકા અને ચટ્ટોગ્રામમાં વિરોધ પ્રદર્શન કર્યા અને રક્ષણ અને ન્યાયની માગણી કરી.

યુનુસે લઘુમતીઓ પરના હુમલાઓની નિંદા કરી, તેમને જઘન્ય ગણાવ્યા અને પુનરોચ્ચાર કર્યો કે, કાયદો અને વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવી એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# લઘુમતીઓ પર હુમલાની અફવાઓ ફેલાવવામાં આવી રહી છે : BGB



(એજન્સી) તા.૧૧

લાલમોનિરહાટ તિસ્તા બટાલિયન (બીજીબી-૬૧)ના એડિશનલ ડાયરેક્ટર મેજર એએફએમ ઝુલકાર નઈમે જણાવ્યું હતું કે દેશભરમાં લઘુમતીઓ પર હુમલાની વ્યાપક અફવાઓ ફેલાઈ રહી છે. માહિતીની પુષ્ટિ કરતા તેમણે કહ્યું, "દેશના કોઈપણ ભાગમાં લઘુમતીઓ પર કોઈ હુમલા થયા નથી. એક નિહિત જૂથ રાષ્ટ્રને અસ્થિર કરવાના પ્રયાસમાં અફવાઓ ફેલાવી રહ્યું છે, જેના કારણે સરહદી વિસ્તારોમાં લોકોનો ધસારો થયો હતો. જો કે, લોકો હવે સમજી ગયા છે કે આ માત્ર અફવાઓ હતી." તેમણે હાથીબંધ પોલીસ સ્ટેશનના કોન્ફરન્સ રૂમમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ ટિપ્પણી કરી હતી, જેમાં શનિવારે પોલીસ અને BGB કર્મચારીઓ સાથે OC મો. મહફુઝર રહેમાન હાજર હતા. લઘુમતી સમુદાયોને સંબોધતા, મેજર એએફએમ ઝુલકાર નઈમે કહ્યું, "ડરવાની કોઈ જરૂર નથી કારણ કે કોઈ હુમલા થયા નથી. અમે તમને ખાતરી આપીએ છીએ કે કોઈ હુમલા નહીં થાય અને તમે તમારા ઘરોમાં સુરક્ષિત રહી શકો છો. અમારા સંપર્કમાં રહો. અને અમે તમારી સલામતીની ખાતરી કરીશું." તેમણે તમામ નાગરિકોને તેમના ધર્મને અનુલક્ષીને સુરક્ષા પૂરી પાડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, "તમે ભલે હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, ખ્રિસ્તી અથવા અન્ય કોઈ ધર્મના હોવ પણ આપણે બધા બાંગ્લાદેશી છીએ." તેમણે પોલીસ અને અન્ય તમામ વહીવટી સંસ્થાઓને સાથે મળીને કામ કરવા વિનંતી કરી.

# ચીન સાથેની વેપાર ખાધને લઈને કોંગ્રેસે મોદી સરકારની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસે શનિવારના રોજ ચીન સાથેની વેપાર ખાધના મુદ્દે કેન્દ્ર પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, જ્યારે વિશ્વના અન્ય દેશોએ અનિયંત્રિત ચીની આયાતને પ્રતિબંધિત કરવાના પગલાં લીધા છે, ત્યારે આપણી સરકાર નિદ્રાધીન થઈ ગઈ છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, રાજ્યસભામાં સરકાર દ્વારા જાહેર કરાયેલ ડેટા દર્શાવે છે કે છેલ્લાં બે વર્ષમાં ચીન સાથે ભારતની વેપાર ખાધ FY22માં ૭૩,૩૦૬.૨ કરોડ યુએસ ડોલરથી વધીને FY24માં ૮૫,૦૭૯.૦૩ કરોડ યુએસ ડોલર થઈ છે. રમેશે ટ્વિટર પર પોસ્ટ કર્યું, દુનિયાભરની સરકારો ચીનની ઔદ્યોગિક ક્ષમતા અને તેના માલના વિદેશમાં ડમ્પિંગની નોંધ લઈ રહી છે. જો કે, મોટાભાગની સરકારો જેમણે અનિયંત્રિત



ચાઈનીઝ આયાતને પ્રતિબંધિત કરવા માટે સક્રિય પગલાં લીધાં છે તેનાથી વિપરીત, આપણી સરકાર નિદ્રાધીન થઈ ગઈ છે. કોંગ્રેસ મહાસચિવે કહ્યું, આપણા ઘરેલું ઉદ્યોગો નાશ પામી રહ્યા છે અને બંધ થઈ રહ્યા છે, સસ્તા ચાઈનીઝ માલસામાનના આક્રમણનો મુકાબલો કરવામાં અસમર્થ છે. તેમણે આરોપ લગાવ્યો, ૧૯મી જૂન ૨૦૨૦ના રોજ ચીનને બિનજૈવિક વડાપ્રધાનની જાહેર ક્લિનચીટ એક કરતા વધુ બાબતોમાં વિનાશક સાબિત થઈ છે. કોંગ્રેસ ચીન સાથેની વેપાર ખાધના મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કરી રહી છે અને તેને પહોંચી વળવા તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરી રહી છે.

# RBIએ આ સપ્તાહે જાહેર કર્યા UPI ચૂકવણી પ્રક્રિયામાં બે સૌથી મોટામાં મોટા ફેરફાર

(એજન્સી) તા.૧૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ આ અઠવાડિયે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) સિસ્ટમમાં બે મહત્ત્વના ફેરફારોની જાહેરાત કરી છે - ટેક્સ પેમેન્ટ્સ અને ડેલિગેટેડ પેમેન્ટ્સની મર્યાદામાં વધારો આ બે ફેરફારો વિશે તમારે જાણવાની જરૂર છે UPI દ્વારા ચૂકવણી કરદાતાઓને લાભ થશે તેવા પગલામાં RBIએ UPI મારફત કર ચૂકવણી માટેની ટ્રાન્ઝેક્શન મર્યાદા પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂા.૧ લાખથી વધારીને રૂા.પાંચ લાખ કરી છે. આ પાંચ ગણો વધારો ડિજિટલ રીતે મોટી કર ચૂકવણી કરવાની પ્રક્રિયાને અપેક્ષિત છે. સરળ બની જાય છે. ગુરૂવારે મોનેટરી પોલિસી કમિટીની ૫૦મી બેઠકમાં આ નિર્ણયની જાહેરાત કરતા RBI ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, આનાથી ગ્રાહકો માટે UPI દ્વારા કર ચૂકવવામાં સરળતા રહેશે. નવા ડેલિગેટેડ પેમેન્ટ્સની રજૂઆત છે. આ નવીનતા પ્રાથમિક વપરાશકર્તાને અન્ય વ્યક્તિ (ગૌણ વપરાશકર્તા)ને પ્રાથમિક વપરાશકર્તાના બેંક ખાતામાંથી ચોક્કસ મર્યાદા સુધી UPI વ્યવહારો કરવા માટે અધિકૃત કરવાની મંજૂરી આપશે. ગવર્નર દાસે જણાવ્યું કે, આનાથી એક વ્યક્તિ અન્ય વ્યક્તિને પ્રાથમિક વપરાશકર્તાના બેંક ખાતામાંથી મર્યાદા સુધી UPI ટ્રાન્ઝેક્શન કરવાની મંજૂરી આપશે, જ્યારે ગૌણ વપરાશકર્તાને UPI સાથે લિંક કરેલું અલગ બેંક ખાતું હોવું જરૂરી નથી.




આ સુવિધાથી ખાસ કરીને બાળકો અને વરિષ્ઠ નાગરિકો જેવા વસ્તી વિષયક સેગમેન્ટમાં કે જેમના બેંક ખાતા UPI સાથે જોડાયેલા નથી તેવા લોકોમાં UPI અપનાવવામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. ભારતમાં પેમેન્ટ સિસ્ટમ્સ માટે ક્યારેય નીરસ ક્ષણ નથી હોતી, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના સીઈઓ દિલીપ આસબેએ સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરી. PhonePeના સહ-સ્થાપક સમીર નિગમે ડેલિગેટેડ પેમેન્ટ્સ ફીચરની પ્રશંસા કરતા જણાવ્યું કે, તે આગામી ૩૦ કરોડ-૪૦ કરોડ ભારતીયો દ્વારા UPI અપનાવવાની પ્રક્રિયાને નોંધપાત્ર રીતે વેગ આપશે.

### મામલતદારે નર્મદા કાંઠાના ૧૪ ગામોની મુલાકાત કરી

# અંકલેશ્વરના લોકો નર્મદા ડેમમાંથી છોડવામાં આવનાર પાણીને લઈ ભયભીત ન બને માત્ર સાવચેત રહે

### નર્મદા નદી ગોલ્ડન બ્રિજે ભયજનક સપાટી વટાવવાની શકયતા નહિવત છે



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વરના નર્મદા કાંઠા વિસ્તારના લોકો સરદાર સરોવર નર્મદા ડેમમાંથી છોડવામાં આવનાર પાણીને લઈ ભયભીત ન બને માત્ર સાવચેત રહેવા સૂચન કરાયું. અંકલેશ્વરના માલમતદાર કરણસિંહ રાજપૂત સ્ટાફ સાથે નર્મદા કાંઠાના ૧૪ ગામોની મુલાકાત લઈ સાવચેત રહેવા સૂચન કર્યું હતું.

સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની વિપુલ માત્રામાં આવકના પગલે ડેમના નવ ગેટ ખોલી દોઢ લાખ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટીમાં ધરખમ વધારો થયો છે. નર્મદા ડેમે સિઝનમાં પ્રથમ વખત ૧૩૪.૭૫ મીટરની સપાટી વટાવી છે. જેના પગલે સરદાર સરોવર નર્મદા ડેમના નવ ગેટ ખોલી દેવામાં આવ્યા છે અને તેમાંથી ૧,૫૦,૦૦૦ ક્યુસેક પાણી નર્મદા નદીમાં ઠાલવવામાં આવી રહ્યું છે. નર્મદા નદીમાં પાણી છોડવામાં આવતા નદીકાંઠાના વિસ્તારમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ત્યારે ભરૂચમાં ગોલ્ડનબ્રિજે નર્મદા નદીની સપાટી છોડાનાર અઢી લાખ ક્યુસેક હાલ પ્રમાણેથી ગોલ્ડનબ્રિજે સપાટી ૧૦ ફૂટ સુધી જાય તેવી પણ શકયતા નહિવત છે.બીજી તરફ જિલ્લા કલેકટર તુષાર સુમેરાએ પણ અંકલેશ્વર ભરૂચ અને ઝઘડિયા તાલુકાના લોકોને સાવચેત રહેવા અને ભયભીત ન થવા જણાવાયું છે. ગોલ્ડનબ્રિજે નર્મદા ભયજનક સપાટીએ પહોંચે તેવી નહિવત શકયતા હોય કાંઠાના વિસ્તારોને માત્ર સાવચેત રહેવા અને બિનજરૂરી ભયભીત થવાની જરૂર નહીં હોવાનું ટવીટ કર્યું છે. ત્યારે અંકલેશ્વરનું તંત્ર એલર્ટ બન્યું છે.અને અંકલેશ્વર મામલતદાર કરણસિંહ રાજપૂતે નર્મદા કાંઠા વિસ્તારના સરફુદીન, જુના બોરભાઠા, જુના કાશીયા સહિત ૧૪ જેટલા ગામોની મુલાકાત લીધી હતી અને લોકોને ભયભીત ન બની માત્ર સાવચેત રહેવા સૂચન કર્યું હતું અને નદીમાં માછીમારી કરવા ન જવાની સૂચનાઓ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગોલ્ડનબ્રિજની ભયજનક સપાટી ૨૪ ફૂટ અને વોર્નીગ લેવલ ૨૨ ફૂટ છે. હવે ઉપરવાસમાંથી પાણીની આવક કેટલી થાય છે અને મેઘરાજા શનિવારની રાતે કેવી ભૂમિકા ભજવે છે. તેના પર નર્મદા ડેમના દરવાજા ખોલવા અને પાણી કેટલું છોડવું તે આધારિત છે.

### આઝાદી સમયે સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આશ્રમ પિયર ગણાતુ હતું

# નડિયાદ ખાતેના હિન્દુ અનાથ આશ્રમમાં મહાત્મા ગાંધી ૧૦ દિવસ સુધી રોકાયા હતા

### વર્ષ ૧૯૧૬માં ગાંધીજીએ ખેડાની ધરતી પર પગ મૂક્યો ત્યારે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, લોકો ગાંધીજીને લેવા બળદગાડામાં નડિયાદ રેલવે સ્ટેશને પહોંચ્યા હતા

નડિયાદ, તા.૧૧

નડિયાદમાં આવેલો હિન્દુ અનાથ આશ્રમ આઝાદી સમયે સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે પિયરઘર ગણાતું હતું. આ એ જ આશ્રમ છે, જ્યાં સરદાર પટેલ અને ગાંધીજી એકસાથે ખેડા સત્યાગ્રહની લડત લડ્યા હતા. વર્ષ ૧૯૧૬માં ગાંધીજીએ ખેડાની ધરતી પર પગ મૂક્યો ત્યારે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક લોકો ગાંધીજીને લેવા માટે બળદગાડામાં નડિયાદ રેલવે સ્ટેશન પહોચ્યા હતા. એ પ્રસંગની તસવીર આજે પણ આ હિન્દુ અનાથ આશ્રમની ઐતિહાસિક ફોટો ગેલેરીમાં છે.

ગાંધીજી આ આશ્રમમાં ૧૦ દિવસ રોકાયા હતા અને આશ્રમની પ્રવૃતિથી ઘણા પ્રભાવિત થયા હતા. મહાત્મા ગાંધીજીએ આ આશ્રમને દેશનો શ્રેષ્ઠ આશ્રમ છે તેવું પ્રમાણપત્ર તેમના હાથેથી લખીને આપ્યું હતું. કવિવર રવિન્દ્રનાથ ટાગોર પણ આ આશ્રમથી પ્રભાવિત થઈને તેની મુલાકાત માટે ખાસ અહીં આવ્યા હતા. આજે પણ આશ્રમમાં ગાંધી વિચાર અને આચરણની ઝલક અનુભવાય છે. અહીં ગાંધીજી અને સરદાર પટેલની યાદમાં વર્ષ ૨૦૦૮મા ગાંધી-સરદાર સ્મૃતિભવનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ સાથે જોડાયેલા આશ્રમના સંસ્મરણોને સંગ્રહવામાં આવ્યા છે. આ આશ્રમમાં રહેલી ગાંધીજી અને સરદાર પટેલની ગોષ્ઠી કરતી પ્રતિમા સૌનું ધ્યાન ખેંચે છે. ૧૧૭ વર્ષ કરતા પણ જૂના આ આશ્રમને સેવાકીય પ્રવૃત્તિ માટે અનેક રાષ્ટ્રીય પુરસ્કાર મળી ચૂકયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે હિન્દુ અનાથ આશ્રમની ખાસ મુલાકાત લીધી હતી અને તેમણે આશ્રમના સંચાલકો પાસેથી સેવાકીય પ્રવૃતિ તથા સંચાલન પદ્ધતિમાંથી ગુજરાતના વહીવટી વિભાગને શીખ લેવા કહ્યું હતું.

આ આશ્રમ અનાથ બાળકોને ઉત્તમ ઘડતર, શૈક્ષણિક સજ્જતા, આદર્શ જીવનની તકો અને પારિવારિક હુંફ પૂરી પાડે છે. આ આશ્રમનો અત્યાર સુધીમાં ૬,૦૦૦થી વધુ બાળકોને લાભ મળ્યો છે. આશ્રમની ૬૦૦ જેટલી દીકરીઓના લગ્ન કરાવવામાં આવ્યા છે. એટલું જ નહીં, લગ્ન બાદ પણ દીકરીઓની સંભાળ રાખવામાં આવે છે. આ આશ્રમ દીકરીઓને પિયરની ગરજ સારે છે. દર અખાત્રીજના દિવસે તમામ દીકરીઓને બોલાવીને ભોજન સમારોહ યોજવામાં આવે છે અને દીકરીઓને તેમની જરૂરિયાત પૂછીને મદદ કરવામાં આવે છે. અહીંના બાળકોને વિવિધ વ્યવસાયોમાં કેવી રીતે કામ મળી શકે તે માટે પણ પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. દીકરીઓને બ્યુટી પાર્લર અને રસોઈ માટેની તાલીમ આપવામાં આવે છે, જેનાથી દીકરીઓ આત્મનિર્ભર બની શકે. આશ્રમમાં નબળી પરિસ્થિતિ ધરાવતા લોકોને ફક્ત પાંચ રૂપિયામાં આરોગ્ય સેવા આપવામાં આવે છે.

આમ, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા આ વિશિષ્ટ આશ્રમ દ્વારા સમાજસેવાનું પણ ઉત્તમ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

### ધોરાજીના નાની પરબડી ગામે મળેલ માનવ ખોપડીનું રહસ્ય ખૂલ્યું

# ઘરકંકાસથી કંટાળી પતિ સહિત બે શખ્સોએ પત્નીની હત્યા કરી લાશને દાટી દીધી હતી

### સઘન તપાસ બાદ બંને આરોપીઓ ઝબ્બે

રાજકોટ, તા.૧૧

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના નાની પરબડી ગામ નજીક પાંચ દિવસ પહેલાં પ્લાસ્ટિકના બંધ કારખાનામાંથી માનવ કંકાલની ખોપડી મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. ત્યાર બાદ આ માનવ કંકાલની તપાસ હાથ ધરી હતી. આ માનવ કંકાલ અંગે તપાસ હાથ ધરતા પ્રાથમિક દૃષ્ટિએ હત્યાની શંકા મુજબ તપાસ કરી હતી અને અંતે આજે પોલીસને ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ આ કંકાલ મહિલાનું હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ રાજકોટ ગ્રામ્ય LCBએ શકમંદને ઉઠાવી પૂછપરછ કરતા મહિલાની હત્યા થઈ હોવાનો ખુલાસો થયો હતો અને આ હત્યા બીજા કોઈએ નહીં પણ તેના જ પતિ દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જ્યાંથી માનવ કંકાલ મળ્યું એ કારખાનામાં જ અગાઉ કામ કરતા વિપિન યાદવે ઘરકંકાસથી કંટાળી તેના ભાઈ સૌરભસિંઘ સાથે મળી હત્યા નિપજાવી લાશ દાટી દીધી હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસે હાલ બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા જ્યાંથી માનવ કંકાલ મળી આવ્યું તે જગ્યાનું પંચનામું કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસમાં રાજકોટ ગ્રામ્ય LCB અને જીંય તથા ધોરાજી સિટી તેમજ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારી કર્મચારીઓ જોડાયા હતા. પોલીસ તપાસમાં માનવ કંકાલ તથા ખોપરી નાની પરબડી ગામે સાંકળી રોડ પર આવેલા કારખાનામાં અગાઉ નોકરી કરતા વિપિન યાદવની પત્ની રેશ્માદેવી ઉર્ફે સાયરા ઉર્ફે શાંતિ યાદવની હોવાનું અને તેની હત્યા થઈ હોવા અંગેના સાંયોગિક પુરાવાઓ મળી આવ્યા હતા. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ સૌ પ્રથમ શકમંદ મૃતકના પતિ વિપિન યાદવ તથા તેના ભાઈ સૌરભસિંઘને ટેક્નિકલ સર્વેલન્સ તથા બાતમીદારોના આધારે ઉત્તર પ્રદેશના ઈટાવા જિલ્લાના ભરથાના તાલુકાના નગલાદયા ગામેથી પકડી પાડી પૂછપરછ કરી હતી. જેમાં મૃતકના પતિએ ગલ્લાંતલ્લાં કરતા આ બન્નેની આકરી પૂછપરછ કરી હતી. જેથી બન્ને ભાઈ ભાંગી પડ્યા હતા અને તેમણે સ્વીકાર્યું કે, આજથી ૯ મહિના પહેલાં ધોરાજી તાલુકાના નાની પરબડી ગામે આરોપી વિપિન યાદવને પોતાની પત્ની રેશ્માદેવી ઉર્ફે સાયરા ઉર્ફે શાંતિ સાથે ઘરકંકાસ થતો હતો. વિપિન દરરોજ પોતાને તથા પોતાના ભાઈ સૌરભસિંઘ યાદવને થતી પજવણીથી કાયમી છુટકારો મેળવવા માગતો હતો. જેથી બન્નેએ રેશ્માદેવીનું ઢીમ ઢાળી દેવા પૂર્વઆયોજિત કાવતરૂં ઘડ્યું હતું. વિપિને તેના બાળક આરૂષને શાળાએ મોકલી તથા આ કારખાના કમ્પાઉન્ડ આસપાસ કોઇ વ્યક્તિ હાજર નથી તેની સૌરભસિંઘ યાદવ પાસે ખાતરી કરાવી લીધી. ત્યાર બાદ વિપિન તેમજ સૌરભસિંઘ યાદવે સંચા પર બેસી કામ કરતી રેશ્માદેવી ઉર્ફ સાયરા ઉર્ફ શાંતિને વિપિને દુપટ્ટાથી ગળેટૂંપો આપ્યો અને મૃત્યુ ન પામે ત્યાં સુધી સૌરભસિંઘે મોઢું દબાવી રાખ્યું. તેમજ આરોપીઓએ પોતાના દ્વારા કરવામાં આવેલી હત્યાના ગુનાને છુપાવવા માટે કારખાના શેડ પાસે આવેલી કુંડીમાં લાશને ફેંકી તે કુંડી ઉપર માટીનું પુરાણ કરી પુરાવાનો નાશ કરી દીધો. આ હત્યાને અંજામ આપ્યા બાદ વિપિન અને સૌરભસિંઘ એકબીજાની મદદગારી કરી પોલીસ પકડમાંથી નાસતા ફરતા રહેતા હતા.

આ બનાવ અંગે કબૂલાત આપતા રાજકોટ ગ્રામ્ય LCB પોલીસે આરોપી વિપિન દીવાનસિંઘ યાદવ અને તેના ભાઈ સૌરભસિંઘ દીવાનસિંઘ યાદવને ઝડપી પાડી.

### સુરેન્દ્રનગર : ST બસે બાઈકને અડફેટે લેતા ચાલકનું મોત

સુરેન્દ્રનગર, તા.૧૧

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-હડાળા રોડ ઉપર એસટી બસે બાઈકચાલકને અડફેટે લેતા અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા. સુરેન્દ્રનગર હડાળા જતી એસટી બસનો બાઈક સાથે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં લીંબડી પાસે ખભલાવ નજીક પૂરપાટ ઝડપે જઈ રહેલી એસટી બસે બાઈકને અડફેટે લીધો હતો. જેમાં બાઈક આખુ બસ નીચે આવી જતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

# હિંમતનગરમાં કેન્સર પીડિત મહિલાઓ માટે હેર ડોનેશન કેમ્પ યોજાયો

### ૬૫થી વધુ મહિલાઓએ વાળનું દાન કર્યું



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં રોટરી ક્લબ અને ત્રિવેદી મેવાડા બાવન વિભાગ મહિલા સંગઠન દ્વારા આજે કેન્સર પીડિત મહિલાઓ માટે રોટરી ક્લબ ભવન ખાતે હેર ડોનેશન કેમ્પ યોજાયો હતો . જેમાં ૬૫ થી વધુ મહિલાઓએ વાળનું દાન કર્યું હતું.

હિંમતનગરમાં રોટરી ક્લબ ભવન ખાતે રવિવારે હેર ડોનેશન કેમ્પમાં હિંમતનગર અને આસપાસની ૬૫થી વધુ મહિલાઓએ પોતાના ૧૨ ઈંચ વાળનું દાન કર્યું હતું. જેમાં કિશોરીઓએ પણ વાળનું દાન કર્યું હતું. આ કેમ્પમાં વાળનું દાન આપનાર મહિલાઓને પલ બ્યુટી પાર્લરના અમીતાબેન ઉપાધ્યાય અને મોનાલીસા બ્યુટી પાર્લરના મિતાબેન કિરી દ્વારા ફ્રીમાં હેર કટ અને હેર સેટિંગ કરી આપવામાં આવ્યું હતું. વાળનું દાન કરનાર મહિલોઓને એપ્રિસિએસન્સ સર્ટી આપવામાં આવ્યું હતું. સોહમ અને છોટીસી શરૂઆત ગ્રુપના સૌજન્યથી કેમ્પ યોજાયો હતો.

આ અંગે હિંમતનગર રોટરી ક્લબના પ્રમુખ પ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, કેન્સર પીડિત મહિલાઓ માટે વિગ બનાવવા માટે હેર ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો છે. જેમાં ૬૫થી વધુ મહિલાઓએ ૧૨ ઈંચ વાળનું દાન આપ્યું હતું. જેમાં કિશોરીઓ પણ જોડાઈ હતી. આ તમામ વાળ એકઠા કરીને મુંબઈના મદદ ચેરીટેબલ ટ્રસ્ટના કોપવિક કેન્સરને આપવામાં આવશે. આ વાળમાંથી વિગ બનાવી મુંબઈની ટાટા કેન્સર હોસ્પિટલમાં જરૂરિયાતમંદ મહિલાઓને આપવામાં આવશે.

### હેરિટેજ ઈમારતોની જાળવણી કરતી સંસ્થાની બેઠક યોજાઈ

# રાજપીપળામાં ઈન્ટેકના કન્વીનર તરીકે રાજવી માનવેન્દ્ર સિંહ ગોહિલની નિમણૂક



(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

રાજપીપળા, તા.૧૧

નર્મદામાં ઈન્ટેક (ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ)ની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં સામાજિક ક્ષેત્રે કાર્યકર્તા જુદા-જુદા સભ્યોનો સમાવેશ કરાયો છે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્ય કરતી અને હેરિટેજ આર્ટ કલ્ચર માટે કામગીરી કરનાર સંસ્થાએ ગુજરાતમાં ૧૧મી શાખા નર્મદાના રાજપીપળા ખાતે સ્થાપના કરી છે તેના ઈન્ટેકના કન્વીનર રાજપીપળા સ્ટેટના યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલે આ અંગે વિગતો આપી હતી. ઈનટેક (ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ)ની પ્રથમ મીટીંગ રાજપીપળાના રાજવી પેલેસ વિજય પેલેસ (રાજવંત પેલેસ) ખાતે મળી હતી, આ મિટિંગમાં રાજપીપળા શહેરના લોકો સહભાગી થયા હતા. તેમજ જૂની ઈમારતના કેટલાક માલિકો પણ સદસ્ય તરીકે જોડાયા હતા. જેમાં રાજવીર સિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલ, હરેન્દ્રપાલસિંહ, જયપાલ માંગરોળા, જેમાં કો-કન્વીનર તરીકે રતનસિંહ મહીડાની પૌત્રી વિરાજબા મહીડા નિમણૂક કરાયા છે, તથા કેટલાક એન્જિનિયર, ડોક્ટર વગેરે પણ આ સંસ્થા સાથે જોડાયા હતા તેમજ આ સંસ્થામાં પ્રથમ વખત સામાજિક દાખલો બેસાડવા માટે એક ટ્રાન્સજેન્ડર રિયા પટેલ અને જય પટેલ નામના દિવ્યાંગને પણ સભ્ય બનાવવામાં આવ્યા છે. ઈન્ટેક સમગ્ર વિશ્વ કક્ષાએ હેરિટેજ અને પર્યાવરણ બચાવવા કાર્ય કરે છે, જેની સમગ્ર વિશ્વમાં ૨૩૦થી વધુ શાખાઓ ફેલાયેલી છે, વૈશ્વિક ફલક પર કાર્ય કરતી આ સંસ્થાની ગુજરાત રાજ્યમાં ૧૦ શાખાઓ હાલ કાર્યરત છે અને ૧૧મી શાખા તરીકે નર્મદાના રાજપીપળા ખાતેની પ્રથમ મીટિંગ મળી હતી. માનવેન્દ્રસિંહ ગોહિલે નર્મદા જિલ્લામાં આવેલી તમામ હેરિટેજ જગ્યાઓને તથા ઐતિહાસિક વારસો જાળવવા અને પર્યાવરણને બચાવવા માટેની કામગીરી વિશે જણાવ્યું હતું, આગામી સમયમાં ઈન્ટેક નર્મદા ચેપ્ટર અને રાજપીપળા ખાતે કાર્યરત રહેશે જેમાં જૂની ઈમારતોની જાળવણી અને પર્યાવરણ બચાવવાની કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવશે.

# વેરાવળમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સાર્વજનિક દવાખાનું ખુલ્લું મૂકાયું



વેરાવળ, તા.૧૧

વેરાવળ એફ. એમ. ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુસ્લીમ કોલોની વિસ્તાર મુસ્તુફા મસ્જિદ પાસે સાર્વજનિક દવાખાનાની બીજી બ્રાન્ચ ખુલ્લી મુકાઈ છે.

તમારી સાચી મુડીએ તમારૂં સ્વાસ્થ્ય છે, વેરાવળ મુસ્લિમ સમાજના લોકો માટે આજનાં યુગમાં દવાખાનાના ખર્ચ મધ્યમવર્ગીયને ખુબજ તકલીફ આપે છે સાથોસાથ બહારના એરિયામાં હાલાકી ના થાય તેમજ રિક્ષા ભાડાથી બચે લોકોએ પોતાના સ્વાસ્થ્ય સંબંધિત નિદાન માટે દૂર ના જવું પડે એ હેતુથી એફ.એમ. ચેરિટેબલ ટ્રસ્ટના હાજી ફારૂકભાઈ મૌલાનાએ ફક્તને ફક્ત ખિદમતે ખલ્કની નિયત અને નિયમો સાથે અને ગરીબ અને મધ્યમવર્ગના લોકોની મદદના ભાગરૂપે એફ.એમ.સાર્વજનિક દવાખાનાની બીજી બ્રાન્ચ મુસ્તુફા મસ્જિદની સામે શરૂ કરવામાં આવેલ છે. આ દવાખાનામાં અનુભવી નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે ત્યારે લોકો વધુમાં વધુ રાહતદરે સ્વાસ્થ સંબંધિત નિદાનનો લાભ લેવા હાજી ફારૂકભાઈ મૌલાનાએ જણાવેલ છે.

આ સાર્વજનિક દવાખાનાની શુભ શરૂઆત હાજી શફીભાઈ મૌલાના, મુસ્તુફા મસ્જિદના ઈમામ હાજી સરફરાઝ નુરી, વેરાવળ મુસ્લિમ સમાજના પ્રમુખ અફઝલભાઈ પંજા દ્વારા રિબીન કાપી શરૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહંમદભાઈ તવાણી, હાજીભાઈ એલ. કે. એલ., ઈકબાલભાઈ બાનવા, શફીભાઈ દલાલ, હારૂનભાઈ ડાબલા, અલ્તાફભાઈ ચૌહાણ, હસનભાઈ કુરેશી, હબીબભાઈ હાલેપુત્રા, ગુલામભાઈ બાલીયા, અબ્બાસભાઈ કબાવલિયા તથા પટની સમાજના કારોબારી સભ્યો સહિતના ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા રફીકભાઈ મૌલાના, શાહિદ મૌલાના, જાવીદ મૌલાના, રિયાજભાઈ મૌલાના, સજ્જુભાઈ મૌલાના તથા એફ. એમ. ગ્રુપના યુવાનોએ જહેમત લઈ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

# દિલ્હી-મુંબઈ રૂટ પર ૧૬૦ કિ.મી.ની સ્પીડથી ટ્રેનો ચલાવવાની રેલવેની તૈયારી

### દિલ્હી-મુંબઈ વચ્ચે ૫ સેક્શનમાં ચાલવાનું કામ ટ્રાયલ શરૂ



દાહોદ, તા.૧૧

ભારતીય રેલવેએ દેશના મુખ્ય દિલ્હી-મુંબઈ રૂટ પર ૧૬૦ કિમી/કલાકની ઝડપે ટ્રેન દોડાવવાના મિશનની ઝડપને હવે વેગ આપ્યો છે. જેમાં ખાસ કરીને રતલામ-નાગદા સેક્શનનું કામ પૂર્ણ થવા આવ્યું છે. આવી સ્થિતિમાં હવે રેલવેએ રતલામ-ગોધરા સેક્શન પર ટ્રેનોની ઝડપ વધારવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેમાં સૌથી મોટું કામ કેબલ એટલે કે OHE (ઓવર હેડ ઈક્વિપમેન્ટ)નું મોડિફિકેશન છે. જે ટ્રેનોને વીજળી પહોંચાડવા માટે પાટા પર નાખવામાં આવે છે. આમાં ૧x૨૫ KV ટ્રેક્શન સિસ્ટમને ૨x૨૫ KV ટ્રેક્શન સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેથી એક વિભાગમાં ચાલતી વિવિધ ટ્રેનોને સમાન પાવર સપ્લાય મળી શકશે.આ કામ માટે ટ્રેકની બંને બાજુએ લગાવવામાં આવેલા ઈલેક્ટ્રીક પોલની સાથે અન્ય સાધનો પણ બદલવામાં આવશે. એકસમાન વીજ પુરવઠા માટે સબ સ્ટેશન પણ બનાવવામાં આવશે. સાથે સાથે રતલામ ડિવિઝનના ટ્રેક્શન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન ડિપાર્ટમેન્ટ (TRD) એ ટેન્ડર બહાર પાડ્યું છે.જે મુજબ રતલામથી ગોધરા સુધીની લગભગ ૧૮૦ કિલોમીટરની OHE સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવશે.દિલ્હીથી મુંબઈની મુસાફરીમાં ૧૩થી ૧૩.૩૦ કલાકનો સમય લાગશે,જે હાલમાં તે ૧૫થી ૧૫.૩૦ કલાકનો સમય લઈ રહ્યો છે. એટલું જ નહીં મુસાફરીના સમયમાં ઘટાડાને કારણે નવા વાહનો ચલાવવામાં સરળતા રહેશે. તેમજ મુસાફરોની સંખ્યામાં વધારો થવાથી મુસાફરો અને અન્ય આવકમાં વધારો થશે.તો બીજી તરફ ગુડ્સ ટ્રેનો પણ વધુ દોડશે, જેનાથી રેલવેની આવકમાં વધારો થશે.

**દિલ્હી-મુંબઈ વચ્ચે ૫ સેક્શનમાં ચાલવાનું કામ, ટ્રાયલ શરૂ**

હાલમાં રેલવે દિલ્હી અને મુંબઈ વચ્ચે ૫ સેક્શનમાં મિશન રફતાર પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. જેમાં દિલ્હીથી મથુરા, મથુરાથી કોટા, કોટાથી નાગદા, નાગદાથી ગોધરા અને ગોધરાથી મુંબઈ સુધીના રેલવે ટ્રેકનો સમાવેશ થાય છે. તેમાંથી મુંબઈ ડિવિઝનના કેટલાક ભાગોમાં ટ્રાયલ રન પણ કરવામાં આવ્યા છે. જો આ રીતે કામ ચાલુ રહેશે તો પણ ૨૦૨૬ સુધી ટ્રેન ૧૬૦ કિમીની ઝડપે દોડી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ વર્ષ પહેલા રેલવેએ રાજધાની રૂટ પર સેમી હાઈ સ્પીડ ટ્રેન ચલાવવા માટે મિશન રફતાર પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. હાલમાં ૧૪૭૮ કિલોમીટર લાંબા રૂટ પર લગભગ ૮ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ સાથે સંબંધિત કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આમાં રતલામ ડિવિઝન સહિત પશ્ચિમ રેલવેના અંદાજે ૭૯૨ કિ.મી.ના રેલવે રૂટનો સમાવેશ થાય છે. મિશન સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર, પહેલા ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ કરવામાં આવશે, ત્યારબાદ તબક્કાવાર રીતે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ કરવામાં આવશે.

### પોતાની પુત્રીઓને શાળાએ ખાનગી વાહનમાં મોકલતા વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો

# પાટણમાં સ્કૂલવાનના ચાલકે શાળાએ જતી વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી અવારનવાર દુષ્કર્મ આચરતા ખળભળાટ

### શાળાએ મૂકવા અને લેવા જવા દરમ્યાન મિત્રતા કેળવી અલગ અલગ હોટલ-ગેસ્ટ હાઉસોમાં લઈ જઈ શારીરિક અડપલાં , દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂદ્ધનુ કૃત્ય આચરી ૩૦હજારની રોકડ રકમ, ચાંદીની વીટી પડાવી, અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતા કિશોરીએ ફરિયાદ નોંધાવતા નરાધમની ધરપકડ : આરોપી ૪ દિવસના રિમાન્ડ પર

પાટણ, તા.૧૧

પાટણના સ્કૂલવાનના ચાલકે વિદ્યાર્થિની સાથે શાળાએ મૂકવા અને લેવા જવા દરમ્યાન મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી શહેરની અલગ અલગ હોટલ-ગેસ્ટહાઉસમાં લઈ જઈ તેની સાથે શારીરિક અડપલાં, દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂદ્ધનું અધમ કૃત્ય આચારી રૂા.૩૦ હજારની રોકડ રકમ ચાંદીની વીટી પડાવી વેચી મારી કિશોરીના શ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતા હતપ્રત બનેલી કિશોરીએ પાટણ બી ડિવિઝન પોલીસ મથકે શારીરિક શોષણ કરનાર નરાધમ એવા નરેશ વિઠ્ઠલભાઈ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. સમાજ માટે લાલબત્તી સમાન આ બનાવમાં પોલીસે આઈપીસી કલમ ૩૭૬ (૨), ૩૭૭, ૩૬૩, ૩૬૬, ૩૮૪, ૩૫૪-એ (૧),૫૦૭ તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફોમ સેક્યુઅલ ઓફેન્સ એક્ટ-૨૦૧૨ તથા પોકસોની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી પોકસો કોર્ટમાં રજૂ કરતા ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ભોગ બનનાર કિશોરીએ પોલીસમાં નોંધવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨માં તે ધો. ૧૧માં અભ્યાસ કરતી હતી તે સમયે પારેવા સર્કલ વિસ્તારમાંથી નરેશ પટેલની સ્કૂલવાનામાં શાળાએ જતી હતી. તા.૨૧/૮/૨૨ના રોજ નરેશે સ્નેપચેટમાં મેસેજ કરી પ્રેમ સંબંધ બાંધવા પ્રપોઝ કરતા ના પાડી હતી પરંતુ દબાણ કરતા હા પાડતા પ્રેમજાળમાં ફસાવી હતી. તે પરિણીત તથા બે બાળકો હોવાની જાણ થતા કિશોરીએ સંબંધ રાખવાની ના પાડી હતી આથી તેણે પત્નીને ડિવોર્સ આપવાનું કહી નહી બોલાવે તો મરી જવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી બોલાવતો હતો.

દરમ્યાન આ નરાધમે શહેરની સુદામા ચોકડી પાસેના એક ગેસ્ટહાઉસમાં તેમજ જુદી જુદી જગ્યાએ લઈ જઈ હોટલોમાં દુષ્કર્મ આચારી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કર્યું હતું અને ગર્ભ ન રહે તે માટે કિશોરીને ગર્ભનિરોધક બ્લેટ આપતો હતો. નરેશે તેણી પાસેથી ટુકડે ટુકડે રૂ.૩૦ હજારની રકમ પણ મેળવી હતી. અભ્યાસ પૂર્ણ થઈ ગયા બાદ પણ સંબંધ રાખવા દબાણ કરતા હતપ્રભ બનેલી કિશોરીએ પરિવારજનોને હકીકત જણાવતા તેણીને હિંમત આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ નરેશ પટેલની ધરપકડ કરી પોકસો કોર્ટમાં રજૂ કરતા ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ ચોંકાનારા બનાવને પગલે પાટણના ભદ્ર સામાજમાં ભારે ચકચાર મચી છે.

### સિદ્ધપુરના કાકોશી ગામે યુવકનો ચમત્કારિક બચાવ

# વીજ કર્મીને કરંટ લાગતા બેભાન થયો, પોલ પરથી નીચે ઉતારતા ભાનમાં આવતા હાશકારો

### યુવક જાતે જ એમ્બયુલન્સમાં બેસતા ગ્રામજનો આશ્ચર્યચકિત થયા



પાટણ, તા.૧૧

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામે વીજપોલ પર કામ કરી રહેલ UGVCLનાં કર્મચારીને કરંટ લાગતા ગ્રામજનોએ કર્મચારીને નીચે ઉતારવા જેસીબી મશીન બોલાવ્યું હતું. જે બાદ યુવકને નીચે ઉતારતા યુવક એમ્બ્યુલન્સમાં બેસી હોસ્પિટલ પહોંચ્યો હતો. કાકોશી ગામે એક ચમત્કારિક ઘટના જોવા મળી હતી. જેમાં સિદ્ધપુરના કાકોશી ગામે વીજપોલ પર કામ કરી કર્મચારીને કરંટ લાગ્યો હતો. જોકે ગ્રામજનોએ કર્મચારીને મૃત સમજી વીજ થાંભલા પરથી યુવકને મહામહેનતે નીચે ઉતાર્યો હતો. પરંતું ત્યાર બાદ કરંટ લાગતાં બેહોશ થયેલો વીજકર્મી ઊભો થઈ પોતાની જાતે જ એમ્બ્યુલેન્સમાં બેસતાં ઘટનાસ્થળે ઉપસ્થિત સૌ ગ્રામજનો ચોંકી ઉઠ્યા હતા. વીજપોલ પર કામ કરી રહેલા વિવેકજી અનારજી ઠાકોરને કરંટ લાગતાં તે વીજપોલ પર જ બેહોશ થઈ લટકી રહ્યો હતો. જેને પગલે ગ્રામજનોએ વીજકર્મીને મૃત માની બૂમાબૂમ કરી જેસીબી મશીનથી નીચે ઉતાર્યો હતો. જો કે નીચે ઉતારાયા બાદ બેહોશ થયેલા વીજકર્મીને હોશ આવતાં તેને હોસ્પિટલ ખસેડાયો હતો. એટલું જ નહીં, વીજકર્મી જાતે જ એમ્બ્યુલન્સમાં બેસી હોસ્પિટલ માટે નીકળ્યો હતો. ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલા વિવેકજી અનારજી ઠાકોર એકદમ સ્વસ્થ હોવાનું તબીબોએ જણાવ્યું હતું. આમ વીજપોલ પર કરંટ લાગ્યા બાદ મૃત માની લેવાયેલો વ્યક્તિને હોશ આવી જતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### અવસાન નોંધ

**ભાવનગર**

મર્હૂમ અ.રજાકભાઈ ઈબ્રાહીમભાઈ ખોખર (સુપ્રીમ ગેરેજ-નવાપરા) વાળાના પુત્ર આસીફભાઈ અ.રજાકભાઈ ખોખર (આસીફમામુ) (ઉં.વ.૪૮)નું તા.૧૦-૮-૨૦૨૪ને શનિવારના રોજ ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમની ઝિયારત મર્દો માટે તા.૧૨-૮-૨૦૨૪ને સોમવારે સવારે ૮-૩૦ કલાકે, મોમીનવાડ મસ્જિદમાં તથા ઔરતો માટે બેઠી ઝિયારત સવારે ૧૦-૩૦ કલાકે મહેફીલે મહોબ્બત સીપાઈ જમાતખાના હોલ, ભાવનગર મુકામે રાખેલ છે.

# આઝાદીના પર્વ પૂર્વે અમદાવાદની ઓળખ અને શાન સમા ત્રણ દરવાજા ત્રિરંગી રોશનીથી ઝળહળ્યાં



દેશભરમાં આઝાદીના પર્વની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આઝાદીના પર્વની ઉજવણીમાં દેશની શાન સમા છે તિરંગો. તિરંગાના ત્રણ રંગો ભારતની ભવ્યતાની ઝાંખી કરાવે છે. અમદાવાદ શહેરને હેરિટેજ સિટીનો દરજજો મળ્યો છે. અહીં અનેક સ્થાપત્યો પૈકી પ્રસિદ્ધ ત્રણ દરવાજા અમદાવાદની શાન પૈકી એક છે. ૧૫મી ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિવસ પૂર્વે ત્રણ દરવાજા પર તિરંગાના રંગો લઈ રોશનીનો જગમગાટ કરવામાં આવ્યો છે. જે રોશનીથી ઝળહળી ઉઠતાં નયનરમ્ય નઝારો જોવા મળે છે. પ્રસ્તુત તસવીરમાં આ દશ્ય દશ્યમાન થાય છે જે ભારતની અને અમદાવાદની ભવ્યતાના દર્શન કરાવે છે.

### કોંગ્રેસની ન્યાયયાત્રામાં મેવાણીના ભાજપ પર આકરા પ્રહાર

# જે.પી.નડ્ડા અને મુખ્યમંત્રીને તિરંગા માટે સન્માન હતું તો જસદણમાં દુષ્કર્મ પીડિત દીકરીને કેમ મળવા ન ગયા ??

## ભાજપના જે નેતાઓ આમાં સામેલ છે તે જેલના સળિયા પાછળ હોવા જોઈએ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

મોરબીથી શરૂ કરવામાં આવેલી કોંગ્રેસની ન્યાયયાત્રાનો આજે ત્રીજો દિવસ છે. આ યાત્રા રાજકોટ પહોંચી છે. ત્યારે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જે.પી. નડ્ડા અને મુખ્યમંત્રી પર આકરા પ્રહરો કર્યા હતા. સવારે ૯ વાગ્યે આ યાત્રા રાજકોટના રતનપરથી શરૂ થઈ હતી અને રાજકોટ શહેર તરફ આગળ વધી રહી છે. આજે સાંજે આ યાત્રા રાજકોટ શહેર ખાતે પહોંચી હતી, જ્યાં ઢેબરચોકમાં એક સંવેદના સભાનું આયોજન કરવામાં આવ્યું. ન્યાયયાત્રા રતનપરથી રવાના થઈ તે પહેલા કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ભાજપને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, જે. પી. નડ્ડા, ગુજરાતના મુખ્યમંત્રીને અને ભાજપના પ્રવક્તાને કહેવા માંગુ છું કે, તમારા મનમાં જો ખરેખર તિરંગા માટે સન્માન હતું તો જસદણમાં દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીને મળવા કેમ ન ગયા ? કેમ માતાના આંસુ ન લૂછ્યાં ? માધ્યમો સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કેરાજકોટ અગ્નિકાંડની ઘટનામાં રાજકારણીનું કર્તવ્ય છે, રાજનૈતિક રીતે રાજકારણ કરવું. તેમને વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં બનેલી ઈ ગેમ ઝોન અગ્નિકાંડની દુર્ઘટના બાદ સમગ્ર ગુજરાતની જનતા એવું ઈચ્છે છે કે આમાં પીડિતોને ન્યાય જરૂર મળવો જ જોઈએ. ફક્ત નાની માછલીઓ નહિ, ભાજપના જે નેતાઓ આમાં ઈન્વોલ છે તે જેલના સળિયા પાછળ હોવા જોઈએ. યાત્રાને પોઝિટિવ રિસ્પોન્સ મળી રહ્યો છે અને આ યાત્રા જરૂર સફળ થવાની છે. સરકારનું વલણ તેમજ ખરા અર્થમાં સંવેદનશીલ છે કે કેમ તે હવે ખબર પડી જશે. યાત્રામાં ભાજપના ભ્રષ્ટાચારના પાપનો ઘડો સાથે રાખવામાં આવ્યો છે, એ બે દિવસમાં ઘડો ભરાઈ ગયો છે, એટલી બધી ચિઠ્ઠીઓ મળવા પામી છે. પીડિત પરિવારો ઉપર સરકારનું ઘણું દબાણ છે. પીડિત પરિવારોમાં ભાગલા પડાવવાની પણ કોશિશ થઈ રહી છે. પીડિતોને કેટલાક માણસો બ્રીફ કરી રહ્યા છે. બધા પીડિતો માટે અમારી સંવેદના છે. સરકાર જો સાચી હોય તો સરકારને પીડિતો માટે જો લાગણી હોય તો પીડિતોની માંગણી પ્રમાણે નોન ભ્રષ્ટ્ર અધિકારીઓને તપાસ સોંપો, ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવો અને દોઢ બે કરોડનું વળતર આપો એટલે અમારી આ યાત્રા પુરી થઈ જશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મુખ્યમંત્રીએ શરૂ કરાવેલી તિરંગા યાત્રા અંગે નિવેદન આપતા મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકારણીનું કર્તવ્ય છે રાજનૈતિક રીતે રાજકારણ કરવુ. હું જે. પી. નડ્ડા, ગુજરાતના મુખ્યમંત્રીને અને ભાજપના પ્રવક્તાને કહેવા માંગુ છું કે, તમારા મનમાં જો ખરેખર તિરંગા માટે સન્માન હતું તો જસદણમાં દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીને કેમ મળવા ન ગયા? કેમ એની માતાના આંસુ ન લૂછ્યાં ?

# સુરતમાં ધો.૧૦ પાસ ડોક્ટરે ત્રણ ઈન્જેક્શન આપતા બાળકી મોતને ભેટી : આરોપીની ધરપકડ

સુરત, તા.૧૧

થોડા દિવસ પહેલાં સુરતમાંથી ૧૬ બોગસ ડોક્ટરો પકડાયા હતા, ત્યારે ફરી એકવાર ૧૦ પાસ ડોક્ટર પકડાયો છે. આ ડોક્ટરે ૩ વર્ષની બાળકીનો જીવ લીધો છે. બાળકીને ડાબા પગના થાપાના ભાગે ઈજા થતાં બોગસ ડોક્ટરે ૩થી વધુ ઈન્જેક્શન આપી એક ટાંકો લીધો હતો. તે સમયે બાળકીના મોઢામાંથી ચીસ ફાટી નીકળી હતી. બાદમાં બોગસ ડોક્ટરે અન્ય હોસ્પિટલમાં બાળકીને લઈ જવાનું કહ્યું હતું. પરંતુ બાળકીને અન્ય હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં મૃત્યુ પામી હતી. જોકે, બાળકીનું મૃત્યુ ઈન્જેક્શનથી થયું હોવાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા બોગસ ડોક્ટરનો ભાંડો ફૂટી ગયો હતો.

ભેસ્તાન પોલીસના જણાવ્યા અનુસાર નરગીસનગરમાં રહેતા રબીઉલ રૂસ્તમ શેખની સવા ૩ વર્ષની બાળકી ફાતેમા ગત તા.૧૫ ફેબ્રુઆરીના રોજ રમતી વેળા પડી જતાં ડાબા પગના થાપાના ભાગે ઈજા થઈ હતી. બાળકીને ઈજા થતાં વાલી નજીકની ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકમાં ડો. શમીમ સીરાજુદીન અંસારી (મૂળ રહે. ફલવટિયા, જિ. મુઝફ્ફરપુર, બિહાર) પાસે લઈ ગયા હતા. જયાં ડોક્ટરે બાળકીને ૩ ઈન્જેક્શન આપ્યાં હતાં અને થાપાના ભાગે એક ટાંકો લીધો હતો. એ સમયે બાળકીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ હતી. આ દરમિયાન ડો. શમીમે સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ વધુ સારવાર મેળવે એ પહેલાં જ બાળકી ફાતેમાને મૃત જાહેર કરી હતી. ફાતેમાનું મોત નીપજતાં તેણીનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતાં તેનું મોત ઈન્જેક્શન આપવાના કારણે થયું હોવાનો રિપોર્ટમાં સામે આવ્યું હતું.

બાળકીની સારવાર કરવામાં બોગસ ડિગ્રીધારક ડોક્ટર શમીમ અંસારી જવાબદાર ઠર્યો હતો. જેના પગલે ભેસ્તાન પોલીસે બોગસ ડિગ્રીધારક રેહાના ક્લિનિકના શમીમ અંસારી વિરૂદ્ધ ગુનો નોંધીને ધરપકડ કરી હતી.

ભેસ્તાનમાં ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકના નામે ધો.૧૦ પાસ શમીમ અંસારીએ NEHM (નેચરો ઈલેક્ટ્રો-હોમિયોપેથી મેડિકોઝ ઓફ ઈન્ડિયા) દિલ્હીથી સર્ટિફિકેટ મેળવ્યું હતું. સર્ટિફિકેટ મેળવી છેલ્લાં ૧૦ વર્ષથી હાટડી ખોલી હતી. આ બોગસ ડોક્ટર ભેસ્તાન અને ઉન વિસ્તારમાં રહેતા ગરીબ શ્રમિકોના આરોગ્ય સાથે ચેડાં કરીને લૂંટફાટ મચાવતો હતો. જોકે, બાળકીના મોત બાદ પરિવારજનોએ સમગ્ર ઘટના અંગે પોલીસને માહિતગાર કર્યા હતા.

# જૂની પેન્શન યોજના અંગે ઠરાવ ન થતાં હવે ૧૬મીએ આંદોલન શરૂ કરાશે

## શૈક્ષિક મહાસંઘ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે મહાઆંદોલન કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૧

જૂની પેન્શન યોજના મુદ્દે શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ મહાઆંદોલન કરવામાં આવશે. તાજેતરમાં મહાસંઘની કારોબારીમાં આંદોલન કરવાનું નક્કી કરાયું હતું. ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનારા આ મહાઆંદોલનના દિવસે જ આગળના આંદોલનની રણનિતી પણ ઘડવાનું નક્કી કરાયું છે. શૈક્ષિક મહાસંઘ દ્વારા એક માસ પહેલા સરકારને ઠરાવ મુદ્દે રજૂઆત કરી હતી. રજૂઆત વખતે ઠરાવ બહાર પાડવા એક માસનો સમય અપાયો હતો. પરંતુ હજુ સુધી ઠરાવ બહાર પાડવામાં ન આવતા હવે આંદોલન કરાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની તાજેતરમાં કારોબારી બેઠક મળી હતી. જેમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ દ્વારા તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા, તારીખ ૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલા તથા સમાધાન મુજબ ઠરાવ બહાર પાડવા, એન.પી.એસ. વાળા કર્મચારીઓને ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર, ૐ્છ્ના બદલીના નિયમો સંગઠનની માંગ અનુસાર બહાર પાડવા, વિદ્યાર્થી હિતમાં શિક્ષકોની પૂરા મંજૂર મહેકમ અનુસાર કાયમી ભરતી સહિતના મુદ્દે યોગ્ય રજૂઆત કરી ઉકેલ લાવવાની તૈયારી દર્શાવી હતી. રાજ્ય કારોબારીની આ બેઠકમાં તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા, સરકાર સાથે થયેલ સમાધાન મુજબ તારીખ ૧-૪-૨૦૦૫ પહેલા નિમણુંક પામેલા શિક્ષક કર્મચારીઓને ઠરાવ બહાર ન પાડતા તથા અન્ય પડતર પ્રશ્ન ન ઉકેલાતા આગામી ૧૬ ઓગસ્ટના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મહાઆંદોલન કરવામાં આવશે. ૧૬ ઓગસ્ટના રોજ ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે ૧૧ વાગ્યે મોટી સંખ્યામાં શિક્ષકોને એકત્ર કરી જૂની પેન્શન યોજના મુદ્દે આંદોલનનું રણશિંગુ ફુંકવામાં આવશે. આ આંદોલનના દિવસે જ ત્યારબાદના આંદોલનના વિવિધ ચરણ નક્કી કરવામાં આવશે.

### ડેમના નવ દરવાજા ખોલવામાં આવ્યા

# નર્મદા નદીમાં ૧,૩૫,૦૦૦ ક્યુસેક પાણી છોડાયું : કાંઠાના ગામને એલર્ટ કરાયા

### ઉકાઈ ડેમનાં પણ ૬ દરવાજા ૪ ફૂટ ખોલાયા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા,તા.૧૧

ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી રવિવારે ૯ દરવાજા ૧.૫૦ મીટર ખોલવામાં આવ્યા. જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૯૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. વધુમાં નદી તળ વિદ્યુત મથક (R.B.P.H) ના ૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૧,૩૫,૦૦૦ (૯૦,૦૦૦ + ૪૫,૦૦૦) ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ન થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર, નર્મદા-રાજપીપળાએ જણાવ્યું છે. અસરગ્રસ્ત કરતા નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા, રાજપીપળા, ઓરી,નવાપુરા, ધમણાચા, ધાનપોર, ભચરવાડા, હજરપુરા, શહેરાવ, વરાછા, પોઈચા, રૂંઢ ગામો. અને ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી, અંકલેશ્વર, સુરજવડ, ગોરા,



ગરૂડેશ્વર, ગંભીરપુરા, વાંસલા. તેમજ તિલકવાડા તાલુકાના વાસણ, તિલકવાડા, વડીયા, વિરપુર, રેંગણ ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે. તંત્રએ આપત્તિના સમયે ૧૦૭૭ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતા નર્મદા ડેમના નવ દરવાજા ખોલવામાં આવ્યા છે. ૯૦ હજાર ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડાયુ છે. સીઝનમાં પ્રથમવાર ડેમની સપાટી ૧૩૫ મીટર પર પહોંચી છે. ડેમ મહત્તમ સપાટીથી માત્ર ચાર મીટર દૂર છે. નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમમાંથી પાણી છોડાતા વડોદરાના નર્મદા નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે. શિનોર તાલુકાના ૧૧ અને કરજણ તાલુકાના ૧૩ ગામના લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. નદીના પટમાં ન જવા માટે લોકોને સૂચના અપાઈ છે. નર્મદા ડેમના ટોટલ ૯ ગેટ ૧.૫૦ મીટર સુધી ખોલાયા છે.નર્મદા ડેમમાંથી આ સિઝનમાં પ્રથમવાર ૧ લાખ ૩૫ હજાર ક્યૂસેક પાણી છોડાયું. ડેમની જળસપાટી ૧૩૫ મીટર પર પહોંચી છે. હાલ ૨ લાખ ૬૬ હજાર ક્યૂસેક પાણીની આવક છે. નવ દરવાજા ખોલી પાણી છોડાતા નદી કાંઠાના ગામ એલર્ટ પર છે. રાજ્યભરમાં આજે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે તો દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં મધ્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના ડેમની સ્થિતિ પર નજર કરીએ તો રાજયના કુલ ૨૦૭માંથી પૈકી ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. સૌરાષ્ટ્રના ૧૪૧માંથી પૈકી ૩૫ઓવરફ્લો થયા છે. તો કચ્છના ૨૦ પૈકી ૬ અને દક્ષિણ

### તંત્રએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

ગુજરાતના ૧૩ પૈકી ૬ જળાશયો છલોછલ થયા છે. તાપીનાં ઉકાઈ ડેમના ગેટ ઓપરેશનની કાર્યવાહીમાં વધારો કરાયો છે. ડેમના ૬ દરવાજાઓ ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યાં છે. ડેમના ઉપરવાસમાં પાણીની આવકમાં સતત વધારો થતાં ડેમની જળ સપાટી રુલ લેવલની નજીક પહોંચી છે. ઉકાઈ ડેમમાં ૬૦,૫૧૦ ક્યુસેક પાણીની આવક બપોરે ૨ કલાકે નોંધાઈ છે. ડેમની જળસપાટી હાલ ૩૩૪.૯૦ ફૂટ પર પહોંચી છે. ત્યારે ડેમનું રૂલ લેવલ ૩૩૫ ફૂટ જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટની છે. ઉકાઈ ડેમની સપાટી રૂલ લેવલ નજીક પહોંચતા ડેમનું રૂલ લેવલ મેટેનન કરવા ડેમના અધિકારી દ્વારા હાઈડ્રો, કેનાલ અને ડેમનાં ગેટ ખોલી ૬૦,૫૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું ત્યારે ડેમના હાઈડ્રો પાવર સ્ટેશન મારફતે ૧૬,૮૮૭ ક્યુસેક અને કેનાલ દ્વારા ૬૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સવારે ૧૦ કલાકે ડેમનાં ૬ ગેટ ૪ ફુટ ખોલી ૪૨,૯૯૬ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈ ડેમમાંથી કુલ ૬૦,૫૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા તાપી નદીની આસપાસના ગામોને એલર્ટ કરાયા છે.

### રાજ્યમાં નશાનો કારોબાર યથાવત્

# વિદેશથી પોસ્ટ દ્વારા અમદાવાદ મંગાવાયેલા ડ્રગ્સના ૩૭ પાર્સલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

રાજયમાં ડ્રગ્સનો કારોબાર સતત વધી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી દરરોજ ડ્રગ્સ ઝડપાવવાની ઘટનાઓ સામે આવી રહી છે. કરોડોના જથ્થાઓ પકડાય છે. ત્યારે અમદાવાદમાં વિદેશથી પોસ્ટ દ્વારા મંગાવવામાં આવેલ હાઈબ્રીડ ગાંજો ઝડપાયો છે. ફોરેન પોર્ટ ઓફિસમાંથી પણ ડ્રગ્સ સપ્લાય કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ શહેરમાં ફરી એક વખત ડ્રગ્સ ઝડપાયુ છે. અમદાવાદની ફોરેન પોસ્ટ ઓફિસમાંથી ડ્રગ્સ ઝડપાયું હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમે ડ્રગ્સના ૩૭ પાર્સલ જપ્ત

### પાર્સલ જુદા-જુદા જિલ્લામાં જવાના હતા

કર્યા છે અને પોસ્ટ દ્વારા મંગાવાયેલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે.

પોલીસ અને અન્ય કોઈ એજન્સીને શંકા ન જાય તે માટે આ તમામ પાર્સલ અલગ અલગ દેશમાંથી મગાવવામાં આવ્યા હતા અને આ પાર્સલ રાજયના અલગ અલગ જિલ્લાઓમાં જવાના હતા.

યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સની બદીને જડમૂળમાંથી ડામવા માટે પોલીસ હવે નાના નાના ડ્રગ્સ સપ્લાયર અને પેડલરોને પણ ઝડપી રહી છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસ અને અન્ય એજન્સીઓ સક્રિય બની એક બાદ એક રેડની કાર્યવાહી કરી રહી છે. તેવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શનિવારે એમડી ડ્રગ્સના જથ્થા સાથે અનીશ મોતિવાલા, મોહમંદ આરીફ શેખ અને ફૈસલ કકુવાલા નામના ત્રણ ડ્રગ્સ સપ્લાયર અને પેડલરની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પોલીસે કુલ ૧૪.૩૩ લાખની કિંમતનું ૧૪૩.૩૩૦ ગ્રામ એમડી ડ્રગ્સ પણ મળી આવ્યું હતું.

આજે પણ અમદાવાદ એસઓજીએ દરિયાપુર વિસ્તારમાં ૧૬ ગ્રામથી વધુના ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ કરી છે, આરોપીને ડ્રગ્સ આપનાર દરિયાપુરનો યુવક ફરાર થઈ ગયો છે, પોલીસે બાતમીના આધારે આરોપીની ધરપકડ કરી છે. આ ડ્રગ્સની કિંમત ૧.૬૨ લાખ થાય છે, ૧૬ ગ્રામ ૨૫૦ મિલિગ્રામ એમડી ડ્રગ્સ ઝડપાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડ્રગ્સને લઈ ગુજરાત પોલીસની ઝુંબેશ ચાલી રહી છે. અલગ-અલગ જિલ્લાઓમાંથી ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે, કચ્છના ક્રીક વિસ્તારમાં સૌથી વધુ બિનવારસી હાલતમાં ડ્રગ્સના પેકેટ મળી આવે છે, તો બીજા નંબરે સુરતમાં સૌથી વધુ ડ્રગ્સ ઝડપાઈ રહ્યુ છે, પોલીસની આ ઝુંબેશથી ડ્રગ્સ સપ્લાયરોમાં ફફડાટ ફેલાયો છે.

# રાજ્યમાં સાર્વત્રિક વરસાદી માહોલ વચ્ચે ૮ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી

### રાજ્યમાં સિઝનનો ૬૯.૬૪ ટકા વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૧૧

હવમાન વિભાગની આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી વચ્ચે રવિવારે સવારથી જ અનેક સ્થળોએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ધીમી ધારે અનેક સ્થળોએ સતત વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં જોરદાર ઠંડક પ્રસરી ગઈ છે. બીજી તરફ હવામાન ખાતાએ આગામી એક સપ્તાહ માટે વરસાદની આગાહી કરી છે જેમાં આજે ૮ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, આણંદ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુરમાં ભારેથી મધ્યમ વરસાદ પડી શકે છે જયારે અન્ય જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે અને તેની સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે આખા ગુજરાતમાં છૂટાછવાયાં સ્થળોએ મેઘગર્જના સાથે હળવો વરસાદ થશે. ઉત્તર દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટછવાયો હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. મધ્ય પ્રદેશમાં ઉપરવાસમાં વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદા નદીમાં પાણી આવ્યા છે.

આજે ગુજરાતમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં મધ્યમ વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત આવનારા દિવસોમાં ગુજરાતમાં વરસાદનું જોર ઓછું થઈ શકે છે. હવે બધાની નજર સરદાર

### ૪૭ ડેમ સંપૂર્ણ ભરાયા, ૬૨ ડેમ હાઈ એલર્ટ પર

સરોવર ડેમ પર છે. અત્યારે ગુજરાતના ડેમની સ્થિતિ પર નજર નાખવામાં આવે તો રાજ્યના કુલ ૨૦૭માંથી પૈકી ૪૭ ડેમ સંપૂર્ણ છલકાઈ ગયા છે. સૌરાષ્ટ્રના ૧૪૧માંથી પૈકી ૩૫ ઓવરફ્લો થયા છે. કચ્છના ૨૦ પૈકી ૭ ડેમ અને દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૭ જળાશયો છલોછલ થઈ ગયા છે. રાજ્યના જળાશયોમાં હાલમાં ૬૮.૧૩ ટકા જળસંગ્રહ છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં કુલ ૫૩.૧૨ ટકા, કચ્છના ૨૦ ડેમોમાં કુલ ૫૧.૭૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે. દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં કુલ ૭૪.૯૬ ટકા પાણીનો સંગ્રહ થયો છે. મધ્ય ગુજરાતના ૧૭ જળાયોમાં ૪૮.૨૬ ટકા અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૪૧ ટકા પાણીનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે. પાણીની સપાટી વધવાના કારણે ગુજરાતના ૮૮ ડેમને અલગ અલગ પ્રકારના એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ૯૦ ટકા સુધી ભરાઈ ગયેલા ૬૨ ડેમ હાઈ એલર્ટ પર છે, ૮૦થી ૯૦ ટકા ભરાયેલા ૧૫ ડેમ એલર્ટ પર છે અને ૭૦થી ૮૦ ટકા ભરાયેલા ૧૧ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો ૬૯.૬૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તેમાં કચ્છમાં ૮૭.૧૭ ટકા વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૮૩.૧૭ ટકા વરસાદ પડી ગયો છે. સૌરાષ્ટ્રમાં ૭૮ ટકા, ઉત્તર ગુજરાતમાં માત્ર બાવન ટકા વરસાદ પડ્યો છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS